પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૩-૧૦-૨૦૨૬-મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૫૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# ક્રૂડતેલનું ગંભીર સંકટ સર્જાવાની જાપાનની ચેતવણી

## મધ્યપૂર્વ સંકટ વચ્ચે જાપાને રેડ બટન દબાવ્યું, પૂરા એશિયામાં ક્રૂડ તેલની આફત તોળાય રહ્યાનો દાવો

નવી દિલ્હી, તા. ૧૩

મધ્યપૂર્વમાં યુધ્ધ, દરિયાઇ પરિવહનમાં મોટો હિસ્સો ધરાવતા હોર્મુઝ સ્ટ્રેટમાં સંકટ સહિતના કારણોસર કેટલાંક વખતથી ક્રૂડતેલના ભાવોમાં જોરદાર તેજી છે જ્યારે હવે જાપાને 'રેડ બટન' દબાવ્યુ છે અને આવતા દિવસોમાં મોટુ સંકટ સર્જાવાની ચેતવણી આપી છે.

જાપાને એવી ચેતવણી ઉચ્ચારી છે કે, 'ક્રૂડની ટાંકી તથા ઈમરજન્સી ટાંકી તાત્કાલીક ફૂલ કરાવી લ્યો કારણ કે આવનારો સમય ઘણો ભયાનક હોઇ શકે છે' પશ્ચિમ એશિયાના જંગની આગ હવે આખી દુનિયાના રસોડાના ગેસથી માંડીને વાહનોની ટાંકીઓ પર ભારે પડવાની છે. એશિયન દેશો પર ભયાનક ઈંધણ સંકટ સર્જાઇ શકે છે જેને કલ્પના પણ થઇ નથી. ઈમરજન્સી સ્ટોક નહીં હોય તો પેટ્રોલ-ડિઝલ પુરા દેશને ડુબાડી દેશે.હોર્મુઝ સ્ટ્રેટ બંધ હોવાના કારણોસર દુનિયાભરને પેટ્રોલ-ડિઝલના પરિવહનમાં મુશ્કેલી થઇ જ રહી છે અને તેને કારણે ભાવમાં પણ વધઘટ છે. એશિયન દેશો મોટાભાગે આયાત પર નિર્ભર છે. થોડા દિવસ માટે પણ સપ્લાય બંધ રહે તો પણ પુરવઠો ખોરવાઇ શકે છે. એટલે ઈમરજન્સી સ્ટોક કરવા ચેતવણી આપવામાં આવી છે.આંતરરાષ્ટ્રીય ઉર્જા મંચની વર્ચ્યુઅલ બેઠકમાં જાપાનના વ્યાપાર મંત્રી અકાજાવાએ એશિયાના તમામ દેશોને ક્રૂડનો પર્યાપ્ત સ્ટોક ઉભો કરવાની સલાહ આપી હતી. મધ્ય પૂર્વના તેલ ઉત્પાદક દેશો તથા આયાતકાર દેશો વચ્ચે એક મજબુત કડી ઉભી કરવાનું સૂચન કર્યું હતું અને આ માટે જાપાન મધ્યસ્થી પૂલ તરીકે ભૂમિકા ભજવવા તૈયાર હોવાનો પ્રસ્તાવ રજુ કર્યો હતો. તેઓએ એમ કહ્યું કે, વૈશ્વિક સ્તરે સૌ પ્રથમ પ્રાથમિકતા ઉર્જા સુરક્ષાને મજબુત કરવાની છે. પર્યાવરણ જાળવણી ગ્રીન એનર્જી, કાર્બન ઉત્સર્જન ઘટાડવા જેવા અભિયાન કરતા પણ આ વધુ મહત્વનું છે કારણ કે કારખાના ચલાવવા કે વાહનો દોડાવવા ઈંધણ જ નહીં હોય તો અન્ય તમામ અભિયાન બેકાર બની જશે.

ઈરાન-અમેરિકા યુધ્ધ તથા રાજકીય ઉથલપાથલને કારણે સમગ્ર દેશમાં સપ્લાય ચેઈન મોટાપ્રમાણમાં પ્રભાવિત છે. જાપાન જેવા દેશો પાસે ખાસ કુદરતી સ્ત્રોત નથી એટલે તેની હાલત વધુ ખરાબ છે. જાપાનની ૯૦ ટકા ક્રૂડ આયાત મધ્યપૂર્વના દેશોમાંથી કરે છે. મધ્યપૂર્વ સંકટ દુર ન થાય તો સમગ્ર એશિયાની સપ્લાયને મોટો ફટકો પડી શકે છે.જાપાન ઉપરાંત ભારત, ચીન, દક્ષિણ કોરિયાની હાલત પણ વધુ ખરાબ થઇ શકે કારણ કે આ દેશો પણ આયાત પર નિર્ભર છે અને આ જ કારણોસર જાપાન દ્વારા ચેતવણી ઉચ્ચારવામાં આવી છે.ગ્લોબલ ડીપ્લોમસીમાં હાલ ઉર્જા સુરક્ષા મોટો મુદ્દો બન્યો છે. જાપાનના નેતૃત્વ હેઠળની એશિયા ઝીરો એમિશન કોમ્યુનીટીએ વ્યૂહાત્મક પ્રાથમિકતા પણ બદલી નાખી છે. સંગઠન અત્યાર સુધી ગ્રીન એનર્જી, કાર્બન ઉત્સર્જનનું અભિયાન ચલાવતું હતું પરંતુ હવે ફોક્સ ક્રૂડ સપ્લાય પર કેન્દ્રીત કરાયું છે.

### ચીન પાસે સૌથી મોટો સ્ટોક

પુરી દુનિયા ક્રૂડનો આંચકો સહન કરી જ રહી છે ત્યારે એક રીપોર્ટ મુજબ ચીન પાસે ક્રૂડનો સૌથી મોટો અનામત ભંડાર છે. ચીને ૧.૩૯ અબજ બેરલ ક્રૂડનો સ્ટોક રાખ્યો છે. બીજાક્રમે રહેલા અમેરિકા પાસે ૪૧૩ મીલીયન બેરલ ક્રૂડનો અનામત સ્ટોક છે. જાપાન ૨૬૩ મીલીયન બેરલના ક્રૂડ સ્ટોક સાથે ત્રીજા સ્થાને છે.



**પ્રથમ દિવસથી નવરાત્રી મહોત્સવે ભારે રંગત જમાવી છે. નવરાત્રી મહોત્સવ દરમિયાન એ.કે. રોડ ખાતે આવેલા ઉમીયા ધામ મંદિર સંકુલના ગ્રાઉન્ડ પર માથા પર ગરબો મૂકીને ગરબો ઘૂમતી મહિલાઓ તસ્વીરમાં નજરે પડે છે.**

# આંધ્ર પ્રદેશમાં ઈલેક્ટ્રીક કાર સળગી ઉઠતા ચાર લોકો ભડથુ

### એકાએક દોડતી કારમાં આગ લાગતા અંદર ભેઠેલા લોકો બહાર નિકળી શકયા નહીં

નવી દિલ્હી, તા. ૧૩

આંધ્રપ્રદેશના વિજયવાડા વેસ્ટ બાયપાસ પર એક કમકમાટીભર્યો માર્ગ અકસ્માત થયો છે. અહીં દોડતી ઈલેક્ટ્રિક કારમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં કારમાં સવાર ૪ લોકો જીવતા બળીને ભૂંજાઈ ગયા છે. આ દુર્ઘટનામાં ૧ વ્યક્તિ ગંભીર રીતે દાઝી જતાં તેને સારવાર અર્થે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.



પ્રાથમિક તપાસમાં સામે આવેલી માહિતી મુજબ, કારમાં સવાર તમામ લોકો ગુંટુરના નંબુ ખાતે એક સામાજિક પ્રસંગમાં હાજરી આપીને પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. તેમની કાર જ્યારે વિજયવાડા વેસ્ટ બાયપાસ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક ગાડીમાં ધુમાડા સાથે આગ ભભૂકી ઊઠી હતી.કારમાં આગ એટલી ઝડપથી પ્રસરી ગઈ કે અંદર બેઠેલા મુસાફરોને દરવાજા ખોલીને બહાર નીકળવાની તક પણ મળી શકી નહીં. તમામ લોકો અંદર જ ફસાઈ ગયા હતા, જેના કારણે ઘટનાસ્થળે જ ૪ લોકોના દર્દનાક મોત નીપજ્યા હતા.આ કરૂણ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોની ઓળખ નુન્ના ગામના રહેવાસી કોમારેડ્ડી રામદેવ (૩૯), તેમની માતા કોમારેડ્ડી અણા, એક માસૂમ બાળક તેમજ નંબુના રહેવાસી ટિગુ વિજયા તરીકે થઈ છે.ઈલેક્ટ્રિક કારમાં આગ કયા સંજોગોમાં લાગી તે અંગેનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી.વાહનની બેટરી સિસ્ટમમાં શોર્ટ સર્કિટના કારણે બ્લાસ્ટ થયો કે પછી અન્ય કોઈ ટેકનિકલ ખામી હતી, તે એફએસએલ અને ટેકનિકલ તપાસ બાદ જ સામે આવશે. હાલ પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને વધુ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# જંતર-મંતર ખાતેથી સૌરવ દાસ, આશુતોષ રાંકાની અટક

### વિરોધ પ્રદર્શન માટે જંતર-મંતરને બાકાત કરી દેવાયા બાદ પોલીસ દ્વારા પ્રતિબંધ લાગુ કરાયો: સીજેપીના નેતાઓ તતા કાર્યકરોને પોલીસ ઉઠાવી લઈ ગઈ

નવી દિલ્હી, તા. ૧૩

દિલ્હી પોલીસે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતા સૌરવ દાસ અને આશુતોષ રાંકાની અટકાયત કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેઓ પોતાના કેટલાક સાથીઓ સાથે દિલ્હીના જંતર-મંતર પહોંચ્યા હતા.

ખરેખરમાં, હવે જંતર-મંતર પર પ્રદર્શન કરી શકાશે નહીં. કેન્દ્ર સરકારે સોમવારે તેને નિર્ધારિત પ્રદર્શન સ્થળોની યાદીમાંથી હટાવી દીધું હતું.

ગૃહ મંત્રાલય દ્વારા બનાવવામાં આવેલી સમિતિની ભલામણ પર દિલ્હીના રામલીલા મેદાન, બુરાડી ગ્રાઉન્ડ અને પૂર્વી દિલ્હીના ઝમ્ઢ ગ્રાઉન્ડને પ્રદર્શન સ્થળ બનાવવામાં આવ્યા છે. આ વર્ષે રામલીલા મેદાન માત્ર ૨૯થી ૩૧ ડિસેમ્બર સુધી જ ખાલી છે.આ પહેલાં ૧૦ ઑક્ટોબરે પાર્ટીના પ્રદર્શન દરમિયાન કૉકરોચ જનતા પાર્ટીના નેતાઓની ફ્લાઈટમાંથી અટકાયત કરવામાં આવી હતી.કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતાઓ સોમવારે દિલ્હીના સંસદ માર્ગ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. તેમણે પોલીસને જંતર-મંતર પર પ્રદર્શન માટે તારીખ અને સમય નક્કી કરવા કહ્યું હતું. પાર્ટીએ ૨૪ કલાકની અંદર જવાબ આપવાની માંગ કરી હતી.સૌરવ દાસે કહ્યું હતું કે શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરવું દરેક નાગરિકનો અધિકાર છે અને પોલીસે તેમાં કોઈ રોકટોક કરવી જોઈએ નહીં. બીજી તરફ, આશુતોષ રાંકાએ કહ્યું હતું કે જો ૨૪ કલાકમાં જવાબ નહીં મળે, તો પાર્ટી આગામી આંદોલનની તારીખ જાહેર કરશે.

જોકે, તેના થોડા સમય બાદ દિલ્હી પોલીસે જંતર-મંતરને નિર્ધારિત પ્રદર્શન સ્થળોની યાદીમાંથી હટાવી દીધું હતું. ગૃહ મંત્રાલય દ્વારા બનાવાયેલી સમિતિની ભલામણ પર દિલ્હીના રામલીલા મેદાન, બુરાડી ગ્રાઉન્ડ અને પૂર્વ દિલ્હીનું ઝમ્ઢ ગ્રાઉન્ડ પ્રદર્શન સ્થળ બનાવવામાં આવ્યા.દિલ્હીના જંતર-મંતર પર હવે પ્રદર્શન કરી શકાશે નહીં. કેન્દ્ર સરકારે તેને નિર્ધારિત પ્રદર્શન સ્થળોની યાદીમાંથી હટાવી દીધું છે. ગૃહ મંત્રાલય દ્વારા એક સમિતિની રચના કરવામાં આવી હતી. તેની ભલામણના આધાર

અનુસંધાન પાના ૭ પર

# રાહુલ ગંધીએ લંચ માટે ફરી વિપક્ષી દળોને આમંત્રણ આપ્યું

### મોડી બપોર દિલ્હીમાં વિપક્ષી દળોનું વધુ એક વિરોધ પ્રદર્શન

નવી દિલ્હી, તા. ૧૩

ચુંટણીપંચ સામેના આંદોલનમાં એક તરફ આજે ફરી વિપક્ષની લંચ બેઠક બોલાવતા હવે તેઓનું નવું આક્રમણ શું હશે તે સસ્પેન્સ શરૂ થયુ છે તો બીજી બાજુ સરકારે હવે જંતર મંતરને ધરણા પ્રદર્શન સ્થળમાંથી બાકાત કરી દીધુ હોવા છતાં અને સેકડો પોલીસના ખડકલો હોવા છતાં કોકરોચ જનતા પાર્ટીના નેતા સૌરવ દાસ તથા આશુતોષ રાંકા તેમના ટેકેદારો સાથે જંતર મંતર પર આંદોલન કરવા પહોંચવાની કોશીશ કરતા જ તેઓની અટકાયત કરવામાં આવી છે.

ગઈકાલે જ કોકરોચ જનતા પાર્ટીએ જંતર મંતર પર આંદોલન કરવા માટે મંજુરી સાથે ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપ્યુ હતું પણ હવે જંતર મંતર પર કોઈ ધરણા થઈ શકે નહી તે નિશ્ચિત થતા પોલીસે કોઈ

અનુસંધાન પાના ૭ પર

# વિપક્ષી દળોએ સુપ્રિમ કોર્ટમાં કરેલી અરજીમાં ૧૪ ગંભીર ભૂલ

### રજીસ્ટ્રીએ આઈડી કાર્ડથી લઈને કોર્ટ ફી સુધીની ભૂલો દર્શાવી

નવી દિલ્હી, તા. ૧૩

સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રીએ રાહુલ ગાંધી, અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ સહિત ૧૧ વિપક્ષી નેતાઓ તરફથી દાખલ કરવામાં આવેલી અરજીમાં લગભગ ૧૪ ખામીઓ દર્શાવી છે. આ અરજી મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)માં મોટા પાયે નામો હટાવવા અને ગેરરીતિઓના આરોપો સાથે સંબંધિત છે.

સમાચાર એજન્સી અનુસાર, રજિસ્ટ્રીએ અરજી દાખલ કરનાર વકીલ પાસેથી કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના આઈડી કાર્ડની સ્પષ્ટ નકલ માંગી છે. સાથે જ જણાવ્યું કે રજૂ કરાયેલા દસ્તાવેજોના કેટલાક પાના વાંચી શકાય તેવા નથી. કેટલાક પાના ગુમ છે. કોર્ટ ફી પણ ૨૨૦ રૂપિયા ઓછી જમા કરવામાં આવી છે.

૧૨ ઑક્ટોબરે દાખલ કરવામાં આવેલી અરજીમાં ભારતના ચૂંટણી પંચ, મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર અને અન્ય ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ તથા વિવેક જોશીને પક્ષકાર બનાવવામાં આવ્યા છે.

અનુસંધાન પાના ૭ પર

# તા.૧૫ મીથી યુપીઆઈ પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ લાગશે

### ટ્રાન્જેક્શન પર મહત્તમ રૂ. ૩૦૦નો ચાર્જ લાગશે

નવી દિલ્હી, તા. ૧૩

UPI થી પેમેન્ટ કરનારાઓ માટે ૧૫ ઓક્ટોબર ૨૦૨૬ થી બદલાવ થઈ શકે છે, જોકે આ તારીખ આગળ પણ વધી શકે છે. આના અંતર્ગત ૨,૦૦૦ થી વધુના ચોક્કસ પર્સન-ટુ-મર્ચન્ટ (P2M) ટ્રાન્ઝેક્શન પર ૦.૪ ટકા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાગશે.આ શુલ્ક પર ૧૮ ટકા જીએસટી પણ લાગશે. MDR ૦.૪ ટકા રહેશે, પરંતુ ૭૫,૦૦૦ કે તેથી વધુના ટ્રાન્ઝેક્શન પર તેની મહત્તમ મર્યાદા ૩૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે. જોકે, આ ખર્ચ વેપારીએ (મર્ચન્ટે) ઉઠાવવાનો રહેશે, ગ્રાહકે નહીં.નાના દુકાનદારો અને રેકડીઓવાળા માટે ૬૨ખ કેટેગરીમાં ઝીરો સ્હ્રઇ ની જોગવાઈ છે. આમાં મહિનામાં UPI થી ૧ લાખ સુધીનું કલેક્શન કરનારા નાના વેપારીઓ સામેલ છે.માત્ર ૨,૦૦૦ થી વધુનું એક પેમેન્ટ મળવાથી તેમનાં પર MDR લાગું થશે નહીં. જોકે, જો તેમનાં ખાતામાં UPI કલેક્શન સતત ત્રણ મહિના સુધી ૧ લાખથી વધારે રહે છે, તો તેમને ૨સ્કેટેગરીમાં ટ્રાન્સફર કરી શકાય છે.વીમા, પેટ્રોલ, રેલવે અને ટેલિકોમ જેવી સેવાઓમાં ૨,૦૦૦ થી વધુના પેમેન્ટ પર ૫ રૂપિયા ફ્લેટ MDR નક્કી છે. વીજળી, પાણી

અનુસંધાન પાના ૭ પર

# મુસ્લિમ બહુમતી ધરાવતા અઝરબૈજાનની શાળાઓમાં હિજાબ પર પ્રતિબંધ લાગુ

### સરકારે ડ્રેસ કોડ બદલતા વિદ્યાર્થીનીઓએ વર્ગોનો બહિષ્કાર કર્યો

નવી દિલ્હી, તા. ૧૩

મુસ્લિમ બહુમતી ધરાવતા દેશ અઝરબૈજાનમાં શાળાઓમાં હિજાબ પહેરવા અંગે વિવાદ શરૂ થયો છે. દેશની લગભગ ૯૬% વસ્તી મુસ્લિમ છે, પરંતુ સરકારે સરકારી શાળાઓના ડ્રેસ કોડમાં ફેરફાર કર્યો છે.

નવા નિયમો હેઠળ એવા કપડાં પહેરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જેને સરકાર ધર્મનિરપેક્ષતાની વિરુદ્ધ માને છે.

આ પછી હિજાબ પહેરીને શાળાએ પહોંચેલી કેટલીક વિદ્યાર્થિનીઓ અને શિક્ષકોને વર્ગખંડોમાં જવાથી રોકવામાં આવ્યા હતા. નિર્ણયના વિરોધમાં વિદ્યાર્થિનીઓએ વર્ગોનો બહિષ્કાર કર્યો અને વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ગયા છે.

અઝરબૈજાનની આશરે ૯૬% વસ્તી પોતાને મુસ્લિમ માને છે. તેમાંના મોટા ભાગના શિયા મુસ્લિમ છે, જ્યારે સુન્ની મુસ્લિમોની સંખ્યા પણ નોંધપાત્ર છે.

આ છતાં અઝરબૈજાનનું બંધારણ દેશને ધર્મનિરપેક્ષ ગણાવે છે. તેનો અર્થ એ છે કે સરકાર કોઈ એક ધર્મના આધારે કામ કરતી નથી. બંધારણ લોકોને પોતાના ધર્મનું પાલન કરવાની સ્વતંત્રતા પણ આપે છે.

આ જ કારણ છે કે શાળાઓમાં હિજાબને લઈને વિવાદ વધ્યો છે. સરકાર ડ્રેસ કોડ તમામ વિદ્યાર્થીઓ પર સમાન રીતે લાગુ કરવા માગે છે, જ્યારે વિરોધ કરનારાઓનું કહેવું છે કે હિજાબ પહેરવો એ વ્યક્તિગત પસંદગી અને ધાર્મિક આસ્થાનો વિષય છે.

નવા નિયમોના વિરોધમાં અઝરબૈજાનમાં વિરોધ શરૂ થઈ ગયો

અનુસંધાન પાના ૭ પર

# ફ્રાન્સમાં સાયબર હુમલામાં ફ્રીઝનું તાપમાન ૫૦ ડીગ્રી થયું

### ફ્રિજ અને ફ્રીઝરમાં રાખેલા ખોરાક બગડયો અને અનેક સ્થળે આગ

નવી દિલ્હી, તા. ૧૩

ફ્રાન્સમાં સેંકડો સુપરમાર્કેટ્સની રેફ્રિજરેશન સિસ્ટમ પર સોમવારે મોટો સાયબર હુમલો થયો. તેના કારણે ૪૮૦થી વધુ દુકાનોના ફ્રિજ અને ફ્રીઝરનું તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું.

ફ્રાંસીસી મીડિયા અહેવાલો અનુસાર, હેકરોએ અનેક સ્ટોર્સની રેફ્રિજરેશન સિસ્ટમને દૂરથી જબરદસ્તી ડિફ્રોસ્ટિંગ મોડમાં મૂકી દીધી.

તેના કારણે તાજું અને ફ્રોઝન ખોરાક બગડી ગયો. અનેક સ્ટોર્સમાં આગ પણ લાગી. ફ્રાન્સની મોટી રિટેલ કંપનીઓએ આને અત્યાર સુધીનો આ પ્રકારનો પ્રથમ અને અત્યંત ગંભીર હુમલો ગણાવ્યો.ફ્રાન્સના વડાપ્રધાન સેબાસ્ટિયન લેકોર્નૂએ નેશનલ સાયબર સિક્યોરિટી એજન્સી છદ્વજીજૈંને તપાસના આદેશ આપ્યા છે. ફ્રાન્સ અન્ય યુરોપિયન દેશો સાથે મળીને એ પણ તપાસ કરી રહ્યું છે કે ત્યાંની અન્ય કંપનીઓ પણ પ્રભાવિત થઈ છે કે નહીં.પેરિસ પ્રોસિક્યુટર ઓફિસે તેને મોટા પાયાનો હુમલો ગણાવ્યો. ઓફિસના જણાવ્યા મુજબ, સમગ્ર ફ્રાન્સમાં ઘણા મોટા ફૂડ રિટેલર્સના ઈન્ટરનેટ સાથે જોડાયેલા ફ્રિજોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

અનુસંધાન પાના ૭ પર

# ઈથિયોપિયન કાર્ગો વિમાનને લેન્ડ કરવા ઈઝરાયેલે ના પાડી

### ઈન્ડોનેશિયન પાઈલટને કારણે વિમાન ઈઝરાયલમાં ઉતરી શક્યું નહીં

નવી દિલ્હી, તા. ૧૩

ઈથિઓપિયન એરલાઈન્સના એક કાર્ગો વિમાનને ઇઝરાયલમાં ઉતરવાની મંજૂરી મળી નહોતી. ઈથિઓપિયાની રાજધાની અદિસ અબાબાથી આવેલું આ વિમાન અધવચ્ચેથી પાછું ફરવું પડ્યું. પાઈલટ ઈન્ડોનેશિયાનો નાગરિક હોવાને કારણે ઈઝરાયલે આ નિર્ણય લીધો.

ઈઝરાયલના ઈન્ડોનેશિયા સાથે રાજદ્વારી સંબંધો નથી. ઈઝરાયલી મીડિયા અહેવાલો મુજબ, આ ઘટના રવિવારે મોડી રાત્રે બની હતી. ત્યારબાદ વિમાનના પાઈલટને બદલીને બીજા પાઈલટને જવાબદારી સોંપવામાં આવી, જેને ઈઝરાયલમાં ઉતરવાની મંજૂરી હતી.

આ મામલો એવા સમયે સામે આવ્યો છે, જ્યારે દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની એક ફ્લાઈટમાં પાઈલટ પર થયેલા હુમલા બાદ ઈઝરાયલે વિદેશી એરલાઈન્સ માટે સુરક્ષા નિયમો કડક કર્યા છે.

નવા નિયમો હેઠળ, જે દેશોના ઈઝરાયલ સાથે રાજદ્વારી સંબંધો નથી, તેમના નાગરિકોને ઈઝરાયલ આવતી ફ્લાઈટ્સમાં પાઈલટ અથવા ક્રૂ મેમ્બર તરીકે મુસાફરી કરવાથી રોકવાની વાત કહેવામાં આવી છે.

ઈથિયોપિયન એરલાઈન્સની ફ્લાઈટમાં સવાર ક્રૂ સભ્યોની યાદી વિમાને અદીસ અબાબાથી ઉડાન ભર્યા બાદ ઈઝરાયલને મોકલવામાં આવી હતી. એટલે કે વિમાન રવાના થાય તે પહેલાં ઈઝરાયલને તેના ક્રૂની સંપૂર્ણ માહિતી મળી નહોતી.

ઉડાન ભરતી વખતે વિમાનમાં ઘણું ઈંધણ હતું. પાઈલટે અદીસ અબાબા પરત ફરવાનું હતું, તેથી વિમાનનું વજન ઘટાડવા માટે સમુદ્ર ઉપર ઈંધણ છોડવામાં આવ્યું.

અનુસંધાન પાના ૭ પર

# બિહાર વિકાસ પરિષદ દ્વારા સુરતમાં મા દુર્ગા પૂજા મહોત્સવ

## રાંદેર રામનગર ખાતે કળશ પૂજન દ્વારા મહોત્સવનો આરંભ

સુરત, તા.૧૩

બિહાર વિકાસ પરિષદ, સુરત દ્વારા આયોજિત મા દુર્ગા પૂજા મહોત્સવની શરૂઆત ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ અભિજિત મુહૂર્ત (શુભ સમય) દરમિયાન કળશ પૂજન (માટીના વાસણની પૂજા) અને અન્ય ધાર્મિક વિધિઓ સાથે થઈ હતી. આ ધાર્મિક ઉત્સવ ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી સિંધી સમાજ વાડી, વિજય ગાર્મેન્ટ્સ પાછળ, રામનગર, રાંદેર, સુરત ખાતે યોજાશે. ઉત્સવના ભાગ રૂપે, મા દુર્ગાની આરતી, પૂજા અને પ્રસાદ વિતરણ દરરોજ સવારે ૧૦:૦૦ વાગ્યે અને રાત્રે ૮:૩૦ વાગ્યે થશે. શહેરના પ્રતિષ્ઠિત મહેમાનો દરરોજ સાંજની આરતીમાં ભાગ લેશે, પ્રાર્થના કરશે અને આશીર્વાદ મેળવશે. ચમુખ્ય મહેમાનનું નામૃ આજે, ૧૨ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ સાંજની આરતીમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે. આ પ્રસંગે મા દુર્ગાની આરતી અને વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્સવ દરમિયાન ભક્તિમય ભજન સંધ્યા અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમો ભક્તોને ભક્તિ, શ્રદ્ધા અને સાંસ્કૃતિક પરંપરાઓ સાથે જોડાવાની તક પૂરી પાડશે. બિહાર વિકાસ પરિષદ (બિહાર વિકાસ



પરિષદ) સુરતના તમામ રહેવાસીઓ, ભક્તો અને ધાર્મિક નાગરિકોને માતા દુર્ગાના આશીર્વાદ મેળવવા અને આ ધાર્મિક ઉત્સવની સુંદરતા વધારવા માટે મોટી સંખ્યામાં હાજરી આપવા વિનંતી કરે છે.

# વારાણસીમાં CMPPR દ્વારા 'નમો બુક ફેસ્ટ-૨નું આયોજન

## દિલ્હીમાં થયેલા પ્રથમ સંસ્કરણ થી સુરત ની કીર્તિ સેતુ ફાઉન્ડેશન સહયોગી સંસ્થા રહી

સુરત, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મતવિસ્તાર વારાણસીમાં ભવ્ય "નમો બુક ફેસ્ટ"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ભારતમાંથી લોકો જોડાયા હતા. આ આયોજનમાં પ્રથમ સંસ્કરણ થી જ સહયોગી સંસ્થા તરીકે સુરતની કીર્તિસેતુ ફાઉન્ડેશન એ પોતાની મહત્વની ભૂમિકા ભજવી હતી.




વિકસિત ભારત ૨૦૪૭ એ કેવું હોવું જોઈએ અને કેવા પ્રકારની ટેકનોલોજી થશે તે બાબતે યુવાનો સાથે ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી જીતેન્દ્રસિંહ હાજર રહ્યા હતા. તેઓએ યુવાનોને છૈં અને સ્પેસ ટેકનોલોજી ના ભવિષ્યની દિશા બાબતે માહિતી આપી હતી. જેન ઝી વિચારોને લઈને પણ મહત્વની ચર્ચા કરાઈ જેના પર દ્રજીહ્ના ના જનરલ એડવાઈઝર યુવરાજ પોખરના એ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. વિકસિત ભારત બાબતની આ ચર્ચામાં મોટી સંખ્યામાં યુવાનો, વૈજ્ઞાનિકો વિશેષજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા અને હાલની ટેકનોલોજી કયા પ્રકારની છે અને આગામી સમયમાં શું નવું આવશે તેની માહિતી મેળવી હતી.

# પાલ સિલ્વર ક્રેસ્ટ એપાર્ટમેન્ટમાં શ્રી વિષ્ણુ યજ્ઞનું ભવ્ય આયોજન

## નવરાત્રિના પ્રથમ દિવસે ભક્તિમય વાતાવરણ



સુરત, તા.૧૩

નવરાત્રિના પાવન પર્વના પ્રથમ દિવસે પાલ ખાતે આવેલા સિલ્વર ક્રેસ્ટ અપાર્ટમેન્ટમાં શ્રી વિષ્ણુ યજ્ઞનું ભક્તિભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. અપાર્ટમેન્ટના રહીશોએ સામૂહિક રીતે જોડાઈને ધાર્મિક અને આધ્યાત્મિક વાતાવરણ વચ્ચે નવરાત્રિની શુભ શરૂઆત કરી હતી. અપાર્ટમેન્ટના પરિસરમાં વિશાળ મંડપ ઊભો કરવામાં આવ્યો હતો, જેને ગુલાબી-જાંબલી રંગના કાપડ તથા ગલગોટાના તોરણોથી સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. મધ્યમાં ભગવાન શ્રી વિષ્ણુની ભવ્ય પ્રતિમા તથા અન્ય દેવી-દેવતાઓના તસવીર સ્વરૂપો સ્થાપિત કરવામાં આવ્યા હતા. યજ્ઞકુંડની આસપાસ રંગબેરંગી રંગોળી દોરવામાં આવી હતી, જેણે સમગ્ર વાતાવરણને વધુ દિવ્ય બનાવ્યું હતું. વિદ્વાન બ્રાહ્મણોના મંત્રોચ્ચાર અને વૈદિક વિધિ સાથે યજ્ઞનો પ્રારંભ થયો હતો. યજમાન દંપતીઓ પરંપરાગત વેશભૂષામાં પુરુષો ધોતી-ખેસ અને મહિલાઓ રંગબેરંગી પરંપરાગત સાડીઓમાં પૂજાની સામગ્રી સાથે વિધિમાં સહભાગી થયા હતા. પૂજન દરમિયાન શ્રદ્ધાળુઓએ તાળીઓના નાદ સાથે ભક્તિભાવપૂર્વક પ્રાર્થના કરી હતી. યજ્ઞકુંડની આસપાસ મહિલાઓએ સામૂહિક આરતી ઉતારી હતી, જે કાર્યક્રમનું વિશેષ આકર્ષણ બની રહી હતી. કાર્યક્રમમાં બાળકો, યુવાનો, મહિલાઓ તથા વરિષ્ઠ નાગરિકો સહિત મોટી સંખ્યામાં રહીશો ઉપસ્થિત રહ્યા હતા અને ધર્મલાભ લીધો હતો. સૌએ સાથે મળીને વિશ્વશાંતિ, સુખ-સમૃદ્ધિ અને પરિવારોના આરોગ્ય માટે પ્રાર્થના કરી હતી. આયોજકોએ જણાવ્યું હતું કે, "આવા ધાર્મિક કાર્યક્રમો દ્વારા રહીશો વચ્ચે એકતા, સહકાર અને સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ વધે છે. નવરાત્રિના પ્રથમ દિવસે જ સૌને એકસાથે ભક્તિમાં જોડાતા જોઈને આનંદ થયો." કાર્યક્રમના અંતે મહાઆરતી અને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે અપાર્ટમેન્ટના ફેસ્ટીવલ કમિટીના સભ્યો, સ્વયંસેવકો અને રહીશોએ સક્રિય સહયોગ આપ્યો હતો.

# બારડોલીમાં ભાજપ મહિલા મોરચા દ્વારા વિરોધ પ્રદર્શન

## જેએનયુના પ્રોફેસર અકોઈજામ વિરુદ્ધ મહિલાઓનો આક્રોશ

બારડોલી, તા.૧૩

સુરત જિલ્લાના બારડોલીમાં ભાજપના મહિલા મોરચા દ્વારા કોંગ્રેસના સાંસદ અને જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (JNU)ના પ્રોફેસર અંગોમચા બિમોલ અકોઈજામ સામેના જાતીય સતામણીના આરોપોને લઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓ સાથેના કથિત જાતીય સતામણીના મામલે મહિલા કાર્યકરોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો. વિરોધ પ્રદર્શન દરમિયાન 'એક કચોરી દો સમોસા, રાહુલ તેરા ક્યા ભરોસા' જેવા સૂત્રોચ્ચારથી બારડોલીનું રાજકીય વાતાવરણ ગરમાયું હતું. ભાજપ મહિલા મોરચાનાં આગેવાનો અને મહિલા કાર્યકરોએ એકત્ર થઈને આ મામલે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. સુરત જિલ્લાના બારડોલી ખાતે ભાજપના સુરત




જિલ્લા મહિલા મોરચા દ્વારા કોંગ્રેસના સાંસદ અને જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી, એટલે કે JNUના પ્રોફેસર અંગોમચા બિમોલ અકોઈજામ સામેના વિદ્યાર્થિનીઓની જાતીય સતામણીના આરોપોને લઈને વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આક્ષેપોને લઈને મહિલા મોરચાની કાર્યકર બહેનોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો અને આવા ગંભીર મુદ્દાઓ પર કડક કાર્યવાહી કરવાની માંગ સાથે વિરોધ નોંધાવ્યો હતો. ભાજપ મહિલા મોરચાનાં પ્રદેશ ઉપપ્રમુખ રિદ્ધિબેન પટેલ તેમજ સુરત જિલ્લા મહિલા મોરચાનાં પ્રમુખ અવનીબેન નાયકની ઉપસ્થિતિમાં યોજાયેલા આ વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં મહિલા કાર્યકરો જોડાયાં હતાં. પ્રદર્શન દરમિયાન કાર્યકરોએ 'એક કચોરી દો સમોસા, રાહુલ તેરા ક્યા ભરોસા' સહિતના સૂત્રોચ્ચાર કરીને કોંગ્રેસ સામે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. મહિલા કાર્યકરોએ વિદ્યાર્થિનીઓની સુરક્ષા અને તેમની સાથે થતા કથિત જાતીય સતામણીના બનાવો સામે આક્રોશ વ્યક્ત કરતાં આ મામલે ગંભીરતાથી પગલાં ભરવાની વાત કરી હતી. આ વિરોધ પ્રદર્શનમાં જિલ્લા મહિલા મોરચાનાં મહામંત્રીઓ મોનાબેન શાહ અને ચંદનબેન વસાવા તેમજ બારડોલી નગરપાલિકાનાં પ્રમુખ નીલમબેન વ્યાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત જિલ્લા અને તાલુકા સ્તરના મહિલા મોરચાના હોદ્દેદારો, કાર્યકરો અને ચૂંટાયેલા મહિલા જનપ્રતિનિધિઓએ પણ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આમ, બારડોલીમાં ભાજપ મહિલા મોરચા દ્વારા યોજાયેલા આ વિરોધ પ્રદર્શનના માધ્યમથી વિદ્યાર્થિનીઓની જાતીય સતામણીના આરોપો સામે આક્રોશ વ્યક્ત કરી રાજકીય રીતે કોંગ્રેસ સામે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

# વેસુમાં રામલીલીમાં પુષ્પવાટિકા પ્રસંગમાં દર્શકો મંત્રમુગ્ધ થયા

## રામલીલા મેદાનમાં બીજા દિવસે પણ લોકો ઉમટી પડ્યાં

સુરત, તા.૧૩

વેસુના રામલીલા મેદાનમાં શ્રી આદર્શ રામલીલા ટ્રસ્ટ દ્વારા આયોજિત રામલીલા મહોત્સવમાં સોમવારે તાડકા વધ, મારીચ-સુબાહુ વધ, અહલ્યા ઉદ્ધાર અને પુષ્પવાટિકા લીલાનું સુંદર મંચન કરવામાં આવ્યું હતું. વૃંદાવનથી આવેલા કલાકારોએ પોતાના અભિનય અને આકર્ષક દૃશ્યો દ્વારા શ્રદ્ધાળુઓને મંત્રમુગ્ધ કર્યા હતા. રામલીલા જોવા માટે દર્શકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.



મંચન દરમિયાન મહર્ષિ વિશ્વામિત્ર રાજા દશરથ પાસે યજ્ઞની રક્ષા માટે ભગવાન શ્રીરામને સાથે મોકલવાની વિનંતી કરે છે. ત્યારબાદ શ્રીરામ અને લક્ષ્મણ મહર્ષિ વિશ્વામિત્ર સાથે દંડક વનમાં જાય છે, જ્યાં તાડકા નામની રાક્ષસી ઋષિ-મુનિઓના યજ્ઞમાં વિઘ્નો ઊભાં કરતી હતી. ભગવાન શ્રીરામ તાડકાનો વધ કરીને ઋષિ-મુનિઓને તેના અત્યાચારોથી મુક્ત કરે છે.

ત્યારબાદ તાડકાના ભાઈઓ મારીચ અને સુબાહુ સાથે ભગવાન શ્રીરામનું યુદ્ધ થાય છે. શ્રીરામના બાણથી મારીચ દૂર જઈને પડે છે, જ્યારે સુબાહુનો વધ થાય છે. આ દૃશ્યોએ દર્શકોમાં ઉત્સાહ જગાવ્યો હતો. આગળ મહર્ષિ વિશ્વામિત્રની આજ્ઞાથી ભગવાન શ્રીરામ ગુરુપૂજા માટે ફૂલો લેવા રાજા જનકની પુષ્પવાટિકામાં જાય છે. ત્યાં માતા સીતા પોતાની બહેનો અને સખીઓ સાથે માતા ગૌરીની પૂજા કરવા આવે છે. પુષ્પવાટિકામાં શ્રીરામ અને સીતાજી પહેલીવાર એકબીજાને જુએ છે. માતા સીતા ભગવાન શ્રીરામને પતિરૂપે પ્રાપ્ત કરવાની મનોકામના સાથે માતા ગૌરીની પ્રાર્થના કરે છે. પુષ્પવાટિકાનાં સુંદર દૃશ્યોએ દર્શકોનાં મન મોહી લીધાં હતાં. આવતીકાલની લીલાઃ ૧૩ ઓક્ટોબર, મંગળવારે રાજા જનકને શિવધનુષ પ્રાપ્ત થવાનો પ્રસંગ, ધનુષયજ્ઞ અને લક્ષ્મણ-પરશુરામ સંવાદનું મંચન કરવામાં આવશે.

# ખેલ મહાકુંભ ઝોન કક્ષાએ પ્રેસિડન્સી સ્કૂલની સિદ્ધિ

સુરત, તા.૧૩

ખેલમહાકુંભમાં ઝોન લેવલ રમતગમત સ્પર્ધામાં પ્રેસિડન્સી સ્કૂલના વિદ્યાર્થીઓની સિદ્ધિ : ન્યુ રાંદેરરોડ સ્થિત પ્રેસિડન્સી સ્કૂલ (English Medium) ની અંડર -૧૭ ગર્લ્સની ટીમે ખેલમહાકુંભ અંતર્ગત રસ્સાખેંચ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ટીમ તૃતીય ક્રમે વિનર રહ્યા હતા. અને રસ્સાખેંચ સ્પર્ધામાં અંડર-૧૭ બોયઝ (ગુજરાતી માધ્યમ) ની ટીમ દ્વિતીય ક્રમે વિજેતા નિવડી હતી. ટ્રસ્ટીવર્ય પ્રાધ્યાપક એન. એમ. કારિયા



અને ટ્રસ્ટીવર્ય શ્રી હિતેન્દ્રભાઈ ચુડાવાળા તથા આચાર્યા દીપિકા શુકલએ પી.ટી.શિક્ષક રશ્મિકાંતભાઈ પટેલ તથા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. વિજેતા ટીમ : Under 17 girls : Viva Shah, Kavya Prajapati,Drishti bhajiwala,Aashka Vroa, Aravi Italiya, Hetavi jariwala, Vanshika Jain, Mahek Modi, Roshani Panjabi, Shagun khunt વિજેતા ટીમ Under-17 boys : મેઘ પરમાર, વેદ લાડ, દિવ્યાંગ ડોડિયા, જેન્સિલ ખલાસી, હર્ષ પટેલ, હર્ષિત પટેલ, રાઘવ મિસ્ત્રી, જસ્ટિન પટેલ, રુદ્ર અધ્વર્યુ, દક્ષ પટેલ.

# વીજ કંપનીની બેદરકારીના કારણે સુરત જિલ્લાના ખેડૂતો મુશ્કેલીમાં

## દર્શન નાયક દ્વારા જિલ્લા પોલીસ વડા તથા ડીજીવીસીએલ સમક્ષ રજૂઆત

સુરત, તા.૧૩

સુરત જિલ્લામાં ખેડૂતો સામે વિકટ સમસ્યાઓ ઊભી થઈ છે. એક તરફ ખેતરોમાંથી મોટર અને ઓજારોની ચોરી વધી રહી છે, તો બીજી તરફ હ્રફ્ફઝ્ન ની ઘોર બેદરકારીના કારણે ખેડૂતોના પાક બળી જવાના બનાવો અને જીવલેણ દુર્ઘટનાઓ સામે આવી છે. આ ગંભીર મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી શ્રી દર્શનકુમાર એ. નાયક દ્વારા સુરત જિલ્લા પોલીસ અધિક્ષક અને વીજ કંપની (DGVCL) ને કડક કાર્યવાહી માટે જૂઆત કરવામાં આવી છે.

પોલીસ વિભાગ સમક્ષ રજૂઆત કરતાં દર્શનભાઈ દ્વારા જણાવવામાં આવેલ છે કે સુરત જિલ્લાના ઓલપાડ, કામરેજ અને માંડવી તાલુકાના સીમ વિસ્તારોમાં વાડીઓ તથા ખેતરોમાંથી સબમર્સિબલ/વોટર મોટર, કેબલ વાયર અને ખેતીના ઓજારોની ચોરીની ઘટનાઓમાં અવિરત વધારો થયો છે.ચાલુ ખેતીની સિઝનમાં મોટરો ચોરાઈ જવાથી ખેડૂતોને પાકને પાણી પાયામાં ભારે મુશ્કેલી અને લાખો રૂપિયાનું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. DGVCLના તાલુકા કક્ષાના અધિકારીઓ સાથે સંકલન કરી DGVCL વિભાગના ટ્રાન્સફોર્મર અને વીજ વાયરો ચોરી કે અન્ય ચોરી ન થાય કે જેથી ખેડૂતોને આર્થિક નુકસાન ન થાય તેમજ હેરાનગતિ ન થાય તે માટે સુરત જિલ્લાના તાલુકાઓમાં ખેતવાડી વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવવામાં આવે એવી કાર્યવાહી કરવા પોલીસ વિભાગ પાસે માંગ કરેલ છે. આ ઉપરાંત દર્શનભાઈ નાયક દ્વારા DGVCL (મેનેજિંગ ડિરેક્ટર) સમક્ષ રજૂઆત કરતાં જણાવવામાં આવ્યું છે કે હાલના વર્ષમાં હજી સુધી સુગર મીલો શેરડીના પાકની કાપણીની શરૂઆત થઈ નથી, તે પહેલા જ DGVCL ના જવાબદાર અધિકારીઓને વારંવાર રજૂઆત કરવા છતાં તેમના દ્વારા દાખવવામાં આવેલ ગંભીર બેદરકારીના કારણે આવી દુર્ઘટનાઓ બની રહેલ છે. દર્શનભાઈ નાયક દ્વારા વધુ રજૂઆત કરતાં જણાવવામાં આવેલ છે કે આગામી દિવસોમાં સિચાઈ વિભાગ દ્વારા નહેરમાં સિચાઈ માટેનું પાણી બંધ કરવામાં આવનાર છે ત્યારે શેરડી,શાકભાજી,બાગાયતી જેવા ખેડૂતોના મહામુલા પાકો તેમજ પશુપાલકોના પશુચારો બચે એ માટે નહેરમાં સિચાઈ માટે ફરી પાણી આપવામાં આવે ત્યાં સુધી સતત ખેડૂતોને દિવસમાં ૧૨ કલાક પૂરેપૂરી વીજળી આપવામાં આવે એવી ખેડૂતો વતી મારી માગણી છે.

# વનિતા વિશ્રામમાં નવરાત્રી પર્વની ઉજવણી



સુરત અઠવાગેટ સ્થિત વનિતા વિશ્રામ સંચાલિત પી.ડી.વિદ્યાકુંજના પૂર્વ પ્રાથમિક વિભાગના ગુજરાતી માધ્યમમાં નવરાત્રી પર્વ નિમિત્તે આનંદમય અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે નવરાત્રી બેસ્ટ ડ્રેસ અને બેસ્ટ એક્શન સ્પર્ધા યોજાઈ હતી. સાથે જ નવા પ્રવેશ માટેનાં એડમિશન ફોર્મને માતાજીને અર્પણ કરી પ્રાર્થના કરવામાં આવી હતી તથા માતાજીની આરતી ઉતારી શુભ આશીર્વાદ મેળવ્યા હતા.

# અંકલેશ્વરની સંસ્કારદીપ શાળામાં માતૃપૂજનનો કાર્યક્રમ યોજાયો



## વિદ્યાર્થીઓએ તેમની માતાનું કર્યું પૂજન

અંકલેશ્વર, તા.૧૩

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ સંસ્કારદીપ શાળા દ્વારા નવરાત્રી નિમિત્તે માતૃ પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં શાળાના વિદ્યાર્થીઓએ તેમની માતાનું પૂજન કર્યું હતું. નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ પી.ડી. શ્રોફ સંસ્કારદીપ વિદ્યાલય ખાતે નવદુર્ગા આરાધના અંતર્ગત 'માતૃપૂજનનો અનેરો અવસર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી નવદુર્ગા મિત્ર મંડળના સૌજન્યથી યોજાયેલા આ કાર્યક્રમમાં માતૃશક્તિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની સાથે વિદ્યાર્થીઓમાં માતૃપ્રેમ, આદર અને સંસ્કારોનું સિંચન કરવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સામાજિક કાર્યકર તથા સૌરાષ્ટ્ર

અનુસંધાન પાના ૭ પર

# માતોશ્રી ચેરીટેબલ ટ્રસ્ટ અને રોટરી ક્લબ દ્વારા રંગ રસિયા ગરબા મહોત્સવનો પ્રારંભ

અંકલેશ્વર, તા.૧૩

અંકલેશ્વરના જીનવાલા સ્કૂલ પાછળ આવેલા મિશન કંપાઉન્ડમાં માતોશ્રી ચેરિટેબલ ટ્રસ્ટ અને રોટરી ક્લબ દ્વારા આયોજીત રંગ રસિયા મેગા નવરાત્રી'નો ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો છે.

અંકલેશ્વરના માતોશ્રી ચેરિટેબલ ટ્રસ્ટ અને રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા સંયુક્ત રીતે જીનવાલા સ્કૂલ પાછળ આવેલું મિશન કંપાઉન્ડ,ખાતે રંગ રસિયા મેગા નવરાત્રી મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે આ મહોત્સવ ના .પ્રથમ નોરતે ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીના હસ્તે ઉદ્ઘાટન કરીને પરંપરાગત રીતે ગરબાનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. આ મંગલમય પ્રસંગે ભરૂચ



જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ મારૂતીસિંહ અટોદરિયા ઉપસ્થિત રહ્યા હતા અને માતાજીની આરતી ઉતારી પરંપરાગત રીતે ગરબાનો વિધિવત પ્રારંભ કરાવ્યો હતો .માતાજીની આરતી બાદ ગરબા મહોત્સવમાં ખેલૈયાઓ. પરંપરાગત વેશભૂષામાં સજ્જ યુવક-યુવતીઓ ગરબાના તાલે મન મૂકીને ઝૂમ્યાં હતાં. પ્રથમ નોરતેથી જ ગરબા મહોત્સવમાં ઉત્સાહભર્યો માહોલ જોવા મળ્યો હતો.

આ નવરાત્રી મહોત્સવમાં ધાર્મિક આસ્થા અને સંસ્કૃતિનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો.

અનુસંધાન પાના ૭ પર

# અંકલેશ્વર-વાલિયા રોડ પર બે કાર અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત

અંકલેશ્વર, તા.૧૩

અંકલેશ્વર-વાલિયા રોડ પર ભડકોદ્રા પાટિયા નજીક બે કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે જઈ રહેલી એક કાર પાછળથી અન્ય કાર સાથે અથડાયા બાદ સામેથી આવતી ટ્રક સાથે ભટકાતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની તીવ્રતાને કારણે એક કાર પલટી મારી ગઈ હતી.



અકસ્મતમાં એક કારની એરબેગ ખૂલી જતાં મોટી જાનહાનિ ટળી હતી. જોકે, આ ઘટનામાં બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા, જેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

અકસ્મતને પગલે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પૂરઝડપે વાહન ચલાવવાને કારણે સર્જાયેલી આ ઘટનામાં સદનસીબે એરબેગ ખૂલી જતાં મોટી દુર્ઘટના ટળી હતી.અકસ્માતના પગલે સ્ટેટ હાઈવે પર ટ્રાફિકજામની પરિસ્થિતિનું નિર્માણ થયું હતું.



નવરાત્રી મહોત્સવનો ધામ-ધૂમ પૂર્વક આરંભ થયો છે. ગઈ કાલે સોમવારે રાત્રે સુરત શહેરના વિવિધ ગરબા મહોત્સવોમાં ઉમટી પડેલા ખેલૈયાઓએ બીજા દિવસે પણ મોડી રાત સુધી રાસ ગરબાની રંગત માણી હતી. ગીત- સંગીતના તાલે ગ્રાઉન્ડ પર હજારો ખેલૈયાઓએ રાસ ગરબાની ધૂમ મચાવી દીધી હતી. રામ ચોક મોટા વરાછા ખાતેના ગ્રાઉન્ડ પર શ્રી અન્નપૂર્ણા ખોડલધામ દ્વારા આયોજીત ગરબા મહોત્સવની આ તસ્વીર છે. (તસ્વીર પ્રદીપ ગોહિલ)






# અદાણી એન્ટરપ્રાઇઝ લિ.ના ડિરેક્ટર પ્રણવ અદાણીના હસ્તે ખાતમૂહૂર્ત સાથે ધારાવી વસાહતનો પુનર્વસન કાર્યનો આરંભ

**મુંબઈ, ૧૨ઑક્ટોબર**

અદાણી એન્ટરપ્રાઈઝિસલિ..ના ડિરેક્ટર શ્રી પ્રણવ અદાણીના હસ્તે સોમવારે માટુંગાની ૨૨-એકરની રેલવે સાઈટ ખાતે ખાતમૂહર્ત સાથે એશિયાની સૌથી મોટી વસાહતોમાંની એક અને દસ લાખથી વધુ રહેવાસીઓનું ઘર ગણાતી ધારાવીના પુનર્વસન માટે નિર્માણનો આરંભ થયો છે.

આ પ્રકલ્પ માટે રચાયેલા સ્પેશિયલ પર્પઝ વેહીકલ 'અદાણી નવભારત ડેવલપર્સ પ્રા. લિ.પાત્ર રહેવાસીઓને હાલના સ્થળે જપુનર્વસન યોજના હેઠળ ૩૫૦ ચોરસ ફૂટના ઘરો મળે તે સુનિશ્ચિ કરશે .

આ પ્રસંગે શ્રી પ્રણવ અદાણીએ કહ્યું હતું કે દરેક પરિવાર પોતે સુરક્ષિત હોવાની અનુભૂતિ કરે અને ભવિષ્યનું આયોજન કરી શકે એવા ઘરનો હકદાર છે. ધારાવીના પરિવારો માટે આ બાબત કેટલી મહત્વની છે તે અમે સમજીએ છીએ. તેમણે આ વિષે માહિતી આપતા કહ્યું હતું કેમાટુંગા ખાતે અમે ૧૦ટાવર્સ બનાવી રહ્યા છીએ જેમાં ૧૦,૪૩૨ઘરો અને ૧,૩૭૯વ્યાવસાયિક તથા ઔદ્યોગિક એકમો હશે. અમે એવા રહેણાંક વિસ્તારોનું નિર્માણ કરી રહ્યા છીએ જ્યાં પરિવારો વધુ સારું જીવન જીવી શકે અને તેમના બાળકો માટે ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી શકે."

આ પ્રકલ્પમાં યુએસ-સ્થિત ડિઝાઇન ફર્મ 'સસાકી', યુકે-સ્થિત એન્જિનિયરિંગ કન્સલ્ટન્સી 'બ્યુરો હેપોલ્ડ', મુંબઈની સ્ટુડિયોપીઓડી, જાણીતા આર્કિટેક્ટ શ્રી હાફિઝ કોન્ટ્રાક્ટર, ૠ અને છઈઝ સ્ટુડિયો તેમજ સિંગાપોરના શહેરી આયોજન નિષ્ણાતોની કુશળતાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ ૧૦ ટાવર મહારાષ્ટ્ર સરકાર હેઠળના 'ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ/ઝૂંપડપટ્ટી પુનર્વસન સત્તામંડળ'ને પ્રથમ પાંચ ટાવર માર્ચ ૨૦૨૯ સુધીમાં, ત્યારપછીના બે ટાવર ઓગસ્ટ ૨૦૨૯ સુધીમાં અને બાકીના ત્રણ ટાવર ઓગસ્ટ ૨૦૩૦ સુધીમાં એમ ત્રણ તબક્કામાં સોંપવામાં આવશે.

આ સમારોહમાં વિશેષ અતિથિ તરીકે મહારાષ્ટ્ર સરકારના શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અસીમ કુમાર ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા.DRP/SRA ના મુખ્ય કાર્યકારી અધિકારી અને સી.ઇ.ઓ.ડૉ. મહેન્દ્ર કલ્યાણકર પણ હાજર રહ્યા હતા.

ડૉ. કલ્યાણકરે કહ્યું,હતું કે ધારાવીના પરિવારો માટે આ એક મહત્વનું પગલું છે. અમારું ધ્યાન જીવનની બહેતર ગુણવત્તા માટે જરૂરી માળખાગત સુવિધાઓ ઉપરાંત અન્ય સગવડો ઉપ્લબ્ધ બનાવવા ઉપર છે. જેમાં દરેક ટાવરમાં ૩૭ થી ૩૯ માળ, ૧૦ થી ૧૨ પેસેન્જર લિફ્ટ અને બે સમર્પિત ફાયર લિફ્ટ તેમજ વ્યાપારી અને ઔદ્યોગિક એકમો માટે વધારાની બે લિફ્ટની વ્યવસ્થા હશે.સુવિધાઓમાં કિન્ડરગાર્ટન, કોમ્યુનિટી હોલ, પોડિયમ ગાર્ડન્સ, બેસવાની જગ્યાઓ, સોસાયટીની ઓફિસઅને પૂજાના સ્થળોનો સમાવેશ થશે.સામાન્ય માળખાગત સુવિધાઓની જાળવણી માટે આવક ઊભી કરવાના હેતુથી દરેક પુનર્વસન બિલ્ડિંગમાં ૧૦ ટકા વ્યાપારી જગ્યા અનામત રાખવામાં આવશે. બિલ્ડિંગ સોંપ્યા પછીના પ્રથમ ૧૦ વર્ષ સુધી વિકાસકાર દ્વારા બિલ્ડિંગો અને સહિયારી માળખાગત સુવિધાઓની જાળવણી કરવામાં આવશે.મહાત્મા ગાંધીની ૧૫૭મી જન્મજયંતિ નિમિત્તે ગાંધી જયંતિ પર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ દ્વારા ધારાવી એક્સપિરિયન્સ સેન્ટરના ઉદ્ઘાટન બાદ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ વેળા શ્રી ફડણવીસે ધારાવીને સમર્પિત એક ગીતનું અનાવરણ તથા તેના લોકો, સંસ્કૃતિ અને ઈતિહાસ પર લખાયેલ એક કોફી-ટેબલ બુકનું વિમોચન કર્યું.૨૨,૫૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલુંઆએક્સપિરિયન્સ સેન્ટર રહેવાસીઓને જીવન-કદના નમૂના ઘરો, ૩ડી વોકથ્રુ અને રહેઠાણ, કાર્યસ્થળો, સુવિધાઓ, પરિવહન અને ખુલ્લી જગ્યાઓને આવરી લેતા ઇન્ટરેક્ટિવ ડિસ્પ્લે દ્વારા પ્રસ્તાવિત પુનર્વિકાસનો પૂર્વાવલોકન આપે છે.કંપનીના સી.ઇ.ઓ. શ્રી અનિલ સરદાનાએ જણાવ્યું હતું બાંધકામના આરંભ સાથેઅમારું ધ્યાન સમયસરનિર્માણપૂર્ણકરવાઅને લાંબા ગાળાની જાળવણી પર છે.વ્યાપક પુનર્વિકાસમાં દુકાનો, શાળાઓ, આરોગ્યસંભાળ સુવિધાઓ, પૂજા સ્થળો, ઉદ્યાનો, જાહેર પરિવહન અને અન્ય સામાજિક માળખાકીય સુવિધાઓ સાથે મિશ્ર-ઉપયોગ ટાઉનશીપની કલ્પના કરવામાં આવી છે. આવશ્યક સેવાઓ ૧૫મિનિટના અંતરમાં ઉપલબ્ધ રહે તે રીતે આયોજન છે.

# હેલ્થને હેમખેમ રાખોઃ નાની બીમારી પજવે ત્યારે તંદુરસ્તી રાખો તમારા હાથમાં

સફેદ કાંદાના રસમાં સાકર નાખીને પીવાથી એસિડિટી મટે છે.

અનનાસના ટુકડા પર સાકર અને મરી ભભરાવીને ખાવાથી ઍસિડિટી મટે છે.

આમળાનો રસ એક ચમચી, કાળી દ્રાક્ષ એક તોલો અને મધ અર્ધી ચમચી ભેગું કરી ખાવાથી એસિડિટી મટે છે.

એલચી, સાકર અને કોકમની ચટણી બનાવી ખાવાથી એસિડિટી મટે છે.

કોળાના રસમાં સાકર નાખીને પીવાથી એસિડિટી મટે છે.

ગંઠોડા અને સાકરનું ચૂર્ણ લેવાથી એસિડિટી મટે છે.

સૂંઠ, ખડી સાકર અને આમળાનું ચૂર્ણ લેવાથી એસિડિટી મટે છે.

અર્ધા લિટર પાણીમાં એક લીંબુનો રસ નાખી, અર્ધી ચમચી સાકર નાખી, બપોરના જમવાના અર્ધા કલાક પહેલાં પીવાથી એસિડિટી મટે છે.

ધાણાજીરુંનું ચૂર્ણ ખાંડ સાથે લેવાથી એસિડિટી મટે છે.જમ્યા પછી છાતીમાં બળતરા થતી હોય તો તે પણ મટે છે.

ગાજરનો રસ પીવાથી એસિડિટી મટે છે.

૧૦૦થી ૨૦૦ ગ્રામ દૂધમાં થોડી સાકર તથા ઘીમાં સાંતળેલા ૪-૫ નંગ કાળાં મરીનું ચૂર્ણ નાખી સાંજે પીવાથી એસિડિટી મટે છે.

૧થી ૨ ગ્રામ જેટલો ખાવાનો સોડા ધાણાજીરુંના ચૂર્ણમાં અથવા સુદર્શન ચૂર્ણમાં મેળવી લેવાથી એસિડિટી મટે છે.

તુલસીનાં પાનને દહીં કે છાશ સાથે લેવાથી એસિડિટી મટે છે.

આમળાંનું ચૂર્ણ રોજ સવારે અને રાત્રે એક એક ચમચી લેવાથી એસિડિટી મટે છે.

લીમડાનાં પાન અને આમળાંનો ઉકાળો બનાવી પીવાથી એસિડિટી મટે છે.

ધાણા અને સૂંઠનું ચૂર્ણ પાણી સાથે લેવાથી એસિડિટી મટે છે.

કુમળા મૂળા સાકર મેળવીને ખાવાથી એસિડિટી મટે છે.

શતાવરીનું ચૂર્ણ મધ સાથે લેવાથી એસિડિટી મટે છે.

સંતરાના રસમાં થોડું શેકેલું જીરું અને સિંધાલૂણ નાખીને પીવાથી એસિડિટીમાં ઘણો ફાયદો થાય છે.

# આહારથી આરોગ્ય સુધીઃ શું છે આ વિટામિન k2mk7?

આપણા શરીર માટે વિટામિન એ એક સુરક્ષા કવચ છે. જે શરીરને ઊર્જા પ્રદાન કરે છે. તેમ જ બીમારીથી લડવાની તાકાત આપે છે એટલે કે ઈમ્યુનીટી પ્રદાન કરે છે. એટલે વિટાનો અર્થ છે જીવન. જે શરીર સુચારુ રૂપ ચલાવાનું કામ કરે છે. આપણાં હાડકાંની મજબૂતી, માનસિક સ્વાસ્થ્યને મજબૂતી અને સુદઢ બનાવવા કુલ તેર વિટામિનની જરૂર પડે છે. બધાં જ વિટામિન મહત્ત્વના છે. બધા જ વિટામિનની અલગ અલગ ભૂમિકા છે. વિટામિન માટે અપ્રાકૃતિક સપ્લિમેન્ટ લાંબા સમય સુધી સાથ નથી આપતા, તે જયારે લેવાય તેટલો સમય સુધીનો જ સાથ આપે છે. લાંબા ગાળાના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક રૂપે લેવા જરૂરી છે. સપ્લિમેન્ટની સાઈડ ઈફેક્ટ પણ ભોગવવી પડે છે. આજના આધુનિક સમયમાં લોકો સપ્લિમેન્ટ પર વધુ વિશ્ર્વાસ છે. તેના માઠા પરિમાણ જયારે સામે આવે ત્યારે થોડું મોડું થઈ જાય છે. ઘણાંય વિટામિન પ્રત્યે લોકો દુર્લક્ષ સેવે છે. જાણકારીના અભાવે આની ઊણપ જણાય છે. વિટામિનના અવશોષણ માટે તેની સાથેના જરૂરી ખાદ્ય-પદાર્થનો સમાવેશ પણ કરવો જોઈએ જેથી વિટામિનનું કામ શરીરમાં સુચારું રૂપ થાય.વિટામિન ાર૬્રા૭ આ વિટામિન તરફ લોકો દુર્લક્ષ સેવે છે. જેથી કિડની સ્ટોન આર્ટરીમાં બ્લોકેજ પેન્ક્રિયાઝમાં પથરી અન્ય બ્લોકેજની સમસ્યાથી પીડાય છે. પ્રકૃતિમાં વિટામિન ાના મુખ્ય બે રૂપોમાં જોવા મળે છે. ફાઈલોકિવનોન એટલે ા૧ અને મેનાકિવનોન એટલે વિટામીન ાર. આ વિટામિન એક વસા ધુલનશીલ વિટામિન છે. જે પોતાના લિપોફિલિક સ્વભાવને કારણે રક્ત અવરોધને પાર કરવાની ક્ષમતા ધરાવે છે. જેના કારણે સ્ટોન કે બ્લોકેજ બનતા નથી. સ્વાસ્થ્યને લાંબો સમય સુધી ટકાવી રાખે છે. આ દ્મા૭ આયુ લાંબી રાખે છે. તે રક્તપ્રવાહમાં લગભગ બોત્તેર કલાક સક્રિય રહે છે. જેથી સ્વાસ્થ્ય લાંબા સમય સુધી ટકી રહે છે.k2 mk7ની મુખ્ય ભૂમિકા એ છે કે તે કેલ્શિયમને હાડકાં સુધી પહોંચાડે છે. શરીરની અક્કડને ઓછી કરે અને જોઇન્ટની ગતિશીલતાને વધારવામાં મદદ કરે, આર્ટરીમાં બ્લોકેજ થવા દેતો નથી. કિડનીમાં કેલ્શિયમ થવા દેતો નથી, તેથી સ્ટોનની સમસ્યા પણ થતી નથી. કેલ્શિયમ પોતાની જગ્યા પર લઇ જાય છે. એટલે જેમ નાના બાળકને ખબર નથી મારે કંઇ જગ્યાએ જાવું કેલ્શિયમ તેની જગ્યા પર પહોંચાડવા mk7ની જરૂર પડે છે. તેમ જ ન જોઈતા કેલ્શિયમને યુરીન દ્વારા બહાર ફેંકવાનું કામ પણ કરે છે. એટલે કે કેલ્શિયમને કામ કરવા માટેની દિશા બતાવે છે. દાંત, હાડકા, વાળ, નખને કેટલું કેલ્શિયમ પહોંચાડવું તે કામ પણ કરે છે. દ્મા૭ના હોય તો કેલ્શિયમ ગમે ત્યાં જઇ બેસી જાય અને બ્લોકેજ કે સ્ટોન બનાવે છે. એક સાથે કેલ્શિયમ બહાર ફેંકતો નથી ધીરે ધીરે કરે છે. જાણી લો કે કેલ્શિયમનું અવશોષણ વ્યવસ્થિત થાય તેની માટારએ ખૂબ જરૂરી છે. હૃદયમાં બ્લોકેજ ન થાય તેની માટે પણ ખૂબ આવશ્યક છે.એક વાત એ પણ જાણવા જેવી છે કે કેલ્શિયમનું અવશોષણ થવા માટે મેગ્નેશ્યમની જરૂર પડે, કેલ્શિયમ ઓગળવા માટે ાર દ્મા૭ એને એની સાચી જગ્યા પર લઈ જાય. મેગ્નેશ્યમની જરૂરિયાત પડે છે. ફકત શરીર કેલ્શિયમથી કામ નથી કરતો તેના અવશોષણ માટે મેગ્નેશ્યમ જરૂર પડે. સ્ટોન કે બ્લોકેજ કાઢવા માટે મેગ્નેશ્યમ અને ાર દ્મા૭ના સ્ત્રોતની જરૂર પડે છે.ઘણાંયનું એવું કહેવું છે કે યુરિક એસિડથી સ્ટોન બને છે. યુરિક એસિડથી ચાર કે પાંચ એમ.એમ.ની (૪ ૫ દ્બદ્બ)ના સ્ટોન બને છે. અને કેલ્શિયમથી પાંચની ઉપરનો સ્ટોન બને છે.

# વ્રતમાં આખરે શું ખાવું?

વાત જો નવરાત્રિના નવ દિવસના વ્રતની ચાલતી હોય, તો સૌના મનમાં પહેલો પ્રશ્ન એ જ આવે છે કે આખરે આ નવ દિવસમાં શું ખાવું કે જેથી શરીરની ઊર્જા પણ ઓછી ન થાય અને ખાવામાં સ્વાદ તથા રુચિ પણ જળવાઈ રહે. ખરેખર રોજિંદી થાળીમાં આપણે અવારનવાર દાળ, ચોખા, રોટલી અને અનેક પ્રકારનાં શાકભાજી વગેરે ખાઈએ છીએ. પરંતુ વ્રતના દિવસોમાં સામાન્ય રીતે મીઠું છોડવાની વાત થાય છે, તેથી વ્રતની થાળીનું રૂપરેખા બદલાઈ જાય છે.

પરંતુ ભારતીય પરંપરામાં વ્રતની રસોઈને ધ્યાનથી જોઈએ તો ખબર પડે છે કે આ મર્યાદાઓ છતાં વ્રતમાં ખાવા-પીવાની વેરાયટી ક્યાંયથી ઓછી નથી .વિશ્ર્વાસ ન થાય તો થોડી આ યાદી જુઓ. બકવીટ (કુટ્ટુનો લોટ), શિંગોડા, સામો, રાજગરો, સાબુદાણા, શક્કરિયાં, અળવી, બટાકા, વિવિધ પ્રકારનાં સ્વાદિષ્ટ ફળો, દૂધ અને દહીં સાથે અનેક વસ્તુઓથી સ્વાદ અને વિવિધતાથી ભરપૂર નવરાત્રિના ખાવાની થાળી તૈયાર થાય છે.

વ્રતના નિયમો દરેક

પરિવાર અને વિસ્તારમાં એકસરખા નથી હોતા. કોઈ-કોઈ ઘરમાં માત્ર ફળાહાર કરવામાં આવે છે. ક્યાંક વર્ષોથી એક નક્કી ભોજનની પરંપરા હોય છે, તો ક્યાંક કેટલાક વિશેષ અનાજ તથા મસાલાની છૂટ હોય છે. તેથી નવરાત્રિના વ્રતની થાળી આખા દેશમાં એકસરખી નથી હોતી. આવી સ્થિતિમાં જ્યારે પણ નવરાત્રિમાં શું ખાવું, જેવા પ્રશ્નનો સામનો કરવો પડે તો સૌથી પહેલાં પોતાના ઘર, પરિવાર, વિસ્તાર અને પરંપરાનું ધ્યાન રાખો. આખરે ત્યાં શું ખવાય છે અને કઈ રીતે વ્રત રાખવામાં આવે છે? આ નિયમો જાણવા જરૂરી છે.

નવરાત્રિનું ભોજન માત્ર સ્વાદનો વિષય નથી. આ આસ્થા અને શિસ્તનો ભાગ પણ છે, પરંતુ જ્યાં સુધી વ્રતની થાળીના લોકપ્રિય ખાદ્ય પદાર્થોની વાત છે તો કુટ્ટુનો લોટ લગભગ આખા ઉત્તર ભારતમાં અલગ-અલગ પ્રકારની વાનગીઓના રૂપમાં ખવાય છે. આ લોટમાંથી પૂરીઓ પણ બને છે, ભજિયાં પણ બને છે, પરોઠા પણ બને છે અને જે લોકોને આ બધાથી પરહેજ હોય છે, તેઓ કુટ્ટુની રોટલીઓ પણ ખાય છે. કારણ કે કુટ્ટુ વાસ્તવમાં અનાજ નહીં પણ એક બીજ છે અને લગભગ દરેક જગ્યાએ વ્રતના દિવસોમાં અનાજના લોટની જગ્યાએ આ જ દાણાનો લોટ વપરાય છે.

એ જ રીતે શિંગોડાનો લોટ પણ વ્રતની રસોઈનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. કુટ્ટુના લોટની જેમ શિંગોડાના લોટમાંથી પણ શીરો, પૂરી અને રોટલીઓ બનાવવામાં આવે છે. વાસ્તવમાં શિંગાડાનો લોટ એટલે શિંગાડા ફળને સૂકવીને બનાવેલો લોટ. આનો પણ લગભગ દરેક જગ્યાએ વ્રતના ભોજનમાં ઉપયોગ થાય છે.

ત્રીજો મહત્ત્વપૂર્ણ ભોજ્ય પદાર્થ જે નવરાત્રિના વ્રતમાં ખવાય છે, તે સામકના ચોખા છે. ઘણી જગ્યાએ તેને વ્રતના ચોખા જ કહેવામાં આવે છે. આ ચોખામાંથી ખીચડી, પુલાવ અથવા અન્ય ઘણા પ્રકારનું હળવું ભોજન તૈયાર કરવામાં આવે છે. જો આખા દિવસના ઉપવાસ પછી પેટ પર ખૂબ ભારે ભોજન ન લેવું હોય તો સામકની હળવી ખીચડી, દહીં સાથે એક સારો પરંપરાગત વિકલ્પ બની શકે છે.

નવરાત્રિના વ્રતમાં સાબુદાણા પણ ખૂબ પસંદ કરવામાં આવે છે. સાબુદાણાની ખીચડી, સાબુદાણાના વડાં, સાબુદાણાની ખીર અને તેના અન્ય ઘણા સ્વાદિષ્ટ વ્યંજનો પણ બનાવવામાં આવે છે. સાબુદાણા મુખ્યત્વે સ્ટાર્ચથી ભરપૂર હોય છે, તેથી તેને ખૂબ વધુ તેલ, ઘી અથવા તળેલા રૂપમાં ખાવાને બદલે ખીર અથવા ખીચડીના રૂપમાં ખાવાં વધુ યોગ્ય છે.

ઘરે બનાવેલી ઓછા તેલવાળી સાબુદાણાની ખીચડી, વ્રતમાં સૌથી સુરક્ષિત અને સંતુલિત હોય છે, જેમાં મગફળી અને ખૂબ મર્યાદિત માત્રામાં મસાલા હોય. પરંતુ નવરાત્રિના વ્રતના દિવસોમાં સૌથી વધુ અને સૌથી સ્વાભાવિક ભોજનનો વિકલ્પ ફળોનો છે. કેળાં, સફરજન, જામફળ, પપૈયું, સંતરાં, દાડમ, નાળિયેર અને મોસમી ફળો ભોજનમાં સામેલ કરી શકાય છે. માત્ર ફળ ખાનારા લોકો માટે પણ વિવિધતા જરૂરી છે, કારણ કે એક જ ફળ રોજ-રોજ ન ખાઈ શકાય. દૂધ, દહીં અને છાશ પણ વ્રતના પરંપરાગત ભોજનનો ભાગ છે.

દહીં સાથે લોકો કુટ્ટુની રોટલી અથવા સામકની ખીચડી ખુશી-ખુશી ખાય છે. દૂધમાંથી ખીર પણ બનાવવામાં આવે છે, પરંતુ આ ખીરમાં ખૂબ વધુ ખાંડ ન હોવી જોઈએ.હા, મર્યાદિત માત્રામાં સૂકા મેવાનો ઉપયોગ વધુ સારો છે. જ્યાં સુધી વ્રતના શાકભાજીની વાત છે તો બટાકા, અળવી, કોળું અને દૂધી મુખ્ય શાકભાજીઓ છે. શક્કરિયાંને પણ બાફીને અથવા શેકીને વ્રત રાખનારાઓ દ્વારા ખૂબ ખવાય છે.

વ્રતનાં શાકભાજીઓ સામાન્ય રીતે સિંધવ મીઠું, જીરું, લીલાં મરચાં અને ખૂબ ઓછા ઘી અથવા તેલમાં બનાવવામાં આવે છે. વ્રતમાં સફેદ મીઠાની જગ્યાએ સિંધવ મીઠું વપરાય છે. મસાલામાં જીરું, મરી, લીલાં મરચાં, આદુ, લીંબુ અને કોથમરી વપરાય છે. વ્રતના ભોજનમાં જે એક વાતનું ખાસ ધ્યાન આપવાનું હોય છે,તે એ છે કે વ્રતનું ભોજન પોતે જ હંમેશાં હળવું અને ઓછીકેલરીવાળું હોવું જોઈએ.



વ્રતના દિવસોમાં તળેલી પૂરીઓ, ભજિયાં, વડાં, સાબુદાણા અને મીઠાઈઓ ખાવાથી વ્રતનું ભોજન ભારે થઈ જાય છે.કુલ મળીને નવરાત્રિના વ્રતમાં પ્રશ્ર્ન એ ન હોવો જોઈએ કે વ્રતમાં શું ન ખાવું, પરંતુ એ હોવો જોઈએ કે જે ખાઈ શકાય તેને પણ કેટલા સંતુલિત, સ્વાદિષ્ટ અને પરંપરાગત રીતે ખાવું જોઈએ? કારણ કે વ્રતનો અર્થ ભૂખ્યા રહેવું પણ નથી. આ વાસ્તવમાં સંયમ, શિસ્ત અને પોતાની ભોજન પરંપરા સાથે જોડાવાનું ધાર્મિક અને આધ્યાત્મિક અનુશાસન છે.

## તંત્રી લેખ...-

મંગળવાર, તા. ૧૩ ઓક્ટોબર ૨૦૨૬

# ઈન્ડિ મોરચાની કૂચ, સી.જે.આઈ.ની સ્પષ્ટ વાત

'ચલો દિલ્હી'નો નારો લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આપીને સુપ્રીમ કોર્ટના પરિસર સુધી કૂચ લઈ જવાનો કાર્યક્રમ તો આપ્યો, પરંતુ દેશના મુખ્ય ન્યાયાધીશે જે પ્રત્યુત્તર કૂચકર્મી કોંગ્રેસીઓને આપ્યો તેના ઉપરથી એમ લાગ્યું કે કોંગ્રેસે આ કાર્યક્રમ જાહેર કરવામાં થોડી ઉતાવળ કરી નાખી. જો કે, કોંગ્રેસની સોમવારની કૂચનું જે સ્વરૂપ હતું તેવું નજીકના ભૂતકાળમાં કોઈ પણ પક્ષના રાજકીય કાર્યક્રમમાં જોવા મળ્યું નથી. ચીફ જસ્ટિસને આવેદનપત્ર આપવાનું ન હોય તે મુદ્દે રાહુલ ગાંધીની ટીકા થઈ રહી છે, પરંતુ કોર્ટને આપવાની અરજી તો કોંગ્રેસ અને અન્ય પક્ષોએ પહોંચાડી જ દીધી હતી. સર્વોચ્ચ અદાલત સુધી વિશાળ મોરચો લઈને તેઓ ગયા તેની પાછળનો ઉદ્દેશ રાજકીય શક્તિ પ્રદર્શનનો જ હોય શકે. સોમવારે કોર્ટમાં સીજેઆઈને મળવા ગયેલા કોંગ્રેસીઓને ચીફ જસ્ટિસે સમય જ ફાળવ્યો નહીં. અહીં ન્યાયના અધિકારનો ઈનકાર મુખ્ય ન્યાયાધીશે નથી કર્યો, પરંતુ આ પદ્ધતિની યોગ્યતા અંગે પ્રતિભાવ આપ્યો છે. શનિવારે 'જંતર-મંતર' ખાતે વિરાટ પ્રદર્શન થયા બાદ રાહુલ ગાંધી અને અન્ય કોંગ્રેસી નેતાઓએ સર્વોચ્ચ અદાલત સુધી કૂચ લઈ જઈને ચીફ જસ્ટિસ સૂર્યકાન્તને મળવાનું આહ્વાન કાર્યકર્તાઓને-લોકોને આપ્યું હતું. ચીફ જસ્ટિસે તેમને સમય ન ફાળવ્યો તેની પાછળ કોઈ તર્ક નહીં, પરંતુ સ્પષ્ટ કાનૂની કારણ અને જોગવાઈ છે. પ્રથમ તો એ કે જજ એ ફરિયાદ સાંભળનારી વ્યવસ્થા નથી, થયેલી ફરિયાદો-અરજીઓ કે નોંધાયેલા ગુના સંદર્ભે કાનૂનના પરિઘમાં રહીને ન્યાય તોળનાર પરંપરા છે. કોર્ટે આવેદનપત્ર સ્વીકારવાની ના પાડી હતી, પરંતુ વિપક્ષી સંગઠને એસઆઈઆર-ચૂંટણી કમિશનર સંદર્ભની કાનૂની અરજી તો આપી જ દીધી હતી. ચીફ જસ્ટિસ સૂર્યકાન્તે કહ્યું 'ચૂંટણી કમિશનર અંગે તેમની પાસે અગાઉથી જ અરજીઓ પડી છે જે વિચારાધીન છે'. કાયદાની પરિભાષામાં તે સબ જ્યુડીશ મેટર છે અને તેથી તેના માટેની કોઈ સંગઠન-પક્ષની અરજી તેઓ લઈ શકે નહીં. તેમણે કહ્યું 'વિપક્ષનો પત્ર તેમને રવિવારે મળ્યો તેનો જવાબ રાત્રે જ અપાઈ ગયો હતો. સર્વોચ્ચ અદાલતના દ્વાર સૌ કોઈ માટે ખુલ્લાં છે. કોઈ સામાન્ય નાગરિક કે જનપ્રતિનિધિ અરજી કરી શકે છે. બંધારણીય વ્યવસ્થા અંતર્ગત કોર્ટ વહીવટી સ્તરે આવી ફરિયાદ પ્રત્યક્ષ લઈ શકે પણ નહીં, ન્યાયિક પ્રક્રિયાની રીતે જ આ થઈ શકે.' પર્યાવરણથી લઈને ચૂંટણીના ફેરમતદાન કે અન્ય કોઈ પણ બાબતે પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશન થઈ શકે, આવેદન આપી શકાય નહીં. સામાન્ય સ્તરે પણ સબ જ્યુડીશ મેટર હોય તેના માટે ક્યારેય આવેદન ન હોય. વહીવટીતંત્ર સરકારનો વિષય છે, તેની રોજિંદી બાબતોમાં કોર્ટ આવેદનપત્ર સ્વીકારે નહીં. સરકાર સામે, સરકારની નીતિ સામે તેના અમલ સામે વાંધો હોય તો નાગરિકથી લઈને નેતા સુધી કોઈ પણ વ્યક્તિ કોઈ અદાલતમાં જઈ શકે. ક્યારેય સર્વોચ્ચ અદાલત કે જિલ્લા ન્યાયાલયમાં રાજકીય નેતા આવેદનપત્ર આપવા ગયા હોય તેવું ક્યારેય બન્યું છે? આવો સવાલ ઊઠી રહ્યો છે, પરંતુ કોંગ્રેસની પ્રેસ કોન્ફરન્સ બાદ એ સ્પષ્ટ થયું હતું કે, કાનૂની પ્રક્રિયા થઈ ગઈ તે પછી આ કૂચ થઈ હતી. કોંગ્રેસની સ્થિતિ દેશમાં નબળી હોવા છતાં રાહુલ ગાંધી-પ્રિયંકા ગાંધી અત્યારે એસઆઈઆર અને ચૂંટણી કમિશનર મુદ્દે આક્રમક દેખાઈ રહ્યા છે. જેન-ઝીનો પણ તેમને સાથ છે, તેમણે આ આંદોલનને પરિણામ સુધી લઈ જવા હશે, તો કોઈ પણ કાર્યક્રમ આપતાં પહેલાં, કોઈ નિર્ણય લેતાં પહેલાં તેના પ્રતિભાવ-પ્રત્યાઘાત શું આવી શકે તે વિચારવું પડશે. કોઈ આહ્વાન બૂમરેંગ સાબિત ન થાય તે તેમણે જોવું પડશે. એક અવિચારી પગલું તેમના પરિશ્રમ ઉપર પાણી ફેરવી શકે છે. અત્યારે દેશમાં એક વાતાવરણ ઊભું થયું છે, ચૂંટણી કમિશનરવાળો મુદ્દો પ્રજાએ પણ ગંભીરતાથી કાને ધર્યો છે, ત્યારે આંદોલનકર્તા કોઈ પણ હોય, તેમના ગાંભીર્યની પણ અપેક્ષા છે.

# રાષ્ટ્રપતિ 'વોટચોરી'ની ફરિયાદ સ્વીકારે છે?

જ્ઞાનેશકુમારને હઠાવવાની મુખ્ય માગણી સાથે મોદીવિરોધી પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિજી-દ્રૌપદી મુર્મુને મળ્યું અને મુલાકાત દરમિયાન રાહુલ ગાંધીએ 'વોટચોરી'ની ફરિયાદ કરી, આવેદનપત્ર આપીને વોટિંગ મશીન પાછા ખેંચી લઈને મતપત્રક - બેલેટથી મત આપવાની પ્રથા ફરીથી શરૂ કરવાની માગણી પણ કરી છે. રાષ્ટ્રપતિજીને મળીને બહાર આવ્યા પછી વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ પત્રકારોને જણાવ્યું કે, રાષ્ટ્રપતિજીએ વોટચોરી થઈ હોવાનું 'સ્વીકાર્યું' છે. અમને પુરાવા આપવા જણાવ્યું છે, તેથી કહી શકાય કે રાષ્ટ્રપતિએ વોટચોરી થતી હોવાનું સ્વીકાર્યું છે અને આગળ વધીને પુરાવા પણ માગ્યા છે. રાષ્ટ્રપતિજીને જ્યારે અને જે પણ આવેદનપત્ર આપવામાં આવે ત્યારે તેઓ સ્વીકાર કરે છે. કરવો જ જોઈએ, પણ તેનો અર્થ એવો નથી કે આવેદનપત્રમાં લખાયેલા મુદ્દા આક્ષેપોનો સ્વીકાર થયો છે! પ્રસ્તુત કેસમાં રાષ્ટ્રપતિજીએ પુરાવા માગ્યા હોય તો તે સ્વાભાવિક પ્રક્રિયા છે. રાષ્ટ્રપતિ આક્ષેપ સાચા છે કે ખોટા તેનો ચુકાદો આપી શકે નહીં, પણ આવેદનપત્ર કેન્દ્રીય ગૃહખાતાને મોકલી આપે - ગૃહખાતું તેનો યોગ્ય જવાબ લખી મોકલે અને તેની નકલ રાષ્ટ્રપતિને જાણ ખાતર મોકલી આપે. આ પ્રણાલી રાહુલ ગાંધી જાણતા હોવા જોઈએ છતાં એમણે પત્રકારોને કહ્યું કે, રાષ્ટ્રપતિજી પણ સ્વીકારે છે કે વોટચોરી થઈ છે! આમ કહેવા પાછળ એમણે સત્ય છુપાવીને અસત્ય છાપ ઊભી કરવાનો પ્રયાસ કર્યો છે ? શક્ય છે કે રાજકારણી હોવાથી રાહુલ ગાંધીએ આ મુલાકાતની રજૂઆતમાં રાજકીય કુનેહ વાપરી હોય. દેશની જનતાને ખાતરી અપાય કે રાષ્ટ્રપતિ મળ્યા અને પુરાવા માગ્યા એટલે વોટચોરીનો આક્ષેપ સ્વીકાર્યો છે! વડાપ્રધાનથી ઉપર રાષ્ટ્રપતિ છે અને તેથી અમારી ફરિયાદ - રજૂઆત સ્વીકારી છે! શક્ય છે કે, રાષ્ટ્રપતિ ભવન દ્વારા જરૂરી 'સ્પષ્ટતા' થાય અને હકીકતની જાણ જાહેર જનતાને થાય, આવી સત્તાવાર સ્પષ્ટતા જરૂરી પણ છે.

**કરવો જ જોઈએ, પણ તેનો અર્થ એવો નથી કે આવેદનપત્રમાં લખાયેલા મુદ્દા આક્ષેપોનો સ્વીકાર થયો છે! પ્રસ્તુત કેસમાં રાષ્ટ્રપતિજીએ પુરાવા માગ્યા હોય તો તે સ્વાભાવિક પ્રક્રિયા છે. રાષ્ટ્રપતિ આક્ષેપ સાચા છે કે ખોટા તેનો ચુકાદો આપી શકે નહીં, પણ આવેદનપત્ર કેન્દ્રીય ગૃહખાતાને મોકલી આપે - ગૃહખાતું તેનો યોગ્ય જવાબ લખી મોકલે અને તેની નકલ રાષ્ટ્રપતિને જાણ ખાતર મોકલી આપે. આ પ્રણાલી રાહુલ ગાંધી જાણતા હોવા જોઈએ છતાં એમણે પત્રકારોને કહ્યું કે, રાષ્ટ્રપતિજી પણ સ્વીકારે છે કે વોટચોરી થઈ છે! આમ કહેવા પાછળ એમણે સત્ય છુપાવીને અસત્ય છાપ ઊભી કરવાનો પ્રયાસ કર્યો છે ?**

### રેલો છેક સઉદીના પગ તળે આવી ગયો છે કેમ કે હુતીઓ સઉદીમાં ઘૂસીને મારી રહ્યા છે.

# હુતીઓના સઉદી પર હુમલાની અસર ભારત પર પડવાની જ

## આ હુમલા પછી સઉદીમાં શાંતિ હતી પણ ઈરાન અને ઈઝરાયલ વચ્ચે જંગ શરૂ થયો તેમાં શાંતિ હણાઈ ગઈ છે

યમનના હુતી બળવાખોરો અને સઉદી અરેબિયા વચ્ચે લાંબા સમયથી જંગ ચાલે છે. સઉદી અરેબિયા યમનની રાજધાની સના સહિતના વિસ્તારોમાં હુતીઓનાં ઠેકાણાંને નિશાન કરીને હુમલા કરી રહ્યું છે જ્યારે હુતીઓ સઉદીની પેટ્રોલ-ગેસ પાઈપલાઈનોને ટાર્ગેટ કરી રહ્યાં છે. હવે અચાનક જ હુતી બળવાખોરોએ વ્યૂહરચના બદલીને સઉદીની રાજધાની રિયાધના એરપોર્ટને નિશાન બનાવીને ઉપરાછાપરી હુમલા કરતાં સાઉદી ભડક્યું છે તેથી મિડલ ઈસ્ટમાં મોટા ભડકાનાં એંધાણ છે. સઉદી અરેબિયા અને હુતીઓના જંગમાં અમેરિકા, પાકિસ્તાન, તુર્કીયે અને ઈઝરાયલ પણ કૂદે એવી શક્યતા છે.

હુતીઓના હુમલામાં કુલ ૮ દેશોના નાગરિકો મરાયા છે. આ દેશોમાં પણ હુતીઓ સામે આક્રોશ છે ને તેમાંથી કોઈ દેશ પણ યુદ્ધમાં ઝંપલાવે એવી શક્યતા નકારાય નહીં એ જોતાં આખું મિડલ ઈસ્ટ પાછું યુદ્ધના ખપ્પરમાં હોમાય એવા ભણકારા છે.

હુતીઓએ છેલ્લા એક જ અઠવાડિયામાં રિયાધ એરપોર્ટ પર પાંચ હુમલા કરીને ત્રીસેક લોકોને પતાવી દીધા છે અને મોટા પાયે નુકસાન કર્યું છે. આ પહેલાં હુતીઓએ સાઉદીની સૌથી મહત્ત્વની મનાતી પાઈપલાઈ પર હુમલો કરીને સાઉદીને મોટો ફટકો મારેલો. તેના કારણે ક્રૂડ ઓઈલના પુરવઠા પર અસર થઈ છે ને ભાવ વધવા માંડ્યા છે. જો કે ક્રૂડના ભાવ વધે તેનો બોજ બીજા દેશો પર આવે તેથી સાઉદીને સરવાળે બહુ નુકસાન ના થાય એટલે હુતીઓએ સાઉદીમાં અંદર ઘૂસીને હુમલા કરવા માંડ્યા છે.

હુતીઓની આ વ્યૂહરચના સફળ થઈ છે એ સ્વીકારવું પડે કેમ કે હુતીઓના હુમલાના કારણે મોત તો થયાં જ છે પણ રિયાધ એરપોર્ટ બંધ પણ કરી દેવું પડ્યું છે. અત્યારે એર ઈન્ડિયા સહિતની કોઈ એરલાઈન્સનાં પ્લેન સઉદીના રિયાધ નથી જઈ રહ્યાં કેમ કે હુતીઓનાં મિસાઈલ ક્યારે આવીને પડે ને આપણે વગર લેવાદેવા નુકસાન ભોગવવું પડે તેનો ડર બધાંને સતાવે છે.

મિસાઈલ કે બૉમ્બ નાગરિકતા જોઈને મારતાં નથી તેનો અનુભવ બીજા દેશોને પણ થઈ જ ગયો છે કેમ કે હુતીઓના હુમલામાં સઉદીનાં લોકો તો મર્યા જ છે પણ ભારત સહિત બીજા ૮ દેશોનાં નાગરિકો પણ મર્યા છે. ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, અમેરિકા, ઈજિપ્ત, જોર્ડન, સીરિયા, પેલેસ્ટાઈન એમ ૮ દેશના નાગરિકોને હુતીઓએ ઢાળી દીધા એટલે કોઈ દેશ રિયાધ જવા તૈયાર નથી તેથી સઉદી અરેબિયાને મોટો ફટકો પડી ગયો છે.

હુતીઓના આક્રમણને કારણે સઉદીની સલામત દેશ તરીકેની ઈમેજના ધજાગરા ઉડી ગયા છે એ પણ વધારે મોટું નુકસાન છે. છેલ્લાં ઘણાં વરસોથી સઉદી અરેબિયા પર કોઈ બીજા દેશનો હુમલો પણ થયો નથી કે આતંકવાદી હુમલા પણ થયા નથી. રિયાધ એરપોર્ટ પર થયેલો હુમલો છેલ્લા એક દાયકામાં સઉદી અરેબિયા પરનો સૌથી મોટો હુમલો છે.આ પહેલાં મે ૨૦૧૫માં સઉદી અરેબિયા ના કાતિફમાં એક શિયા મસ્જિદ પર હુમલો થયો હતો તેમાં ૨૧ લોકોનાં મોત થયાં હતાં.આ હુમલા ની જવાબદારી ઈસ્લામિક સ્ટેટે લીધી હતી.

આ હુમલા પછી સઉદીમાં શાંતિ હતી પણ ઈરાન અને ઈઝરાયલ વચ્ચે જંગ શરૂ થયો તેમાં શાંતિ હણાઈ ગઈ છે અને હવે રેલો છેક સઉદીના પગ તળે આવી ગયો છે કેમ કે હુતીઓ સઉદીમાં ઘૂસીને મારી રહ્યા છે.

સઉદી અરેબિયાના પ્રિન્સ સલમાન સઉદીને દુનિયામાં સૌથી મોટા ઈન્વેસ્ટમેન્ટ હબ તરીકે સ્થાપિત કરવા માગે છે પણ હુતીઓના હુમલાના કારણે આ ઈમેજના ભુક્કા બોલી ગયા છે. હુતીઓ તો હજુય હુમલા કરવાની ધમકી આપી રહ્યા છે એ જોતાં સાઉદી માટે કપરા દિવસો ચાલુ જ રહેશે એ નક્કી છે. સઉદી પર હુમલા ચાલુ રહે તો મિડલ ઈસ્ટ માટે પણ કપરા દિવસો આવી જાય કેમ કે બીજા દેશો પણ આ યુદ્ધમાં જોડાય. હુતીઓના વધતા હુમલા અંગે સાઉદીએ અમેરિકા સામે રાવ નાખી છે. અમેરિકાએ હુતીઓનો સફાયો કરવા માટે યમનમાં હુતીઓનાં ઠેકાણાં પર હુમલાની ખાતરી આપી છે. સાઉદીની પાકિસ્તાન અને તુર્કીયે સાથે થયેલી સમજૂતી પ્રમાણે, ત્રણમાંથી કોઈ એક દેશ પર હુમલો થાય તો ત્રણેય દેશ પર હુમલો ગણીને તેનો જવાબ અપાશે. બીજી તરફ હુતીઓ ઈરાનના પીઠ્ઠુ છે તેથી યમનમાં હુતીઓ પર હુમલો થાય તો ઈરાન પણ ચૂપ નહીં રહે. ઈઝરાયલ તો કોઈ પણ યુદ્ધમાં કૂદી પડવા માટે ટાંપીને જ બેઠું હોય છે તેથી મિડલ ઈસ્ટમાં અશાંતિ વધવાની જ છે.

સઉદી હુતીઓના હુમલાની ટીકા કરે છે પણ હૂથીઓનું કહેવું છે કે, અમે તો સઉદીના હુમલાનો જવાબ જ આપી રહ્યા છીએ. સઉદી અમારા નાગરિકોની હત્યા કરે ને અમે ચૂપ બેસી રહીએ એ શક્ય નથી. યમનમાં હુતી બળવાખોરોના નિયંત્રણ હેઠળના મીડિયાનો દાવો છે કે, સઉદી અરેબિયા ના વિમાનોએ યમનની રાજધાની સનાના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હુમલો કર્યો હતો અને સનામાં એક રહેણાંક ઈમારત પર પણ હુમલો કરેલો.

આ હુમલામાં એક બાળકનું પણ મોત થયું છે. હુતીઓના પ્રવક્તા અનીસ અલ-અસબાહીના જણાવ્યા અનુસાર, ૩ સપ્ટેમ્બરથી અત્યાર સુધી સઉદી અરેબિયાના હવાઈ હુમલાઓમાં ૯૧ લોકોનાં મોત થઈ ચૂક્યાં છે અને તેમાં મોટા ભાગે મહિલાઓ અને બાળકો છે. હુતીઓના દાવા સામે સઉદી ચૂપ છે એ જોતાં આ દાવો સાચો હશે એનું માની શકાય.

ભારત માટે આ જંગ માથાનો દુઃખાવો બનશે તેમાં શંકા નથી. સઉદી પર સતત હુમલા થાય તેના કારણે ક્રૂડ ઓઈલના પુરવઠા પર તો અસર થાય જ પણ પણ આ હુમલાનો રેલો પાકિસ્તાન લગી આવી જાય તો ભારતને પણ થોડીઘણી અસર થાય જ. તુર્કિયે અને પાકિસ્તાને હુતીઓના હુમલનો જવાબ આપવામાં સઉદી અરેબિયાને સાથ આપવાની જાહેરાત કરી છે. 'મક્કા એલાયન્સ ફોર ડિફેન્સ' તરીકે ઓળખાતા સંરક્ષણ કરાર સાથે આ ત્રણેય દેશો જોડાયેલા હોવાથી ત્રણેય દેશો એકબીજાને મદદ કરવા માટે બંધાયેલા છે.

સ્વાભાવિક રીતે જ પાકિસ્તાન કે તુર્કિયે હુતીઓ પર હુમલા કરે તો હુતીઓ પણ પાકિસ્તાનને નિશાન બનાવશે. હુતીઓ અને ઈરાન બંને પાકિસ્તાન પર હુમલા કરે તો તેની અસર આપણા વ્યાપારી માર્ગો પર પડશે એ જોતાં ભારત પણ વગર લેવેદેવે દંડાશે.

ભારતને સીધી કોઈ અસર થવાની નથી પણ પાડોશમાં અશાંતિ હોય તો તેની કિંમત આપણે ચૂકવવી જ પડતી હોય છે તેથી ભારતે પણ સતર્ક રહેવું પડશે. મિડલ ઈસ્ટની અશાંતિ પણ ભારતને અસર કરે કેમ કે કરોડો ભારતીયો મિડલ ઈસ્ટમાં રહે છે.

### સેક્સ સંબંધિત દવા વાયગ્રા ખુબ નુકસાનકાર રહેલી છે...

# વાયગ્રાથી આંખને ભારે નુક્સાન થશે

- જો કે સામાન્ય રીતે ૨૪ કલાકમાં સમસ્યા ખતમ થઇ જાય છે. આ દર્દીએ તબીબને કહ્યુ હતુ કે તેને નોર્મલ ડોઝ ૫૦ એમજી કરતા વધારે ડોઝ લઇ લીધો હતો.

સેક્સમાં જોશ વધારી દેવા માટે કેટલીક વખત લોકો દવાઓનો આડેધડ ઉપયોગ કરી નાંખે છે. પરંતુ આ તમામ પ્રકારની દવાની આડ અસર ખુબ ખતરનાક હોય છે. આ બાબતથી સાવધાન રહેવાની જરૂર છે. વૈજ્ઞાનિક અભ્યાસ બાદ પણ હવે તો આ બાબત સાબિત થઈ ચુકી છે. આ પ્રકારની દવાના કારણે કેટલીક વખત લેવાના દેવા પડી શકે છે. સેક્સ સંબંધિત લોકપ્રિય દવા વાયગ્રાના ઓવરડોઝ ખુબ ખતરનાક સાબિત થઈ શકે છે. વાયગ્રાના ઓવરડોઝ આપની આંખની રોશનીને હમેંશા માટે નુકસાન કરી શકે છે. આ બાબત પણ પોતાના પ્રકારના પ્રથમ અભ્યાસમાં સપાટી પર આવી છે. અમેરિકાના કેટલાક સંશોધકો એવા તારણ પર પહોંચી ગયા છે કે વાયગ્રાના ઓવરડોઝ આપની આંખને ભારે નુકસાન કરી શકે છે. એક ૩૧ વર્ષીય દર્દી તબીબની પાસે ઈમરજન્સીમાં આંખની ફરિયાદને લઈને પહોંચ્યો હતો. તેની ફરિયાદ હતી કે બે દિવસથી તેની આંખથી તમામ ચીજો લાલ દેખાઈ રહી છે. આ વ્યક્તિએ એમ પણ કહ્યુ હતુ કે વાયગ્રા નામની દવા લીધા બાદ તેને આવુ શરૂ થયુ હતુ. આ દવા નોર્મલ ડોઝ લેવા પર આંખોને નુકસાન કરે છે. જો કે સામાન્ય રીતે ૨૪ કલાકમાં સમસ્યા ખતમ થઈ જાય છે. આ દર્દીએ તબીબને કહ્યુ હતુ કે તેને નોર્મલ ડોઝ ૫૦ એમજી કરતા વધારે ડોઝ લઈ લીધો હતો. તેના થોડાક સમય બાદ સમસ્યા શરૂ થઈ ગઈ હતી. ત્યારબાદ તેના રેટિનામાં ટોક્સિક્સ જોવા મળ્યા હતા. સમગ્ર વિશ્વમાં સૌથી વધુ વેચાતી દવાઓમાં સ્થાન ધરાવતી અને સેક્સ પાવરમાં વધારો કરતી વાયગ્રા દવામાં રહેલા સક્રિય ઘટકોના કારણે હૃદય સાથે જોડાયેલી તકલીફો ઓછી થાય છે. નવા અભ્યાસમાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યો છે. મિન્નેસોટામાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વાયગ્રામાં સક્રિય ઘટકતત્વો હાર્ટ સાથે સંબંધિત તકલીફોને ઘટાડવામાં ઉપયોગી છે. સંસોધકોએ હાર્ટ ફેલિયોરની તકલીફ ધરાવતા કુતરાઓ સહિત જુદા જુદા પ્રાણીઓ ઉપર અભ્યાસ કર્યા બાદ આ મુજબનો દાવો કર્યો છે. અભ્યાસ કારોને જાણવા મળ્યું છે કે, આ દવાઓમાં રહેલા ઘટકતત્વો હાર્ટની સ્થિતિને સુધારે છે. આ દવા એવા તત્વોને ઘટાડે છે જે તત્વો હાર્ટની તકલીફ માટે જવાબદાર હોય છે. એનિમલ મોડલમાં એક પ્રકારની થેરાપી તૈયાર કરવામાં આવી છે. નવા અભ્યાસના તારણો સપાટી પર આવ્યાં બાદ આવનાર સમયમાં દર્દીઓની સફળ સારવાર માટે નવી આશા જાગી છે. જોકે, આ ઘટકતત્વો કઇ રીતે કામ કરે છે તે અંગે માહિતી આપવામાં આવી નથી. કેટલાક નિષ્ણાંતો અભ્યાસના તારણો સાથે સહમત નથી. નપુંસકતા વિરોધી દવા વાયગ્રાના હકારાત્મક અને નકારાત્મક પાસાઓ અંગેના સમાચાર વારંવાર મીડિયામાં પ્રકાશિત થતાં રહે છે. આ દવાઓને લઈને વિશ્વભરમાં હોબાળો મચી ચૂક્યો છે. કેટલાક દર્દીઓના મોત પણ થયાં છે. જેથી દવા સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યાં હતાં. નવા અભ્યાસના તારણો હાલમાં પ્રકાશિત કરાયા છે.તબીબોના કહેવા મુજબ આના સંબંધ સીધી રીતે વાયગ્રા દેવાની સાથે હતા. કેટલાક પ્રકારની સારવાર બાદ પણ તેની આંખને ફાયદો થયો ન હતો. વાયગ્રાની આડ અસરને લઈને વિતેલા વર્ષોમાં પણ કેટલાક નકારાત્મક પરિણામ સપાટી પર આવી ચુક્યા છે. વાયગ્રાને લઈને કેટલાક વિરોધાભાસી રિપોર્ટના તારણ આવ્યા છે. કેટલાક અભ્યાસમાં આ દવાના ઉપયોગથી ફાયદો થાય છે તેમ પણ કહેવામાં આવ્યુ છે. જેમાં કહેવામાં કહેવામાં આવ્યુ છે કે હાર્ટ સાથે સંબંધિત તકલીફને દુર કરવામાં તેની ભૂમિકા રહેલી છે. જો કે નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વાયગ્રા દવાને સાવધાનીપૂર્વક ઉપયોગ કરવામાં ન આવે તે નુકસાન થાય છે. આંખને પણ નુકસાન થઈ શકે છે. નવા અભ્યાસના દાવા આ પ્રકારની દવા લેતા લોકોને સાવધાન કરશે. હાલમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે પુરૂષોની તુલનામાં મહિલાઓની વય વધારે રહે છે. અમેરિકામાં દુરહમ સ્થિત ડ્યુક યુનિવર્સિટીની શોધમાં જાણવા મળ્યુ છે કે બાયોલોજિકલ દ્રષ્ટિથી પુરૂષોની તુલનામાં મહિલાઓ વધારે મજબુત હોય છે. સંશોધનમાં વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે સામાન્ય પરિસ્થતિમાં જ નહી બલ્કે મહામારી અને દુકાળ જેવી જટિલ સ્થિતીમાં પણ મહિલાઓ પુરૂષોની તુલનામાં વધારે સમય સુધી જીવે છે. વિપરિત સ્થિતીમાં પણ યુવતિઓ નવજાત સુવકોની તુલનામાં વધારે સમય સુધી જીવે છે. તેમની બચવાની શક્યતા વધારે રહે છે. ૨૫૦ વર્ષના સાત પેઢીના આંકડા પણ અભ્યાસ કરવામાં આવ્યા બાદ વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે જેનેટિક્સ અને હાર્મોન મહિલાઓની રોગ પ્રતિકારક સ્થિતીને વધારે મજબુત બનાવે છે. તેમને જુદા જુદા ઈન્ફેક્શનથી પણ બચાવે છે. આ અભ્યાસના તારણ સાથે કેટલાક નિષ્ણાંતો સહમત નથી જેથી વધારે અભ્યાસ કરવાની જરૂર છે. મહિલાઓની વય વધારે કેમ છે તે અંગે વધારે પુરાવા અને અભ્યાસ સાથે બહાર આવવાની જરૂર છે.

### વોલ્વ બદલાવીને જીન્દગીભર દવા ખાવાથી બચી શકાય છે...

# હાર્ટ રોગ : તો વોલ્વ બદલાવવા જરૂર

## હાર્ટના દર્દીઓમાં મેકેનિકલ વોલ્વની તુલનામાં ટિસ્યુ વોલ્વ વધારે ફાયદાકારક સાબિત થઇ રહ્યા હોવાનો તબીબોનો અભિપ્રાય

હાર્ટના દર્દીમાં મેકેનિકલ વોલ્વની તુલનામાં ટિસ્યુ વોલ્વ વધારે અસરકારક અને લાભદાયક રહ્યા છે. પ્રથમ વખત દેશમાં ટિસ્યુ વોલ્વના રિજલ્ટ પર ૧૦ જુદી જુદી હોસ્પિટલમાં ૧૦૦ દર્દીઓ પર અભ્યાસ કરવામાં આવ્યા બાદ કેટલીક નવી વિગત સપાટી પર આવી છે. અભ્યાસ બાદ દાવો કરવામાં આવ્યો છે કે કાર્ડિએક સર્જન પરિણામ બાદ કેટલાક તારણ પર પહોંચ્યા છે. ડોક્ટરોનુ કહેવુ છે કે મેકેનિકલ વોલ્વમાં દર્દીને જિન્દગીભર દવા ખાવી પડે છે. પરંતુ ટિસ્યુ વોલ્વમાં છ મહિના બાદ કોઇ પણ પ્રકારની દવા ખાવાની જરૂર પડતી નથી. અભ્યાસથી આ બાબત સાબિત થઇ ગઇ છે કે ટિસ્યુ વોલ્વ ભારતીય દર્દીઓ માટે પણ ફાયદાકારક છે. પશ્ચિમી દર્દીઓને જેટલો ફાયદો થાય છે તેટલો જ ફાયદો આમાં પણ થઇ રહ્યો છે. અભ્યાસમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે કેટલીક વખત બાળપણમાં રીમ્યુટિક ફીવર થઇ જાય છે. આના કારણે જોઇન્ટ અને હાર્ટ વોલ્વ પણ માઠી અસર થાય છે. કેટલીક વખત સમય પર સારવાર ન થવાની સ્થિતીમાં વોલ્વ સંકુચિત થઇ જાય છે. અથવા તો લીક થઇ જાય છે. આવી સ્થિતીમાં પહોંચી ગયા બાદ વોલ્વને બદલી નાંખવાની ફરજ પડે છે. એક મેકેનિકલ જે મેટલ હોય છે અન્ય ટિસ્યુ છે. તે પ્રાણીના ટિસ્યુમાંથી બને છે. તબીબોનુ કહેવુ છે કે મેકેનિકલ વોલ્વની લાઇફ વધારે હોય છે. પરંતુ તેની સાથે સૌથી વધારે મોટી સમસ્યા એ હોય છે કે તેના માટે દર્દીને હમેંશા લોહી પાતલુ કરવા માટે દવા લેવી પડે છે. સાથે સાથે દરેક મહિનામાં ટેસ્ટ કરવાની ફરજ પડે છે. જેથી દર્દીને ખુબ પરેશાની થાય છે. ખાસ કરીને જે દર્દી ગ્રામીણ વિસ્તારમાં અથવા તો દુરગામી વિસ્તારમાં રહે છે તેમને મુશ્કેલી થાય છે. જો આવા દર્દી દવા પર નિર્ભર છે તો સમગ્ર લાઇફ દરમિયાન દવા લઇ શકતા નથી. દર મહિને જરૂરી ટેસ્ટ પણ કરાવી શકતા નથી. તેમની સમસ્યા વધતી જાય છે. ગામ અથવા તો શહેરોમાં બ્લડ ટેસ્ટ રિપોર્ટ ખોટા આપી દેવામાં આવે છે ત્યારે પરેશાની વધી જાય છે. તબીબોએકહ્યુ છે કે ત્યાંના રિપોર્ટને સંપૂર્ણ રીતે વિશ્વાસપાત્ર ગણી શકાય નહીં.




તબીબો કહે છે કે બીજી પ્રક્રિયા ટિસ્યુ વોલ્વની છે. તે ખુબ સુરક્ષિત છે. સર્જરીના છ મહિના બાદ સુધી દવા લેવાની જરૂર હોય છે. ત્યારબાદ દર્દીને કોઇ પણ પ્રકારની દવાની જરૂર હોતી નથી. સાથે સાથે કોઇ પણ પ્રકારની દર મહિને પોતાના બ્લડની તપાસની જરૂર પણ હોતી નથી. બ્લડ પાતલુ છે કે પછી જાડુ છે તે બાબત જાણવાની પણ જરૂર નથી. જો કે અમારી સામે કેટલાક પડકારો એ હોય છે કે શુ ટિસ્યુ વોલ્વ ભારતીય દર્દી માટે યોગ્ય છે. વિદેશમાં દર્દી પર આને લઇને અભ્યાસની કામગીરી સફળ સાબિત થઇ રહી છે. જેથી ભારતમાં ૧૦ સેન્ટરોમાં અભ્યાસ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે અમારા દર્દીઓ પર તેની સારી અસર થઇ રહી છે. જ્યાં સુધી ટિસ્યુ વાલ્વની લાઇફની વાત છે તો ડોક્ટરો કહે છે કે યંગ દર્દીઓમાં તેનો ઉપયોગ કરી શકાય છે. તે સરળતાથી ૧૫થી ૨૦ વર્ષ સુધી તેને યોગ્ય રહેશે. જો જરૂર પડે તો ૧૫થી ૨૦ વર્ષ પછી અન્ય ટિસ્યુ વોલ્વ લગાવી શકાય છે. એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે બિયર હાર્ટને સ્વસ્થ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. અભ્યાસના આ તારણો બીયર પીનાર લોકો માટે સારા સમાચાર તરીકે છે. જો નવેસરના અભ્યાસની વાત માનવામાં આવે તો ઓછા પ્રમાણમાં અથવા તો મર્યાદિત પ્રમાણમાં બિયરનો ઉપયોગ આદર્શ તરીકે છે. આનાથી હાર્ટ સાથે સંબંધિત તકલીફનો ખતરો ઘટી જાય છે. બિયર પીવાની ટેવ ધરાવતાં ૨૦૦૦૦૦ લોકોને આવરી લઈને કરવામાં આવેલા વિશ્વવ્યાપી જુદા જુદા અભ્યાસના તારણોને ધ્યાનમાં લઈને એક પ્રકારના તારણો પ્રકાશિત કરાયા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે બિયરનો ઉપયોગ ૩૧ ટકા સુધી હાર્ટની તકલીફના જોખમને ઘટાડે છે. યુરોપીયન જનરલ ઓફ ઈપીડેમિલોજી દ્વારા સર્વેના તારણો પ્રકાશિત કરવામાં આવ્યા છે.

# હવે લવ સ્ટોરી ફિલ્મોને પહેલાં જેટલી સફળતા કેમ નથી મળતી?

## યુવા પેઢીની પ્રેમકથાઓ વાસ્તવિકતાથી દૂર હોવાને કારણે દર્શકો સાથે જોડાણ સાધવામાં નિષ્ફળ જાય છે



આજના સમયમાં યુવા પેઢીની પ્રેમકથાઓને રજુ કરતી આંતરરાષ્ટ્રીય વેબ સિરીઝ ઓફ કેમ્પસ અને સ્ટર્લિંગ પોઈન્ટને દુનિયાભરમાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ સિરીઝને ભારત સહિત અનેક દેશોમાં યુવા દર્શકોનો મોટો ચાહકવર્ગ મળ્યો છે. જોકે, ભારતીય સિનેમામાં યુવા પેઢીને ધ્યાનમાં રાખીને બનતી કેટલીક તાજેતરની પ્રેમકથાઓ દર્શકોના દિલ સુધી પહોંચવામાં નિષ્ફળ રહી છે. ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શક શકુન બત્રા માને છે કે તેની પાછળ પ્રેમને પડદા પર રજૂ કરવાની આપણી પરંપરાગત રીત પણ જવાબદાર છે.

તાજેતરમાં લસ્ટ સ્ટોરીઝ ૩ માં વીસેક વર્ષની ઉંમરનાં બે પાત્રો વચ્ચેના જટિલ સંબંધને રજૂ કરનાર બત્રાનું માનવું છે કે દિગ્દર્શકોએ દર્શકોને શું ગમશે તે વિચારવાને બદલે પોતાની અનુભૂતિ અને વિચારધારાને પ્રામાણિક રીતે પડદા પર રજૂ કરવી જોઈએ. તેમના મતે, સર્જકનું કામ દર્શકોની પસંદગી પ્રમાણે વાર્તા ઘડવાનું નહીં, પરંતુ પોતાની વાત અસરકારક રીતે રજૂ કરવાનું છે. જો સર્જક પોતાનું કામ પ્રામાણિકતાથી કરે, તો કદાચ દર્શકોને તેની વાત તરત ન સમજાય, પરંતુ સમય જતાં તેઓ તેને સમજી અને સ્વીકારી શકે છે.

યુવા દર્શકોને ધ્યાનમાં રાખીને ફિલ્મો બનાવવામાં કોઈ વાંધો નથી, પરંતુ તેમની પસંદગીનું અનુમાન લગાવીને વાર્તા તૈયાર કરવી યોગ્ય નથી, એવું બત્રા માને છે. ફિલ્મ ઉદ્યોગમાં ઘણી વાર કોઈ ચોક્કસ પ્રકારની વાર્તા કે વિષય લોકપ્રિય હોવાની દલીલ સાથે સર્જકોને તે જ દિશામાં કામ કરવા માટે કહેવામાં આવે છે. જોકે, બત્રા આવા વલણ સાથે સહમત નથી. તેઓ કહે છે કે જો કોઈ ટ્રેન્ડને અનુસરવું પોતાની સર્જનાત્મકતા સાથે મેળ ન ખાતું હોય, તો માત્ર સફળતાની આશામાં તેને અપનાવવાનો કોઈ અર્થ નથી. શકુન બત્રાના મતે, ભારતીય સિનેમાએ પ્રેમની કલ્પનાને પણ ઘણી હદે સરળ બનાવી દીધી છે. વર્ષોથી ફિલ્મોમાં પ્રેમને એવી રીતે રજૂ કરવામાં આવ્યો છે કે જાણે જીવનસાથી મળી જાય એટલે જીવનમાં બધું સુંદર બની જાય. વાસ્તવિક જીવનમાં જોકે પ્રેમ સાથે મતભેદો, જવાબદારીઓ અને અનેક પડકારો પણ જોડાયેલા હોય છે.

આવી ફિલ્મી કલ્પનાઓને કારણે લગ્નજીવનમાં પ્રવેશનારા લોકોને વાસ્તવિકતા પોતાની અપેક્ષાઓથી અલગ લાગે છે. બત્રાનું માનવું છે કે પ્રેમને માત્ર આદર્શ અને સુખદ અનુભવ તરીકે નહીં, પરંતુ તેની જટિલતાઓ સહિત રજૂ કરવો જરૂરી છે. કદાચ યુવા પેઢી સાથે જોડાણ સાધતી પ્રેમકથાઓની સાચી ચાવી પણ આ જ છે.



# સલમાને શરૂ કરી પોતાની સત્તાવાર યુટ્યુબ ચેનલ : 'શરૂઆતથી શરૂ કરીએ'

બોલિવૂડનાં સુપરસ્ટાર સલમાન ખાને ડિજિટલ દુનિયામાં વધુ એક નવું પગલું ભર્યું છે. ફિલ્મો, ટેલિવિઝન અને સોશિયલ મીડિયા પર સક્રિય સલમાને હવે પોતાની સત્તાવાર યુટ્યુબ ચેનલ શરૂ કરી છે. ૯ ઑક્ટોબરે શુક્રવારે ચેનલ લોન્ચ કર્યા બાદ તેણે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા ચાહકોને તેની જાણકારી આપી હતી.

સલમાને ચેનલની જાહેરાત માટે એક ખાસ વીડિયો શેર કર્યો હતો, જેમાં તે અંગ્રેજી મૂળાક્ષરો બોલતો જોવા મળે છે. આ સાથે તેણે લખ્યું, "શરૂઆતથી શરૂ કરીએ... મારી સત્તાવાર યુટ્યુબ ચેનલ. છથી ઢ સુધી બધું અહીં મળશે." તેની આ જાહેરાતથી ચાહકોમાં ચેનલ પર કેવા પ્રકારના વીડિયો જોવા મળશે તે અંગે ઉત્સુકતા જાગી છે. લોન્ચના લગભગ એક કલાકમાં જ ચેનલના ૧૪ હજારથી વધુ સબસ્ક્રાઈબર્સ થઈ ગયા હતા. ચેનલના બાયોમાં સલમાને પોતાનો પરિચય 'ફિલ્મ અભિનેતા, કલાકાર, ચિત્રકાર અને માનવતાવાદી' તરીકે આપ્યો છે. શરૂઆતમાં ચેનલ પર ૧૦ યુટ્યુબ શોર્ટ્સ અપલોડ કરવામાં આવ્યાં હતાં, જેમાં હલકાં-ફૂલકા ટૂંકા વીડિયોનો સમાવેશ થાય છે. જોકે, ભવિષ્યમાં કયા પ્રકારનું કન્ટેન્ટ રજૂ કરવામાં આવશે તેની સત્તાવાર વિગતો હજુ જાહેર કરવામાં આવી નથી.આ ચેનલનાં માધ્યમથી સલમાન ફિલ્મોનાં શૂટિંગની પડદા પાછળની ઝલક, પ્રમોશનલ વીડિયો, અંગત અપડેટ્સ અને પોતાના અન્ય અનુભવો ચાહકો સાથે શેર કરી શકે છે. આલિયા ભટ્ટ, સોનાક્ષી સિંહા, નોરા ફતેહી, જેકલીન ફર્નાન્ડિઝ, વરુણ ધવન, શિલ્પા શેટ્ટી કુંદ્રા, અર્ચના પૂરણ સિંહ અને ફરાહ ખાન સહિત અનેક કલાકારો પહેલાંથી જ યુટ્યુબ પર સક્રિય છે. હવે સલમાન ખાન પણ આ યાદીમાં જોડાયો છે.

# આપબળે આગળ આવેલા ફિલ્મી સિતારાઓ, જેમના પરિવાર બિલકુલ ફિલ્મી નથી

બોલીવૂડમાં કપૂર, ખાન હોવું ભાગ્યશાળી કહેવાય છે કેમકે ફિલ્મોમાં સીધી એન્ટ્રી મળે છે. પૃથ્વીરાજ કપૂરનું ખાનદાન, ધર્મેન્દ્રનું ખાનદાન, સલીમખાનનું ખાનદાન, રોશન ફેમિલી વગેરે બોલીવૂડમાં છવાયેલા રહ્યાં છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં એવા સ્ટાર્સ છે, જેમનું કોઈ ફિલ્મી બેકગ્રાઉન્ડ ન હોવાં છતાં પોતાની મહેનત અને પ્રતિભાના જોરે તેમણે બોલીવુડમાં પોતાનું આગવું સ્થાન બનાવ્યું હોય. ચાલો જાણીએ એવા સિતારાઓને જેમના પરિવારને કોઈ જાણતું નથી, પણ દુનિયા તેમને જાણે છે.

**અનુષ્કા શર્મા**

બોલીવૂડની હાઈએસ્ટ પેઈડ એક્ટ્રેસ અનુષ્કા શર્માનો જન્મ ૧ મે, ૧૯૮૮ના રોજ ઉત્તર પ્રદેશના અયોધ્યામાં થયો હતો. તેના પિતા કર્નલ અજય કુમાર શર્મા આર્મી ઓફિસર છે અને તેની માતા આશિમા શર્મા ગૃહિણી છે. તેના પિતા ઉત્તર પ્રદેશના વતની છે, જ્યારે તેની માતા ગઢવાલી છે. તેના મોટા ભાઈ ફિલ્મ નિર્માતા કર્ણેશ શર્મા છે, જેમણે અગાઉ મર્ચન્ટ નેવીમાં સેવા આપી હતી. નેવીમાં જોડાતા પહેલા કર્ણેશ અંડર-૧૯ બેંગલોર રણજી ક્રિકેટ ટીમ માટે રમ્યો હતો.



**આયુષ્યમાન ખુરાના**

આ ફૂટડો હીરો સારો ગાયક પણ છે તે સહુ જાણે છે. તેનું મૂળ નામ નિશાંત ખુરાના હતું. તેના પિતા પી. ખુરાના જાણીતા જ્યોતિષી છે. તેઓ આજે પણ એ ઘરમાં રહેવાનું પસંદ કરે છે જ્યાં એક્ટરનો જન્મ થયો હતો. ચંદીગઢમાં જન્મેલા અને ઉછરેલા આ પંજાબી મુંડાના પરિવારનો હિન્દી ફિલ્મ ઉદ્યોગ સાથે કોઈ સંબંધ નથી. આયુષ્યમાને સ્કૂલ ઓફ કોમ્યુનિકેશન સ્ટડીઝ, પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢમાંથી માસ કોમ્યુનિકેશનમાં માસ્ટર્સ કર્યું છે અને તેના પાંચ વર્ષના કોલેજ જીવન દરમિયાન હંમેશાં થિયેટર સાથે સક્રિય રીતે સંકળાયેલા છે.

**કાર્તિક આર્યન**

કાર્તિક તિવારી હવે કાર્તિક આર્યન તરીકે ઓળખાય છે. કાર્તિકનો જન્મ ૨૨ નવેમ્બર, ૧૯૯૦ના રોજ ગ્વાલિયર, મધ્ય પ્રદેશમાં થયો હતો. તેના માતાપિતા બન્ને ડૉક્ટર છે. તેમના પિતા, ડૉ. મનીષ તિવારી, બાળરોગ નિષ્ણાત છે, અને તેમની માતા ડૉ. માલા તિવારી, ગાયનેકોલોજિસ્ટ છે. તેણે નવી મુંબઈની ડી.વાય. પાટીલ કોલેજ ઓફ એન્જિનિયરિંગમાંથી બાયોટેકનોલોજિમાં એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી છે.

જહોન અબ્રાહમ એક ખ્રિસ્તી પિતા અને પારસી માતાનું સંતાન છે અને મધ્યમ વર્ગના પરિવારમાં ઉછર્યા હતા. તેના પિતા આર્કિટેક્ટ છે અને માતા ચેરિટી વર્કર છે. તેમણે જય હિંદ કોલેજમાંથી અર્થશાસ્ત્રમાં સ્નાતકની ડિગ્રી અને નરસી મોનજી ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝ, મુંબઈમાંથી એમબીએ કર્યું. એક વિદ્યાર્થી તરીકે જહોન સરેરાશથી થોડો વધારે સારો હતો અને હંમેશાં તેના વર્ગમાં ટોચના ૧૫માં રહેતો હતો, પરંતુ તે જય હિંદ કોલેજમાં ફૂટબોલ ટીમનો કેપ્ટન હતો. તેણે તેની શાળામાં ટ્રેક રેસ પણ ચલાવી હતી અને માસ્ટર જાવેદ ખાન હેઠળ 'તાઈ ક્વોન દો'માં તાલીમ લીધી હતી.

**આર. માધવન**

અભિનેતા આર. માધવન બોલીવૂડ અને સાઉથ સિનેમા ઉદ્યોગ બન્નેમાં જાણીતું નામ છે. માધવનના પિતા રંગનાથન શેષાદ્રી ટાટા સ્ટીલમાંથી નિવૃત્ત છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, માધવનના પિતા ખૂબ જ સાદી જીવનશૈલી સાથે જીવે છે.

**સિદ્ધાર્થ મલ્હોત્રા**

સિદ એક શિક્ષિત પરિવારનો છે. તેના પિતા મર્ચન્ટ નેવીમાં કેપ્ટન છે અને માતા ગૃહિણી છે. તેના મોટા ભાઈ ફાઈનાન્સના ક્ષેત્રમાં નોકરી કરે છે. તેણે તેમના શરૂઆતના વર્ષોમાં દિલ્હીમાં રહ્યા અને ૮ વર્ષની ઉંમરે મુંબઈ ગયા. તેમણે મુંબઈની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં અભ્યાસ કર્યો અને મોડેલિંગમાં કારકિર્દી બનાવવા માટે કોલેજ છોડી દીધી.

# આલિયા ભટ્ટ યુવા પેઢીમાં સૌથી લોકપ્રિય સ્ટાર બની

બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી તરીકે ઉભરી રહેલી આલિયા ભટ્ટ યુવા પેઢીમાં સૌથી લોકપ્રિય સ્ટાર તરીકે બની રહી છે. હાલમાં રજૂ કરવામાં આવેલી તેની તમામ ફિલ્મો તરફ લોકોનુ ધ્યાન ખેંચાયુ છે. જેમાં રાજી, ગુલ્લી બોય, કલંક ફિલ્મનો સમાવેશ થાય છે. સાથે સાથે તે સ્ટુડન્ડ ઓફ ધ યરન્ટ ફિલ્મમાં એક ગીતમાં પણ કામ કરી ચુકી છે. તે આ ગીતમાં ટાઈગરની સાથે જોડી જમાવી રહી છે. તેની પાસે મોટી સંખ્યામાં ફિલ્મો ઉપરાંત અનેક જાહેરાતમાં પણ કામ કરી રહી છે. તે હાલમાં ચાર ફિલ્મો હાથમાં ધરાવે છે. હાલમાં રણબીર કપુર સાથે ડેટિંગ કરી રહેલી આલિયા ભટ્ટ તમામ નવી ફિલ્મોને લઈને આશાવાદી છે. તેની પાસે અન્ય ઓફર પણ આવી રહી છે. તેનાથી પ્રભાવિત રહેલી યુવા અભિનેત્રીઓમાં અક્સરાનો પણ સમાવેશ થાય છે. અભિનેત્રી અક્સરા હસન માને છે કે તેની સામે સૌથી મોટી સ્પર્ધક તરીકે આલિયા ભટ્ટ છે. તેનુ કહેવુ છે કે એક અભિનેત્રી તરીકે આલિયા ભટ્ટથી તે પ્રભાવિત પણ છે. સાથે સાથે તેને તે પડકારરૂપ પણ ગણે છે.



અકસરાએ કહ્યુ છે કે સ્ટુડન્ટ ઓફ ધ યર નામની આલિયાની પ્રથમ ફિલ્મથી જ તે તેને ઓળખે છે. એક અભિનેત્રી તરીકે તે જે રીતે આગેકુચ કરી રહી છે તેના કારણે તે ખુબ ખુશ છે. સાથે સાથે ઓન સ્ક્રીન તે ખુબ ખુબસુરત પણ દેખાય છે.તે જન્મજાત અભિનેત્રી તરીકે છે. વિતેલા વર્ષોના સુપરસ્ટાર અભિનેતા કમલ હાસનની અને સારિકાની પુત્રી ૨૫ વર્ષીય અક્સરા હસનો શમિતાભ નામની ફિલ્મ સાથે બોલિવુડ કેરિયરની શરૂઆત કરી હતી. આશાસ્પદ અભિનેત્રી આલિયા ભટ્ટ બોલિવુડમાં નવા કલાકારો સાથે કામ કરી રહી છે. જેમાં વરૂણ ધવન, સિદ્ધાર્થ મલહોત્રા અને અન્ય અભિનેત્રીમાં સમાવેશ થાય છે. આલિયા ભટ્ટ જાહેરાતોની દુનિયામાં પણ જોરદાર રીતે કામ કરી રહી છે.

# સાવિત્રી – સત્યવાનની ૩૪ ફિલ્મ બની છે

## ૧૦૦ વર્ષ પહેલાં માદન થિયેટર્સ અને રોમની સિનેઝ કંપનીના સહયોગમાં ભારતીય પૌરાણિક કથાનું ઈટલીમાં શૂટિંગ કરવામાં આવ્યું હતું

પહેલું હિન્દી બોલપટ બનવાની હજી ખાસ્સી વાર હતી ત્યારે ૧૯૨૦ના દાયકામાં ફિલ્મ નિર્માણ ધીરે ધીરે વેગ પકડી રહ્યું હતું. દાયકાના પ્રત્યેક વર્ષે બનતી મૂંગી ફિલ્મોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળતો. જોકે જે ફિલ્મો બનતી એમાં પૌરાણિક ચિત્રોનું લેબલ ધરાવતા માઈથોલોજિકલ, ડિવોશનલ કે રિલિજિયસ ફિલ્મોની ભરમાર જોવા મળતી. ૧૦૦ વર્ષ પહેલાં એટલે કે ૧૯૨૩માં નિર્માણ થયેલી કુલ ફિલ્મોમાંથી ૭૦ ટકા ફિલ્મ માઈથોલોજિકલ (પૌરાણિક) અથવા ડિવોશનલ (ભક્તિરસ) હતી. પૌરાણિક ચિત્રપટમાં ઈશ્ર્વર દર્શન જોવા મળતું જ્યારે ભક્તિરસમાં પ્રભુ ભક્તિ માટે ખ્યાતનામ પાત્રો જોવા મળતાં. અન્ય ૩૦ ટકા ફિલ્મ મુખ્યત્વે સામાજિક કે ઐતિહાસિક કથાવસ્તુ ધરાવતી હતી. નોંધવા જેવી વાત એ છે કે ઈટલી અને ઈન્ડિયાના સહયોગમાં પહેલી ફિલ્મનું નિર્માણ ૧૯૨૩માં કરવામાં આવ્યું હતું. કલકત્તાના મદન થિયેટર્સ અને ઈટલીની સિનેઝ ઓફ રોમ કંપનીએ 'સાવિત્રી સત્યવાન' નામની ફિલ્મનું સહનિર્માણ કર્યું હતું. હેરત પમાડનારી વાત એ છે કે આપણી પૌરાણિક કથા ધરાવતી સમગ્ર ફિલ્મનું શૂટિંગ ઈટલીમાં કરવામાં આવ્યું હતું. ફિલ્મના ડિરેક્ટર ઈટલીના હતા અને સત્યવાન, સાવિત્રી અને યમના પાત્રમાં ઈટલીના કલાકાર નજરે પડ્યા હતા. આપણે ત્યાં 'મહાભારત'ના વનપર્વમાં જોવા મળતી આ કથા ભક્તિ પ્રદર્શનનું એક ઉત્તમ ઉદાહરણ છે, જ્યારે રોમમાં ફિલ્મનો પ્રચાર કામણગારી હિન્દુ કથા તરીકે કરવામાં આવ્યો હતો. શૃંગારિક દ્રશ્યોને કારણે ફિલ્મને સેન્સર કરવામાં આવી હતી. આમ પણ ભારતીય પૌરાણિક કથાનું શૂટિંગ ઈટલીના આલીશાન મહેલના બેકડ્રોપમાં કરવામાં આવે એ કેવું બેહૂદું લાગે. ખેર.



પૌરાણિક પાત્રો – કથા ભારતીય ફિલ્મમેકરોને વર્ષોથી વહાલા રહ્યા છે. શ્રીરામ અને શ્રીકૃષ્ણ તેમ જ મહાભારત અને રામાયણને કેન્દ્રમાં રાખીને ફિલ્મ બનતી રહી છે. સાવિત્રી – સત્યવાનની કથા પણ ફિલ્મમેકરોને પ્રિય રહી છે. એક નોંધ પ્રમાણે હિન્દી ઉપરાંત મરાઠી, બંગાળી અને સાઉથની વિવિધ ભાષામાં સાવિત્રી – સત્યવાનની કુલ ૩૪ ફિલ્મ બની છે. અલબત્ત એમાં મૂળ કહાની અદલોઅદલ પેશ કરવા ઉપરાંત એને આધુનિક સંદર્ભમાં રજૂ કરવાની કોશિશ પણ કરવામાં આવી છે. સૌથી પહેલી ફિલ્મ ભારતીય ફિલ્મ જગતના પિતામહ તરીકે ખ્યાતનામ દાદાસાહેબ ફાળકેએ 'સાવિત્રી' (૧૯૧૩) ટાઈટલ સાથે બનાવી હતી. આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં પહેલી વાર ફિલ્મ રજૂ કરનાર કલકત્તાના મારવાડી બિઝનેસમેન આર. એલ. ખેમકાની ફિલ્મ કંપની ઈસ્ટ ઈન્ડિયા ફિલ્મ કંપનીએ તેલુગુમાં 'સતી સાવિત્રી' (૧૯૩૩) નામની ફિલ્મ બનાવી હતી. એ સમયે અધધ કહેવાય એવા ૭૫૦૦૦ રૂપિયાના બજેટમાં બનેલી આ ફિલ્મને બોક્સ ઓફિસ પર ફાંકડી સફળતા મળી હતી. વેનિસ ફિલ્મ ફેસ્ટિવલમાં રજૂ કરવામાં આવી હતી જ્યાં એને ઓનરરી ડિપ્લોમા એનાયત થયો હતો.

બોમ્બે ટોકીઝના નિર્માણ હેઠળ હિમાંશુ રોય ગ્રામ્ય પાશ્ર્વભૂમિમાં સુધારાવાદી ફિલ્મો બનાવવા માટે વધુ જાણીતા હતા. જોકે ૧૯૩૭માં તેમણે 'સાવિત્રી' નામની ફિલ્મ બનાવી હતી. તેમના નામ સામે આ એકમાત્ર પૌરાણિક ફિલ્મ બોલે છે. બુદ્ધના જીવન પરથી 'ધ લાઈટ ઓફ એશિયા' (૧૯૨૫) તેમ જ હિમાંશુ રોય સાથે 'અછૂત કધ્યા' અને 'જીવન નૈયા' જેવી નોંધપાત્ર ફિલ્મોનું દિગ્દર્શન કરનાર જર્મન ફિલ્મમેકર ફ્રાન્ઝ ઓસ્ટને 'સાવિત્રી' ડિરેક્ટ કરી હતી. દેવિકા રાની અને અશોક કુમાર ફિલ્મના મુખ્ય કલાકાર હતાં. ફિલ્મનું સંગીત સરસ્વતી દેવી (ખોરશેદ મિનોચર – હોમજી)નું હતું અને આ ફિલ્મમાં ૧૨ ગીતો હતાં જેમાંથી ત્રણ ગીતમાં અશોક કુમારનું પ્લેબેક હતું.

૧૯૯૦ના દાયકા પછી સત્યવાન – સાવિત્રીની કથાને આધુનિક સંદર્ભમાં રજૂ કરવાના અખતરા જોવા મળ્યા છે. ઊડીને આંખે વળગે એવું ઉદાહરણ છે મણિરત્નમ દિગ્દર્શિત 'રોજા'. રોજા (મધુ) નામની ગ્રામ્ય કધ્યાના લગ્ન ગુપ્તચર વિભાગમાં નોકરી કરતા રિશી (અરવિંદ સ્વામી) સાથે થાય છે. આતંકવાદીઓ રિશીનું અપહરણ કરે છે અને પોતાના પાટને મુક્ત કરાવવા રોજા દેશભરમાં દોડાદોડી કરે છે. પૌરાણિક કથાને આધુનિક સ્પર્શ. રોજાની વણથંભી કોશિશ જ રિશી સાથેના ફરી મેળાપમાં નિમિત્ત બને છે. સાવિત્રીનું મોડર્ન સ્વરૂપ. વિક્રમ ભટ્ટની 'રાઝ' (૨૦૦૨) હોરર ફિલ્મ છે પણ એની કથા સત્યવાન – સાવિત્રીની વાતને અલગ સ્વરૂપે પેશ કરે છે. 'વોરિયર સાવિત્રી' (૨૦૧૬)માં પણ સાવિત્રી યમરાજા પાસેથી પતિને પાછો લાવે છે એ વાત આધુનિક સ્વરૂપે કહેવામાં આવી છે. ટૂંકમાં કહીએ તો સત્યવાન – સાવિત્રી કથા સર્વકાલીન છે.

## પૌરાણિક કથાનું ગુજરાતી કનેક્શન

ઉપેન્દ્ર ત્રિવેદી – જયશ્રી ગડકરની 'મહાસતી સાવિત્રી' (૧૯૭૩) નામની ફિલ્મ આવી હતી પણ એ હિન્દીમાં હતી. જોકે એવું જ નામ ધરાવતી મહા સતી સાવિત્રી નામની ગુજરાતી ફિલ્મ આજથી ૬૦ વર્ષ પહેલાં (૧૫ ફેબ્રુઆરી, ૧૯૬૩) રિલીઝ થઈ હતી. રાવજીભાઈ પટેલ નિર્મિત આ ફિલ્મનું દિગ્દર્શન ગિરીશ મનુકાંતે કર્યું હતું અને મનહર દેસાઈ, રણજિત રાજ અને અંજના ફિલ્મના મુખ્ય કલાકાર હતાં. 'જીવણો જુગારી' અને 'રમત રમાડે રામ' જેવી નોંધપાત્ર ગુજરાતી ફિલ્મો બનાવનાર દિનેશ રાવળે ૧૯૬૩માં 'સત્યવાન સાવિત્રી' નામની ફિલ્મ બનાવી હતી. મહેશ દેસાઈ, અરુણા ઈરાની, શશિકલા અને જીવન ફિલ્મના મુખ્ય કલાકાર હતાં. ગુજરાત સરકારનો શ્રેષ્ઠ દિગ્દર્શક તરીકેનો પુરસ્કાર મેળવનાર દિનેશ ભાઈ ૧૯૬૩થી ૨૦૦૨ સુધી સક્રિય રહ્યા હતા. તેમણે મલ્લિકા સારાભાઈ સાથે બનાવેલી 'મેના ગુર્જરી'ને બહોળો આવકાર મળ્યો હતો અને ફિલ્મ સુવર્ણ જયંતી મનાવવામાં સફળ રહી હતી. કુશળ સ્ટીલ ફોટોગ્રાફર અને એક અચ્છા અભિનેતા તરીકે ખ્યાતિ મેળવ્યા બાદ કાનજીભાઈ રાઠોડ પંકાયા એક કાબેલ દિગ્દર્શક તરીકે. મુખ્યત્વે મૂંગી ફિલ્મના દોરમાં ડિરેક્શન કરનાર કાનજીભાઈએ ૧૯૨૩માં ધાર્મિક ચિત્રપટ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમના ચિત્રપટ 'ગોસ્વામી તુલસીદાસ', 'સતી નર્મદા', 'શ્રી બાળકૃષ્ણ', 'શુકદેવ', 'વીર ભીમસેન' , 'વત્રાસુર વધ' વગેરે ફિલ્મોનું દિગ્દર્શન કર્યું હતું. કાનજીભાઈ દિગ્દર્શિત 'ભક્ત વિદુર' ફિલ્મ સ્વાતંત્ર્યસંગ્રામના એ તબક્કામાં ખૂબ ચર્ચિત થઈ હતી. દ્વારકાદાસ સંપટે વિદુરની ભૂમિકા ભજવી હતી જ્યારે માણેકલાલ પટેલે કૃષ્ણની. ગાંધીજીની ચળવળને રજૂ કરતી આ ફિલ્મ પર પ્રતિબંધ મુકાયો હતો.



# રણજી ટ્રોફી-સૌરાષ્ટ્રના પ્રેરક માંકડ અને રવીન્દ્ર જાડેજાએ સદી ફટકારી

## મુંબઈએ ચંદીગઢને ૭૮ રનમાં સમેટ્યું, તુષાર દેશપાંડેની હેટ્રિક; ઉમેશ યાદવે પંજાબ માટે ડેબ્યૂ મેચમાં ૫ વિકેટ ઝડપી

રણજી ટ્રોફી ૨૦૨૬-૨૭ના બીજા દિવસે મુંબઈના તુષાર દેશપાંડેએ ચંડીગઢ સામે હેટ્રિક લઈને પાંચ વિકેટ પૂર્ણ કરી. તેમની બોલિંગ સામે ચંડીગઢની પ્રથમ ઈનિંગ્સ માત્ર ૭૮ રનમાં સમેટાઈ ગઈ. મુંબઈએ ૪૨૯ રન બનાવ્યા બાદ ફોલોઑન આપ્યું અને બીજી ઈનિંગ્સમાં પણ ચંડીગઢની એક વિકેટ ઝડપી લીધી.



બીજી તરફ, વિદર્ભના કેપ્ટન અક્ષય વાડકર બેવડી સદીથી માત્ર ૨ રન દૂર રહી ગયા. સૌરાષ્ટ્રના પ્રેરક માંકડ અને રવીન્દ્ર જાડેજાએ સદી ફટકારી.બંગાળના સુદીપ કુમાર ઘરામી અને અભિષેક પોરેલે દિલ્હીની સામે અણનમ સદીની ઈનિંગ્સ રમીને ટીમને લીડ અપાવી. પંજાબ તરફથી રમી રહેલા ઉમેશ યાદવે પણ આસામ સામે બે વર્ષ બાદ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં વાપસી કરીને પાંચ વિકેટ ઝડપી.મુંબઈએ પ્રથમ બેટિંગ કરતાં ૪૨૯ રન બનાવ્યા. ટીમ માટે તનુષ કોટિયને અને તુષાર દેશપાંડેએ અર્ધસદી ફટકારીને નીચલા ક્રમે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. કેપ્ટન સિદ્ધેશ લાડે ૮૬ રન બનાવ્યા. ચંડીગઢના રાજ અંગદ બાવા અને રોહિત ધાંડાએ ૪-૪ વિકેટ ઝડપી.જવાબમાં ચંડીગઢની બેટિંગ ખરાબ રીતે લથડી ગઈ. તુષાર દેશપાંડેએ અર્જુન આઝાદ, શિવમ ભાંબરી અને દીપેન્દ્ર કુશને સતત બોલ પર આઉટ કર્યા. મુંબઈના મોહિત અવસ્થીએ પણ ૯ રન આપીને ૩ વિકેટ ઝડપી.ચંદીગઢની ટીમ ૭૮ રન પર ઓલઆઉટ થઈ ગઈ. મુંબઈએ ફોલોઑન આપ્યો અને બીજી ઈનિંગ્સમાં પણ ચંદીગઢની એક વિકેટ પડી ગઈ. દેશપાંડેએ પોતાની ફર્સ્ટ ક્લાસ કારકિર્દીની છઠ્ઠી પાંચ વિકેટની સિદ્ધિ મેળવી, જેમાં આ હેટ્રિક પણ સામેલ રહી.

વિદર્ભે પુડુચેરી સામે પહેલી ઈનિંગ્સમાં ૪૨૮ રન બનાવ્યા. એક સમયે ટીમે ૫૪ રન પર ૫ વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ અક્ષય વાડકરે ઈનિંગ્સ સંભાળી લીધી. તેમણે ૧૯૮ રન બનાવ્યા અને પોતાની પ્રથમ ફર્સ્ટ ક્લાસ બેવડી સદીથી માત્ર ૨ રન દૂર રહી ગયા. યશ રાઠોડે ૧૩૪ રનની ઈનિંગ્સ રમી. બંને વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૨૦૫ રનની ભાગીદારી થઈ. પુડુચેરીએ જવાબમાં દિવસની રમત સમાપ્ત થાય ત્યાં સુધી ૯૮ રન પર એક વિકેટ ગુમાવી હતી.

સૌરાષ્ટ્રે છત્તીસગઢ સામે પહેલી ઈનિંગ્સમાં ૩૯૨ રન બનાવ્યા. પ્રેરક માંકડે ૧૨૯ રનની ઈનિંગ્સ રમી, જ્યારે રવીન્દ્ર જાડેજાએ ૧૦૨ રન બનાવ્યા. માંકડ અને જાડેજા વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૨૦૫ રનની ભાગીદારી થઈ. જાડેજાને ધર્મેન્દ્રસિંહ જાડેજાએ આઉટ કર્યો. ચિરાગ જાનીએ પણ ૮૩ રન બનાવ્યા. જવાબમાં છત્તીસગઢે દિવસની રમત પૂરી થવા સુધી ૧૨૨ રનમાં ૩ વિકેટ ગુમાવી દીધી હતી.

કલ્યાણીમાં બંગાળે દિલ્હીના ૨૪૦ રનના જવાબમાં મજબૂત શરૂઆત કરી. સુદીપ કુમાર ઘરામીએ અને અભિષેક પોરેલે સદી ફટકારી અને ચોથી વિકેટ માટે અણનમ ૧૯૯ રનની ભાગીદારી કરી. દિવસની રમત સમાપ્ત થવા સુધી બંગાળે ૩ વિકેટે ૩૦૪ રન બનાવી લીધા હતા અને ૬૪ રનની સરસાઈ મેળવી લીધી હતી.

૧૯મો જન્મદિવસ ઉજવ્યાના બે દિવસ બાદ એસવી રાહુલે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ડેબ્યૂ કરતાં સદી ફટકારી. ડાબોડી બેટર રાહુલે વિકેટકીપર રેવંત રેડ્ડી સાથે મળીને આંધ્રની ઈનિંગ્સને સંભાળી.દિવસની રમત સમાપ્ત થવા સુધી આંધ્રએ કર્ણાટક સામે સરસાઈ મેળવી લીધી હતી. રેવંત રેડ્ડી ૯૭ રન બનાવીને આઉટ થયા. છઠ્ઠી વિકેટ માટે તેમની અને રાહુલ વચ્ચે અણનમ ૧૩૬ રનની ભાગીદારી થઈ.

# ભારતીય રમતોની બદલાશે તસવીર : ક્રિકેટમાંથી બહાર નીકળી કંપનીઓ અન્ય સ્પોર્ટ્સમાં કરશે રોકાણ

## કેટલીક ટોચની કંપનીઓ મહિલાઓ સાથે જોડાયેલી રમતો ઉપરાંત નવી રમતોમાં સારું ભવિષ્ય જોઈ રહી છે : વર્ષ ૨૦૨૫માં રમતો સાથે જોડાયેલો વેપાર ૧૮ હજાર કરોડ, ૨૦૨૪માં રમત બજાર ૧૬,૬૩૩ કરોડ રૂપિયા હતું જે વધીને ૨૦૨૫માં ૧૮,૮૬૪ કરોડ રૂપિયા થયું

ભારતનાં રમત બજારમાં ક્રિકેટનું વર્ચસ્વ છે પણ છેલ્લાં કેટલાક વર્ષોમાં અન્ય રમતોની પણ લોકપ્રિયતા ઝડપથી વધી છે. હાલમાં જ થયેલી કોમનવેલ્થ અને એશિયન ગેમ્સમાં ભારતીય એથલીટોનું પ્રદર્શન સારું રહ્યું છે. એવામાં રમત બજાર હવે ક્રિકેટથી આગળ અન્ય રમતોમાં પણ રોકાણ કરવાની યોજના બનાવી રહ્યું છે.

રિપોર્ટ મુજબ, ખાનગી રોકાણકારો રમતોમાં નવા અવસર શોધી રહ્યાં છે. રોકાણકારોનો ભાર એવા રમત માળખાના નિર્માણ પર છે, જે લાંબા સમય સુધી ટકાઉ સાબિત થઈ શકે.

હાલનાં મહિનાઓમાં ઘણી મોટી રમત કંપનીઓએ અન્ય રમતોમાં રોકાણની સંભાવનાઓ પર ધ્યાન આપવાનું શરૂ કર્યું છે. તેમાં ખાસ કરીને મહિલા રમતો અને ઉભરતી લીગ સામેલ છે.

કોરોના મહામારી પછી ભારતમાં રમત બજાર ઉછાળા પર છે. વર્ષ ૨૦૨૫માં પહેલી વાર રમત બજાર ૨ અબજ ડોલર (૧૮,૮૬૪ કરોડ રૂપિયા)ને પાર ગયું, જે ૨૦૨૪ કરતાં ૧૩.૪ ટકા વધુ હતું.

ડિજિટલ પ્રસારણ : રમતોને ટીવી પર નિર્ભર રહ્યાં વગર ઓનલાઈન દર્શકો સુધી પહોંચાડી શકાય છે.

મહિલા રમતો :મહિલા રમતોને લઈને દર્શકો અને પ્રાયોજકોનો દ્રષ્ટિકોણ ઘણો બદલાયો છે. આનાથી રોકાણના નવા રસ્તા બની રહ્યાં છે.

નવી લીગ : ઘણી નવી લીગ સામે આવી રહી છે. આનાથી ફ્રેન્ચાઈઝી, જાહેરાત અને પ્રાયોજનથી આવકના રસ્તા બની રહ્યાં છે.

રમત સુવિધાઓની માંગ :




કોર્ટ, પ્રશિક્ષણ કેન્દ્ર અને સ્પર્ધા સ્થળોનાં નિર્માણમાં અવસર ઊભા થઈ રહ્યાં છે. અહીં પણ રોકાણની સંભાવના છે.

કોમનવેલ્થ અને ઓલિમ્પિકે આશાઓ વધારી

૧. ભારત ૨૦૩૦માં કોમનવેલ્થ રમતોની યજમાની કરશે, જેનુંઆયોજન ગુજરાતનાંઅમદાવાદ શહેરમાં થશે. આ ઉપરાંત, ભારત ૨૦૩૬ ઓલિમ્પિક રમતોની યજમાની મેળવવાની હરિફાઈમાં પણ સામેલ છે.

૨. રમતો સાથે જોડાયેલી કંપનીઓનું માનવું છે કે ભારત જે રીતે આંતરરાષ્ટ્રીય રમતોની યજમાની મેળવી રહ્યું છે અને જે રીતે ભારતીય ખેલાડીઓ સારું પ્રદર્શન કરી રહ્યાં છે, તેનાથી દેશમાં રમતો પર રોકાણ કરવાનું ભવિષ્ય ઉજ્જવળ છે.

રોકાણકારોની રુચિ ઘણી નવી રમતોમાં પણ રોકાણ કરવા પર છે. કબડ્ડી, ફૂટબોલ અને કુસ્તી પર ઘણા સમયથી રોકાણ થઈ રહ્યું છે, પણ હવે પેડલ, પિકલબોલ, સ્ક્વોશ, ઈ-સ્પોર્ટ્સ ઉપરાંત વોલીબોલમાં પણ આશાઓ શોધવામાં આવી રહી છે.

મહિલા રમતોની વધતી લોકપ્રિયતા રોકાણકારો માટે એક મહત્વપૂર્ણ અવસર બની રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મહિલા ક્રિકેટ જે ઝડપથી લોકપ્રિય થયું છે, તેનાથી મહિલા ફૂટબોલ અને અન્ય રમતોને પણ મજબૂત કરવા પર વિચાર કરવામાં આવી રહ્યો છે.

અખિલ ભારતીય ફૂટબોલ મહાસંઘ સાથે મહિલા ફૂટબોલને પ્રોત્સાહન આપવા માટે ૧૫ વર્ષીય વ્યાવસાયિક કરાર કરવામાં આવ્યો છે. નિષ્ણાતોનું માનવું છે કે મહિલા ખેલાડીઓને વધુ સારી સુવિધાઓ, નિયમિત ટુર્નામેન્ટ અને વ્યાપક પ્રસારણ ઉપલબ્ધ કરાવવાથી દર્શકોની સંખ્યા વધી શકે છે.

# ઈજાગ્રસ્ત પંતની જગ્યાએ કુશાગ્ર ભારત 'એ' ટીમમાં સામેલ

વિકેટકીપર બેટ્સમેન કુમાર કુશાગ્રને ન્યૂઝીલેન્ડ પ્રવાસનાં શરૂઆતનાં બે મેચ માટે ઈજાગ્રસ્ત ઋષભ પંતની જગ્યાએ ભારત એ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.



બીસીસીઆઈએ સોમવારે આ જાણકારી આપી. ઈરાની કપમાં શેષ ભારતની આગેવાની કરનાર પંતની માંસપેશીઓમાં ખેંચાણ આવી ગયું છે. તે શરૂઆતનાં બે મેચથી બહાર થઈ ગયો છે.

બીસીસીઆઈએ કહ્યું, તે બોર્ડની તબીબી ટીમની દેખરેખમાં છે અને સારી રીતે સાજો થઈ રહ્યો છે. ત્રીજી મેચ માટે તેની ઉપલબ્ધતા પર નિર્ણય પછીથી લેવામાં આવશે. કેપ્ટનશીપ ધ્રુવ જુરેલ કરશે. તે વિકેટકીપિંગ પણ સંભાળશે. ટીમમાં યશસ્વી, લોકેશ રાહુલ અને વોશિંગ્ટન જેવા ખેલાડીઓની સાથે દેવદત્ત પડિક્કલ અને સાઈ સુદર્શન પણ છે.

# સગાઈ તોડવાના નિર્ણય પર પસ્તાવો : પૃથ્વી શો સાથે આકૃતિ અગ્રવાલે ફરી શરૂ કરી નવી સફર

## સોશિયલ મીડિયા પર ખુલાસો કરી આકૃતિએ સ્વીકારી પોતાની ભૂલ, અન્યની સલાહથી પ્રભાવિત થઈને લીધો હતો અલગ થવાનો નિર્ણય

ભારતીય ક્રિકેટર પૃથ્વી શૉ અને અભિનેત્રી-ઈન્ફ્લુએન્સર આકૃતિ અગ્રવાલે સગાઈ તોડ્યાના થોડા અઠવાડિયા બાદ પોતાનાં સંબંધને વધુ એક તક આપવાનો નિર્ણય કર્યો છે.



સોશિયલ મીડિયા પર એક નિવેદન જારી કરીને આકૃતિએ આ નિર્ણયની તમામ જવાબદારી સ્વીકારી હતી અને જણાવ્યું હતું કે અગાઉ તે નજીકના લોકોની સલાહથી પ્રભાવિત થઈ ગઈ હતી, જેના કારણે બંને વચ્ચે અંતર થયું હતું. પૃથ્વી શૉએ પણ સોમવારે આ નિવેદનને પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કર્યું હતું.આકૃતિએ પોતાનાં નિવેદનમાં સ્પષ્ટ કર્યું કે, જ્યારે તેણે સગાઈ તોડવાનો નિર્ણય કર્યો ત્યારે તેણે અન્ય લોકોની વાતોને પોતાના સંબંધ પર હાવી થવા દીધી હતી. તેણે સ્વીકાર્યું કે યોગ્ય વાતચીત કર્યા વિના જ તેણે આ પગલું ભરી લીધું હતું.જોકે, હવે બંનેએ ખુલીને ચર્ચા કરી છે, એકબીજાને સમજ્યા છે અને ફરીથી સાથે રહેવાનો નિર્ણય લીધો છે. નોંધનીય છે કે આ જોડીએ આ વર્ષે માર્ચમાં જ પોતાની સગાઈની જાહેરાત કરી હતી, પરંતુ સપ્ટેમ્બરમાં અલગ થવાની ઘોષણાએ ચાહકોથી લઈને ક્રિકેટ જગતમાં ચર્ચા જગાવી હતી.

બીજી બાજુ, પૃથ્વી શૉ પોતાનાં ક્રિકેટ કરિયરને ફરીથી પાટા પર લાવવા માટે સખત મહેનત કરી રહ્યાં છે. ઘરેલું ક્રિકેટમાં મહારાષ્ટ્રની ટીમ તરફથી રમતા તેમણે તાજેતરમાં જ સર્વિસિસ સામે શાનદાર ૭૦ રનની ઈનિંગ રમી છે. જ્યાં એક તરફ પૃથ્વી મેદાન પર પોતાનાં પ્રદર્શનથી કમબેક કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે, ત્યાં બીજી તરફ આ નવા નિવેદનથી બંનેએ પોતાની અંગત જિંદગીમાં પણ સંબંધોને નવી શરૂઆત આપી છે.

# ભારતીય કેપ્ટન અય્યરે જીતનો શ્રેય બોલરોને આપ્યો

ભારતના T-20 કેપ્ટન શ્રેયસ અય્યરે ઈન્દોરમાં વેસ્ટ ઈન્ડીઝ સામે મળેલી જીતનો શ્રેય બોલરોને આપ્યો છે. તેમણે અભિષેક શર્મા, ઈશાન કિશન અને પ્રિન્સ યાદવની બેટિંગની પણ પ્રશંસા કરી.

રવિવારે મેચ બાદની પ્રેઝન્ટેશનમાં શ્રેયસે કહ્યું- અમારા બોલરો પોતાની યોજનાઓને લઈને સ્પષ્ટ હતા અને દરેક બોલર પડકાર માટે તૈયાર હતો.શ્રેયસે કહ્યું, 'આ શાનદાર જીત હતી, કારણ કે બોલરો પોતાની યોજનાઓ પર ખૂબ જ આત્મવિશ્વાસ ધરાવતા હતા. તેમની વિચારસરણીમાં સ્પષ્ટતા દેખાઈ રહી હતી. તેઓ પોતાની યોજનાઓને અમલમાં મૂકવા માટે સંપૂર્ણપણે તૈયાર હતા. શ્રેયસે કહ્યું- 'જ્યારે પણ મેં કોઈ બોલરને બોલ સોંપ્યો, ત્યારે તે પડકાર માટે તૈયાર હતો. કેપ્ટન તરીકે તમે તમારા બોલરો પાસેથી આ જ ઈચ્છો છો.'અય્યરે કહ્યું- 'પાવરપ્લેમાં અભિષેકે જે રીતે બેટિંગ કરી અને ત્યારબાદ ઈશાને ઈનિંગ્સને આગળ વધારી, તે શાનદાર હતું. ઈશાન છેલ્લા કેટલાક મહિનાઓથી સારું પ્રદર્શન કરી રહ્યો છે. અંતે પ્રિન્સ યાદવની નાની, પરંતુ ઝડપી ઈનિંગ્સ પણ મહત્વપૂર્ણ રહી. તેણે બનાવેલા રન નિર્ણાયક સાબિત થયા.'શ્રેયસે કહ્યું કે વેસ્ટ ઈન્ડીઝને હળવાશથી લઈ શકાય નહીં. આવા મેદાનો પર જ્યાં મોટા સ્કોર બને છે, ત્યાં પોતાની વ્યૂહરચના પર અડગ રહેવું અને આક્રમક રીતે રમવું જરૂરી છે.વેસ્ટ ઈન્ડીઝના કેપ્ટન શાઈ હોપે હાર બાદ કહ્યું કે તેમની ટીમ બોલિંગમાં વધુ સારું પ્રદર્શન કરી શકતી હતી. તેમણે કહ્યું, 'ક્રિકેટમાં જીત અને હાર વચ્ચેનો તફાવત ખૂબ જ ઓછો હોય છે. ઘણી એવી તકો આવે છે, જે મેચનો રંગ બદલી શકે છે. અમે બોલિંગમાં વધુ સારું પ્રદર્શન કરી શકતા હતા અને અમે કેટલીક બાઉન્ડરી સરળતાથી આપી દીધી.'હોપે અભિષેક અને ઈશાનની ભાગીદારીને ખતરનાક ગણાવી. તેમણે કહ્યું કે રોસ્ટન ચેઝે વિકેટ લઈને વેસ્ટ ઈન્ડીઝની વાપસી કરાવી, જે પ્રશંસાને પાત્ર હતી.

# બાસ્કેટબોલ : માઈકલ જોર્ડનની જર્સી ૧૩૩ કરોડમાં વેચાઈ

## ૧૯૯૮ NBA ફાઇનલમાં પહેરી હતી આ જર્સી, બાસ્કેટબોલની સૌથી મોંઘી યાદગાર વસ્તુ બની

અમેરિકાનાં દિગ્ગજ બાસ્કેટબોલ ખેલાડી માઈકલ જોર્ડનની પહેરેલી જર્સી લગભગ ૧૪૦ લાખ ડોલર (આશરે ૧૩૩ કરોડ રૂપિયા) માં વેચાઈ છે. આ જર્સી જોર્ડને ૧૯૯૮ના NBA ફાઈનલમાં પહેરી હતી.




આ જર્સી ખાનગી સમજૂતી હેઠળ વેચાઈ છે, જેમાં ખરીદનાર મિયામીના રિચર્ડ લુકેટે હરાજીકાર નીલ ફિશમેન મારફતે ખરીદી છે. પ્રોફેશનલ રમતોના હિટ ઓક્શને દાવો કર્યો છે કે આ બાસ્કેટબોલ સાથે જોડાયેલી સૌથી મોંઘી યાદગાર વસ્તુ છે.

આ ખાસ લાલ રંગની જર્સી જોર્ડને ૫ જૂન, ૧૯૯૮ના રોજ રમાયેલી ફાઈનલ સિરીઝની બીજી મેચમાં પહેરી હતી. ૬ મેચની આ રોમાંચક સિરીઝમાં શિકાગો બુલ્સ ટીમને વિજયી બનાવવામાં આ પ્રદર્શન મહત્ત્વનું રહ્યું હતું. જોર્ડનની શાનદાર હોલ ઓફ ફેમ કરિયરનું આ છઠ્ઠું અને અંતિમ ટાઈટલ હતું. ઉલ્લેખનીય છે કે આ જર્સી અગાઉ ૨૦૦૩માં એક ખાનગી કલેક્ટરે ખરીદી હતી.રમત જગતમાં માઈકલ જોર્ડનની યાદગાર વસ્તુઓ હંમેશા મસમોટા ભાવે વેચાતી રહી છે. અગાઉ ૨૦૨૨માં તેમની ગેમ-૧ની જર્સી ૯૬.૫૮ કરોડ રૂપિયામાં અને અન્ય ગેમની જર્સી ૧૧૭ કરોડ રૂપિયામાં વેચાઈ ચૂકી છે. આ ઉપરાંત, તેમના ગેમ-૨ના શૂઝ પણ ૨૧ કરોડ રૂપિયામાં વેચાયા હતા, જે રમતજગતમાં જોર્ડનના અદ્ભુત ક્રેઝ અને લોકપ્રિયતાની સાક્ષી પૂરે છે.

# પૂર્વ ક્રિકેટરે અગરકરની પસંદગી સમિતિ પર સવાલો ઉઠાવ્યા

## વસીમ જાફરે કહ્યું- સમિતિના ખરાબ વર્તનને કારણે કોહલીએ ટેસ્ટમાંથી સંન્યાસ લીધો

પૂર્વ ભારતીય ક્રિકેટર વસીમ જાફરે વિરાટ કોહલીના ટેસ્ટમાંથી નિવૃત્તિ લેવા માટે અજિત અગરકરની પસંદગી સમિતિને જવાબદાર ઠેરવી છે.

જાફરે કહ્યું કે કોહલી પસંદગી પેનલના વર્તનથી નારાજ હતા. તેમણે એમ પણ કહ્યું કે કોહલી ઈંગ્લેન્ડ પ્રવાસની તૈયારી કરી રહ્યા હતા અને વધુ ટેસ્ટ મેચ રમી શક્યા હોત.



ભારતના દિગ્ગજ ખેલાડીઓ વિરાટ કોહલી અને રોહિત શર્માએ ગયા વર્ષે એક અઠવાડિયાની અંદર ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. ત્યાર બાદ ભારતીય ટીમે ઈંગ્લેન્ડ સામેની પાંચ ટેસ્ટ મેચોની સિરીઝ માટે જવાનું હતું.

જાફરે અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિ પર કોહલી સાથે ખોટું વર્તન કરવાનો આરોપ લગાવ્યો. જાફરે કહ્યું, 'એવું લાગ્યું કે વિરાટ સાથે જે રીતે વર્તન કરવામાં આવ્યું, તેનાથી તેઓ થોડા નારાજ હતા.'

તેમણે કહ્યું, 'વિરાટ જેવા ખેલાડી દર્શકોને મેદાન સુધી લાવે છે. તેમના ઘણા બધા ફોલોઅર્સ છે. તેઓ નિશ્ચિતપણે વધુ ટેસ્ટ ક્રિકેટ રમી શક્યા હોત. જ્યાં સુધી આપણે વિરાટના મોઢેથી નહી સાંભળીએ, ત્યાં સુધી ખબર નહી પડે.'

આ પહેલાં પૂર્વ ભારતીય કોચ રવિ શાસ્ત્રીએ કોહલીના નિવૃત્તિ અંગે કહ્યું હતું- 'કોહલી સતત જાહેર ટીકા-ટિપ્પણીઓથી માનસિક રીતે થાકી ગયા હતા.'

કોહલી ૧૨૫ ટેસ્ટ મેચ પૂર્ણ કરવાથી માત્ર બે મેચ દૂર હતા. આવું કરવાથી તેઓ ટેસ્ટ મેચોની સંખ્યાના મામલે મહાન સુનીલ ગાવસ્કરની બરાબરી કરી લેત.

કોહલી ટેસ્ટમાં ૧૦ હજાર રન પૂરા કરવામાં પણ માત્ર ૭૭૦ રન દૂર હતા. આ સિદ્ધિ હાંસલ કર્યા બાદ તેઓ ગાવસ્કર, સચિન તેંડુલકર અને રાહુલ દ્રવિડ પછી આવું કરનાર ચોથા ભારતીય બની જાત.

કોહલીએ ૨૦૨૫ની શરૂઆતમાં ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ભારત માટે પોતાની છેલ્લી ટેસ્ટ સિરીઝ રમી હતી. તેમણે તે સિરીઝની પાંચ ટેસ્ટ મેચોમાં ૨૩.૭૫ની સરેરાશથી માત્ર ૧૯૦ રન બનાવ્યા હતા.

# ૨૦૨૭ વર્લ્ડ કપ જીતવા માટે મોહમ્મદ કૈફની ગૌતમ ગંભીરને મહત્વની સલાહ

## વનડે વર્લ્ડ કપ જો ભારતે જીતવો હોય, તો બોલિંગ અને ફિલ્ડિંગને ઠીક કરવી પડશે : મોહમ્મદ કૈફ

આગામી વર્ષે ૨ ઓક્ટોબરથી દક્ષિણ આફ્રિકાની યજમાનીમાં વનડે વર્લ્ડ કપ ૨૦૨૭નો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ ટૂર્નામેન્ટને લઈને ભારતીય ટીમ મેનેજમેન્ટ અત્યારથી જ તૈયારીઓમાં વ્યસ્ત છે અને એવા ખેલાડીઓને તૈયાર કરવામાં આવી રહ્યાં છે જેઓ ટીમનો ભાગ બની શકે.

આ તૈયારીઓ વચ્ચે પૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફે ગૌતમ ગંભીર એન્ડ કંપનીને એક ખાસ ચેતવણી આપી છે. કૈફે તે મહત્વનાં પાસા પર વાત કરી છે જેનાં વગર ભારત માટે વર્લ્ડ કપ ચેમ્પિયન બનવું ખૂબ જ મુશ્કેલ સાબિત થઈ શકે છે.

મોહમ્મદ કૈફે જણાવ્યું છે કે, દક્ષિણ આફ્રિકામાં રમવાની પરિસ્થિતિઓ હવે બેટિંગ માટે ઘણી સારી થઈ ગઈ છે. કૈફે કહ્યું હતું, 'દક્ષિણ આફ્રિકામાં પરિસ્થિતિઓ ઘણી સારી થઈ ગઈ છે, ત્યાં ઘણી પિચો બેટિંગ માટે સારી છે. તેથી, મને નથી લાગતું કે બોલરો હાવી રહેશે. મને લાગે છે કે બેટ્સમેનો હાવી રહેશે, તેથી જે ટીમ પાસે વધુ સારા બોલરો હશે, તે સુંદર પ્રદર્શન કરશે.'

આ ટૂર્નામેન્ટના સેમિફાઇનલ અને ફાઇનલ સહિતની મેચો કેપ ટાઉન, સેન્ચુરિયન અને જોહાન્સબર્ગ જેવા મેદાનો પર રમાશે. કૈફે આગળ ઉમેર્યું, 'બધાની નજરો રોહિત શર્મા અને વિરાટ કોહલી પર છે, મને લાગે છે કે



તેઓ સારું રમશે, જો ભારતે જીતવું હોય, તો બોલિંગ અને ફિલ્ડિંગને ઠીક કરવી પડશે. આ બે મહત્વનાં પાસાઓ છે.'

તેમણે ટીમનાં સહિયારા પ્રયાસ પર ભાર મૂકતા સ્પષ્ટ કર્યું કે વિદેશી ધરતી પર કોઈ એકમાત્ર ખેલાડી તમને વર્લ્ડ કપ જીતાડી શકતો નથી. કોહલી મુખ્ય ખેલાડી ચોક્કસ છે, પરંતુ અન્ય ખેલાડીઓએ પણ ટીમ માટે સાથ આપવો પડશે.

પોતાની વાતને વધુ સ્પષ્ટ કરતાં કૈફે વર્ષ ૨૦૦૩ના વનડે વર્લ્ડ કપનું ઉદાહરણ આપ્યું જેમાં સચિન તેંડુલકર 'પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ' બન્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે, 'તેંડુલકર આપણાં મુખ્ય બેટ્સમેન હતાં, પરંતુ જો તમે મેચ જુઓ, તો બીજાઓએ પણ યોગદાન આપ્યું હતું.

યુવરાજે મહત્વનાં રન બનાવ્યાં, મેં ન્યુઝીલેન્ડ સામે અણનમ અર્ધશતક લગાવ્યું, રાહુલ દ્રવિડ અને વીરેન્દ્ર સેહવાગે રન બનાવ્યાં, આશિષ નેહરાએ ઈંગ્લેન્ડ સામે મેચ વિનિંગ સ્પેલ નાખ્યો, જહીર ખાને સારી બોલિંગ કરી અને શ્રીનાથ આપણા સિનિયર બોલર હતા.

ગાંગુલીની કપ્તાની શાનદાર હતી અને તેનો ઘણો બધો શ્રેય તેમને જાય છે.' નોંધનીય છે કે આગામી આ મહાપ્રતિસ્પર્ધા ૨ ઓક્ટોબરથી શરૂ થઈને ૨૧ નવેમ્બરના રોજ ફાઈનલ મેચ સાથે સમાપ્ત થશે.

# સ્વચ્છ રસોડું એ સ્વસ્થ ગુજરાત તરફનું પ્રથમ અને મહત્વપૂર્ણ પગલું છેઃ આરોગ્ય રાજ્યમંત્રી

## મોટા વરાછાની ચુંદડી રેસ્ટોરન્ટ અને મૌસમ રેસ્ટોરન્ટની મુલાકાત લઈ સ્વચ્છતા તથા પારદર્શક વ્યવસ્થાનું નિરીક્ષણ નહીં, પરંતુ પ્રશંસા કરવા પહોંચ્યા પ્રફુલભાઈ પાનશેરીયા



સુરત, તા.૧૩

તંદુરસ્ત ગુજરાતના નિર્માણ માટે માત્ર સરકારી ગાઈડલાઈનનું પાલન જ નહી, પરંતુ પોતાની નૈતિક જવાબદારી સમજીને સ્વચ્છતા, ગુણવત્તા અને પારદર્શકતાને પ્રાથમિકતા આપતા રેસ્ટોરન્ટ સંચાલકો અન્ય માટે પ્રેરણારૂપ બની શકે છે. આ જ ભાવનાને પ્રોત્સાહન આપવા રાજયના આરોગ્ય રાજય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ સુરતના મોટા વરાછા સ્થિત ચુંદડી રેસ્ટોરન્ટ તેમજ મૌસમ રેસ્ટોરન્ટની મુલાકાત લીધી હતી.

રેસ્ટોરન્ટના સંચાલકો દ્વારા ગ્રાહકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ભોજન મળી રહે તે માટે કરવામાં આવેલી વ્યવસ્થાઓની સરાહના કરતાં મંત્રીશ્રીએ સ્વચ્છતા અને પારદર્શકતાને વ્યવસાયનો અભિન્ન હિસ્સો બનાવવા અનુરોધ કર્યો હતો. રેસ્ટોરન્ટમાં રસોડાની સ્વચ્છતા જાળવવા ઉપરાંત કિચનમાં ઝઝ્ઝફ કેમેરા ગોઠવવામાં આવ્યા છે અને તેની ડિસ્પ્લે એવી રીતે રાખવામાં આવી છે કે ગ્રાહકો પણ ભોજન બનાવવાની પ્રક્રિયા જોઈ શકે. આ વ્યવસ્થાથી રસોડામાં કેવી રીતે ભોજન તૈયાર થાય છે તે અંગે ગ્રાહકોને પારદર્શકતા મળે છે અને તેમનો વિશ્વાસ મજબૂત બને છે. આ ઉપરાંત રેસ્ટોરન્ટમાં કયા બ્રાન્ડની ચીઝ, પનીર અને બટરનો ઉપયોગ થતો હોવા અંગે બોર્ડ લગાવવામાં આવ્યાં છે. સાથે જ એનાલોગ પનીર કે ચીઝનો ઉપયોગ કરવામાં આવતો નથી તેવી સ્પષ્ટ માહિતી દર્શાવતા બોર્ડ પણ મૂકવામાં આવ્યાં છે. ગ્રાહકોને ઉપયોગમાં લેવાતી સામગ્રી અંગે સ્પષ્ટતા મળી રહે તે દિશામાં કરવામાં આવેલી આ પહેલની મંત્રીશ્રીએ પ્રશંસા કરી હતી. ખાસ નોંધનીય બાબત એ છે કે આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા આ મુલાકાત દરમિયાન કોઈને દબાણમાં લેવા કે તપાસના હેતુથી નહીં, પરંતુ સ્વચ્છતા અને પારદર્શકતા માટે સ્વયં પહેલ કરનારા રેસ્ટોરન્ટ સંચાલકોની કામગીરીને બિરદાવવા પહોંચ્યા હતા. મંત્રીશ્રીએ રેસ્ટોરન્ટના માલિકનું ચુંદડી ઓઢાડી સન્માન કર્યું હતું અને તેમની આ પહેલને અન્ય રેસ્ટોરન્ટ સંચાલકો માટે પ્રેરણારૂપ ગણાવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતના દરેક રેસ્ટોરન્ટમાં રસોડું સ્વચ્છ અને આરોગ્યપ્રદ હોવું જોઈએ. શક્ય હોય ત્યાં સુધી રસોડાની કામગીરી ગ્રાહકો જોઈ શકે તેવી પારદર્શક વ્યવસ્થા ઊભી કરવી જોઈએ, જેથી ગ્રાહકોને પીરસાતા ભોજનની ગુણવત્તા અને સ્વચ્છતા અંગે વિશ્વાસ રહે. દરેક રેસ્ટોરન્ટ સંચાલક પોતાની જવાબદારી સમજીને આવી વ્યવસ્થાઓ અપનાવે તે જરૂરી છે. સ્વચ્છ રસોડું અને પારદર્શક ભોજન વ્યવસ્થાની આ પહેલને સુરતથી આગળ વધારી ગુજરાતભરના રેસ્ટોરન્ટ્સ સુધી પહોંચાડવાની ભાવના વ્યક્ત કરતાં મંત્રીશ્રીએ અન્ય સંચાલકોને પણ કિચનમાં ઝઝ્ઝફ કેમેરા ગોઠવવા, ગ્રાહકોને રસોડાની સ્વચ્છતા દેખાય તેવી વ્યવસ્થા કરવા અને ગુણવત્તાયુક્ત સામગ્રીનો ઉપયોગ કરવા અપીલ કરી હતી.

# નવરાત્રિ દરમિયાન નાગરિકોને શુદ્ધ આહાર મળે તે માટે ફૂડ સેફ્ટી વાહનો કાર્યરત રહેશે

## ૧૪૦૭ હોસ્ટેલ-કેન્ટીનની તપાસ, અસ્વચ્છતા પર ઈમ્પ્રુવમેન્ટ નોટિસ : શ્રી પ્રફુલ પાનશેરીયા



સુરત, તા.૧૩

નવરાત્રી પર્વ દરમિયાન અને ત્યારબાદ પણ રાજ્યના નાગરિકોના આરોગ્યની જાળવણી માટે શુદ્ધ, સાત્વિક અને ભેળસેળરહિત ખાદ્યપદાર્થો ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ ગાંધીનગર ખાતે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર અને ઉચ્ચ અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, નવરાત્રિ દરમિયાન મીઠાઈ, ફરસાણ, દૂધ અને ઘી જેવા ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ રોકવા માટે રાજ્યભરમાં મોબાઈલ ફૂડ ટેસ્ટિંગ વાન કાર્યરત રહેશે. આ વાહનો સ્થળ પર જ ખાદ્ય સામગ્રીની ગુણવત્તા ચકાસશે. આ ઉપરાંત ભેળસેળયુક્ત કે હલકી ગુણવત્તાનો ખોરાક વેચનારાઓ સામે કડકમાં કડક કાનૂની પગલાં રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવશે તેવી મંત્રીશ્રીએ ચીમકી પણ આપી હતી. મંત્રીશ્રીએ જનતાને જાગૃત કરતા અપીલ કરી હતી કે, શુદ્ધ અને પૌષ્ટિક આહાર ગ્રહણ કરવો એ પ્રત્યેક નાગરિકનો હક છે. ગ્રાહકો હોટેલ કે રેસ્ટોરન્ટના રસોડાની સ્વચ્છતાની ચકાસણી જાતે કરી શકે છે. જો ક્યાંય પણ અસ્વચ્છતા માલૂમ પડે, તો નાગરિકો તુરંત તેની સત્તાવાર ફરિયાદ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કચેરી ગાંધીનગર ખાતે નોંધાવી શકે છે.આ ઉપરાંત, મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર દ્વારા તા. ૧૪ થી ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન રાજયવ્યાપી હોસ્ટેલ-કેન્ટીન સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ ૧૪૦૭ હોસ્ટેલ-કેન્ટીનની તપાસ કરવામાં આવી હતી, જેમાં ૨૫૯ સરકારી, ૩૦૩ અર્ધસરકારી તથા ૮૪૫ ખાનગી એકમોનો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન કુલ ૩૨૮ હોસ્ટેલ-કેન્ટીનને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવી હતી, તથા ૪૫૯ હોસ્ટેલ-કેન્ટીનના ખાદ્ય નમૂનાઓ લઈને લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલવામાં આવ્યા હતાં. આ તપાસ દરમિયાન ૧૬ એકમો સ્વૈચ્છિક રીતે બંધ કરવામાં આવ્યા હતા તેમજ ૫ એકમોના લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા આ અભિયાન માત્ર તહેવારો પૂરતું મર્યાદિત ન રહેતા કાયમી ધોરણે ચાલુ રહેવું જોઈએ, જેથી નાગરિકોના સ્વાસ્થ્ય સાથે કોઈ ચેડા ન થાય અને શુદ્ધ ખોરાક મળી રહે. ખાસ કરીને સુરત, અમદાવાદ અને વડોદરા જેવી મહાનગરપાલિકાઓની ટીમો દ્વારા દિવસ-રાત કરવામાં આવતી આ કામગીરી અત્યંત પ્રશંસનીય છે તેમ મંત્રીશ્રી પાનશેરીયાએ જણાવ્યું હતું.

## સુમન હાઈસ્કૂલ નં. ૧૪ અને ૧૫ ખાતે

# ‘નન્હી કિલકારી’ અંતર્ગત પોક્સો અવેરનેસ અને નશામુક્ત કાર્યક્રમ યોજાયો




સુરત, તા.૧૩

સુરત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય દ્વારા ‘નન્હી કિલકારી’ કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કૂલ નંબર ૧૪ અને ૧૫ ખાતે પોક્સો અવેરનેસ (જાગૃતિ) તથા નશામુક્ત ભારત અંગેના જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં કાયદાકીય જાગૃતિ કેળવવા, બાળ સુરક્ષા અંગે સમજ વિકસાવવા, સાયબર ગુનાઓ પ્રત્યે સાવચેતી લાવવા અને નશામુક્ત સમાજના નિર્માણ માટે જાગૃતિનાચ આશયથી કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ન્યાયાધીશશ્રી બી.કે. આવાસિયા, ૧૦મા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ, ન્યાયાધીશશ્રી એસ.કે. વ્યાસ, ૧૨મા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ તેમજ ન્યાયાધીશશ્રી આર.એલ. ગુપ્તા, સચિવ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સુરત સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે મહાનુભાવોએ વિદ્યાર્થીઓને પોક્સો એક્ટ, સાયબર ક્રાઈમ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની કામગીરી અને નશામુક્ત ભારતના મહત્વ અંગે વિસ્તૃત અને પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વિદ્યાર્થીઓમાં કાયદાકીય જાગૃતિ વધે, તેઓ પોતાના અધિકારો અને કાયદાકીય રક્ષણ અંગે માહિતગાર બને તેમજ સાયબર ગુનાઓથી સાવચેત રહે તેવા હેતુથી વિવિધ વિષયો સમજાવવામાં આવ્યા હતા.

આ ઉપરાંત આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરશ્રી અજયભાઈ જગતાપ, વહીવટી અધિકારીશ્રી અવિનાશભાઈ પાટીલ, શ્રી મેહુલભાઈ મહેતા (સરકારી ડિફેન્સ કાઉન્સિલ), શ્રી પ્રદીપ શિરસાઠ, શ્રી કમલેશભાઈ શિરસાઠ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પેરા લીગલ વોલન્ટિયર (ન્ફ) શ્રી વિજયભાઈ ગોહિલ, શાળાનાં આચાર્યશ્રી પ્રારંભીબેન ખત્રી, શ્રીમતી દીપ્તિબેન ટેલર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે પ્રશ્નોત્તરી સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહાનુભાવોએ વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.



# વડનગર-વલસાડ ટ્રેનને અંકલેશ્વરનું સ્ટોપેજ મળ્યું

## બળદેવભાઈ પ્રજાપતિએ રેલ્વે મંત્રી સાથે કરેલી મુલાકાત ફળી

અંકલેશ્વર, તા.૧૩

લઘુ ઉદ્યોગ ભારતીના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ તથા લઘુ ઉદ્યોગ ભારતીના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી બળદેવભાઈ પ્રજાપતિજીની ૩ સપ્ટેમ્બરના રોજ માનનીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવજી સાથેની બેઠક અને સતત અસરકારક પ્રયત્નોના પરિણામે વડનગર—વલસાડ ટ્રેનને અંકલેશ્વર ખાતે સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ મહત્વપૂર્ણ રજૂઆત દરમિયાન લઘુ ઉદ્યોગ ભારતીના રાષ્ટ્રીય સંગઠન મંત્રી શ્રી પ્રકાશચંદ્ર ગુપ્તાજી, પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી બળદેવભાઈ પ્રજાપતિજી, પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી વજુભાઈ વગાસિયાજી, રાષ્ટ્રીય સહ મહામંત્રી શ્રી નરેશભાઈ પરીખજી તેમજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી ઈશ્વરભાઈ પટેલજી ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ, મુંબઈ—અમદાવાદ વંદે ભારત ટ્રેનને ભરૂચ અથવા અંકલેશ્વર ખાતે સ્ટોપેજ આપવા અંગેની માંગણી પણ માનનીય રેલવે મંત્રીશ્રી સમક્ષ રજૂ કરવામાં આવી છે. આ અંગે સંબંધિત અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે અને ટૂંક સમયમાં વંદે ભારતના સ્ટોપેજ અંગે પણ સકારાત્મક નિર્ણય થવાની આશા છે.

# સ્મીમેર હોસ્પિટલની ૨૫ વર્ષની ઉજવણીનો પ્રારંભ

## પ્રથમ દિવસે ૨,૧૯૨ દર્દીઓએ વિનામૂલ્યે સારવારનો લાભ લીધો




સુરત, તા.૧૩

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ દ્વારા સ્થાપનાનાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે તા. ૧૨થી ૧૭ ઓક્ટોબર દરમિયાન વિવિધ નિઃશુલ્ક નિદાન અને સારવાર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીના પ્રથમ દિવસે સ્તનપાન-પોષણ જાગૃતિ અને અંગદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં દર્દીઓએ નિઃશુલ્ક તપાસ, સારવાર અને માર્ગદર્શનનો લાભ લીધો હતો. કાર્યક્રમનો પ્રારંભ હોસ્પિટલ કમિટી ચેરમેન શ્રીમતી અલકાબેન પાટીલ દ્વારા અંબા માતાની આરતી સાથે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે હોસ્પિટલના આર.એમ.ઓ., નર્સિંગ સ્ટાફ તથા અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંગદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત પદ્મશ્રી ડો. નિલેશ માંડલેવાલાએ હોસ્પિટલના ડૉક્ટરો, નર્સિંગ સ્ટાફ અને પેરામેડિકલ સ્ટાફને અંગદાનનું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમણે અંગદાન અંગે પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી. આ ઉપરાંત હોસ્પિટલમાં આવતા દર્દીઓ અને તેમના સંબંધીઓમાં પણ અંગદાન અંગે જાગૃતિ ફેલાવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળરોગ વિભાગમાં ૧૨૮ બાળકોની તપાસ કરવામાં આવી હતી અને ૭૮ માતાઓને બાળકના યોગ્ય વિકાસ તથા સ્તનપાનના ફાયદા વિશે સમજ આપવામાં આવી હતી. મેડિસિન વિભાગમાં ૭૧ દર્દીઓની બ્લડપ્રેશર, ડાયાબિટીસ, હૃદયરોગ અને મેદસ્વીતા જેવી બીમારીઓ માટે તપાસ કરીને નિઃશુલ્ક સલાહ આપવામાં આવી હતી. ટીબી અને ચેસ્ટ વિભાગમાં ૪૭ દર્દીઓની શ્વાસોચ્છવાસ, ઉધરસ તથા ફેફસાં સંબંધિત સમસ્યાઓ માટે તપાસ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ તમાકુ અને ધૂમ્રપાનના દુષ્પ્રભાવ અંગે પણ જાગૃતિ ફેલાવવામાં આવી હતી. માનસિક સ્વાસ્થ્ય વિભાગ દ્વારા ૬૭ લોકોને માનસિક તણાવ, ચિંતા અને માનસિક સ્વસ્થતા અંગે નિષ્ણાત તબીબો દ્વારા કાઉન્સેલિંગ સેવા પૂરી પાડવામાં આવી હતી.

# દત્તક લેવાયેલા બાળક અંગે કોટનો મહત્વનો ચૂકાદો

## દત્તક લેનારને બાળકીના વાલી તરીકે જાહેર કરતી અદાલત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩

સુરત કોર્ટ દ્વારા મુસ્લિમ દંપતી દ્વારા દત્તક લેવાયેલી બાળકીના વાલીપણા સંદર્ભે એક મહત્વપૂર્ણ હુકમ કરવામાં આવ્યો હતો.

સુરતમાં રહેતા વ્હોરા દંપતીને લગ્નના લાંબા સમય બાદ પણ સંતાન ન થતાં પરિચિત દંપતીની પુત્રીને ડિસેમ્બર ૨૦૨૦માં સબ-રજિસ્ટ્રાર કચેરી ખાતે રજિસ્ટર્ડ દત્તક વિધાન કરીને દત્તક લીધી હતી. ત્યારથી તેઓ બાળકીના ભરણપોષણ, શિક્ષણ અને સારસંભાળની તમામ જવાબદારી નિભાવી રહ્યા હતા. બાળકીના કાયદેસરના વાલી તરીકે જાહેર થવા માટે વ્હોરા દંપતીએ કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો, જેમાં પ્રતિવાદી દંપતીએ પણ સંમતિ દર્શાવી હતી. કોર્ટે મુસ્લિમ કાયદા હેઠળ ’કફાલા’ની જોગવાઈઓને ધ્યાને રાખી અવલોકન કર્યું કે, મુસ્લિમ કાયદામાં બાળકની મૂળ અટક કે ઓળખ બદલી શકાતી નથી, પરંતુ બાળક સંભાળ અને સુરક્ષા મેળવવા હક્કદાર છે. આથી, કોર્ટે વાદીઓનો દાવો અંશતઃ મંજૂર રાખીને, દત્તક લેખના આધારે વાદીઓને બાળકીના કાયદેસરના દેખરેખ અને સારસંભાળ રાખનાર વાલી તરીકે જાહેર કરતો આદેશ આપ્યો હતો. વાદી તરીકે વકીલ ઈમરાન આઈ શેખ અને પ્રતિવાદી તરફે વકીલ જયેશ રાણા હતા.

# ચેક રીટર્ન કેસમાં કિરણ વણકરને છ માસની સજા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩

અડાજણના રાજ શાહ પાસેથી લીધેલા નાણાની ચુકવણી પેટે આપેલ ૨.૨૨ લાખના ચેક રિટર્ન કેસમાં પાલના ૩૬૦ કાર કેર એન્ડ મોડીફીકેશનના કિરણ વણકરને કોર્ટે ૬ મહિનાની જેલની સજા ફટકારી હતી. અડાજણ પાટીયા મકનજી પાર્ક ચેતન એપાર્ટમેન્ટમાં રહેતા રાજ સંજય શાહે પાલ રાજહંસ કેમ્પસની પાછળ સંજીવ કુમાર ઓડિટોરિયમની પાસે આવેલ ૩૬૦ કાર કેર એન્ડ મોડીફીકેશનના ઓથોરાઈઝ સિગ્નેટરી કિરણ રમણ વણકર(રહે શારદા રો હાઉસ સેવન સ્ટાર સ્કૂલની પાછળ એલપી સવાણી કેનાલ રોડ) વિરુદ્ધ વકીલ સ્વાતિ મહેતા મારફતે ચેક રિટર્નની કોર્ટમાં ફરિયાદ કરી હતી. રાજ શાહે ફરિયાદ કરી હતી કે, કિરણ વણકરે તેમની પાસેથી કાર અને એસેસરીઝના ધંધા અર્થે માલ સ્ટોક કરવા માટે તાકીદે પૈસાની જરૂર છે તેમ કહી ૩ લાખ હાથ ઉછીના માગ્યા હતા. જેથી રાજ શાહે ભરોસો કરી ૩ લાખ ચૂકવ્યા હતા. દરમિયાન વારંવાર માંગણી બાદ બાકી નીકળતા રૂપિયા ૨.૨૨ લાખ પેટે કિરણએ ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થયો હતો. જેથી કિરણ સામે રાજ શાહે કાનૂની લડત શરૂ કરી હતી. કોર્ટે આ ચેક રિટર્નના કેસમાં કિરણને છ માસની કેદની સજા અને ચેકની રકમ વળતર પેટે ચૂકવી આપવા પણ હુકમ કર્યો હતો.

### હોજી દેસાઈને એક વર્ષની કેદની સજા

અડાજણ પાટીયા ધનમોરા કોમ્પલેક્ષમાં રહેતા નિકુલ રમેશચંદ્ર શાહ પાસેથી હોની કિશોર દેસાઈ (રહે. ૨૦૩, સંગીતા શરીતા એપાર્ટમેન્ટ, અમિધારાવાડી રોડ, ન્યુ રાંદેર રોડ, સુરત)એ હાથઉછીના રૂ. ૪,૭૦,૦૦૦ લીધા હતા. આ રકમની ચૂકવણી માટે હોની દેસાઈએ ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતા વકીલ સ્વાતિ મહેતા મારફતે ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. કોર્ટે હોની દેસાઈને એક વર્ષની સજા અને ચેકની રકમ ચૂકવવા આદેશ કર્યો હતો.

### રાહુલ ગંધીએ
પહેલા પાનાનું ચાલુ

પ્રતિસાદ આપ્યો ન હતો.તે વચ્ચે કોકરોચ જનતા પાર્ટીએ આજે ફરી આંદોલન શરૂ કરવાનો પ્રયાસ પણ નિષ્ફળ બનાવાયો છે તો બીજી તરફ ગઈકાલે સુપ્રીમ સુધી કુચ કરનાર વિપક્ષની આજે ફરી બેઠક મળી રહી છે. રાહુલ ગાંધીએ આંદોલન ચાલુ રાખવા જાહેરાત કરી છે તેથી તેઓ હવે કઈ રીતે આંદોલન કરે છે તેના પર નજર છે.

### વિપક્ષી દળોએ સુપ્રિમ
પહેલા પાનાનું ચાલુ

હુલ ગાંધી અને અન્ય ઘણા વિપક્ષી નેતાઓ સોમવારે અરજી દાખલ કરવા માટે સુપ્રીમ કોર્ટ સુધી કૂચ કરીને પહોંચ્યા હતા. અરજીમાં નિવૃત્ત સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની અધ્યક્ષતામાં એક સ્વતંત્ર સમિતિ બનાવવાની માંગ કરવામાં આવી છે. તેમાં તકનીકી નિષ્ણાતો અને પ્રતિષ્ઠિત નાગરિકોને પણ સામેલ કરવાની માંગ છે.અરજીમાં કહેવામાં આવ્યું છે કે આ સમિતિ નિર્ધારિત સમયમર્યાદામાં SIR દરમિયાન મતદાર યાદીમાંથી દૂર કરાયેલા નામો અને કરવામાં આવેલા ફેરફારોનું સ્વતંત્ર ઓડિટ કરે.

આજે રાહુલના ઘરે વિપક્ષી સાંસદોની ચા પર ચર્ચા આગળની રણનીતિ નક્કી કરવા માટે રાહુલે મંગળવારે સાંજે તમામ વિપક્ષી સાંસદોને પોતાના સુનહરી બાગ રોડ સ્થિત ઘરે ચા માટે બોલાવ્યા છે. આ દરમિયાન મતચોરી વિરુદ્ધ સંયુક્ત વિરોધ-પ્રદર્શનની રણનીતિ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમરના રાજીનામાની માંગ પર ચર્ચા થવાની અપેક્ષા છે.

સૂત્રોએ જણાવ્યું કે ’હાઈ ટી’ બાદ વિરોધ-પ્રદર્શન અથવા સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ પણ થઈ શકે છે, પરંતુ આ યોજનાની માહિતી હજુ ગુપ્ત રાખવામાં આવી છે.

### તા.૧૫ મીથી
પહેલા પાનાનું ચાલુ

અનu PNG બિલ પર પણ આ જ દર લાગું પડે છે. વળી, મ્યુચ્યુઅલ ફંડ, સિક્યોરિટીઝ અને સ્ટોકબ્રોકર સાથે જોડાયેલા પેમેન્ટ પર ૦.૦૨ ટકા MDR લાગશે, જેની મહત્તમ સીમા ૩૦૦ રૂપિયા છે. જ્યારે યુટિલિટી બિલ, OTT સબસ્ક્રિપ્શન અને નિયમિત રોકાણના UPI ઓટોપે મેન્ડેટ પર કોઈ MDR લાગું થશે નહી.

NPCI ના જણાવ્યાં મુજબ, સામાન્ય ક્રેડિટ કાર્ડ પર મર્ચન્ટ ચાર્જ આશરે ૧.૫ ટકાથી ૨.૫ ટકા હોઈ શકે છે, જ્યારે ડેબિટ કાર્ડ પર ૦.૯૦ ટકા સુધી હોય છે. બીજી તરફ, સામાન્ય UPI MDR ૦.૪ ટકા છે અને ૩૦૦ રૂપિયાની મહત્તમ મર્યાદા પણ છે. એટલે કે હજુ પણ UPI નો મર્ચન્ટ ચાર્જ ક્રેડિટ કાર્ડના મુકાબલે ઓછો છે. જો UPI પેમેન્ટ સીધા બેંક એકાઉન્ટથી કરવામાં આવે તો ૨,૦૦૦ થી વધુના સામાન્ય મર્ચન્ટ પેમેન્ટ પર ૦.૪ ટકા સ્ફઇ લાગશે. પરંતુ UPI સાથે લિંક કરેલા પે ક્રેડિટ કાર્ડથી કરવામાં આવેલું પેમેન્ટ આ દાયરામાં આવશે નહી. પ્લુટોસ વનના ફાઉન્ડર અને સીઈઓ રોહિત મહાજન કહે છે કે UPI પેમેન્ટ પર સ્ફઇ લગાવવાના નિર્ણયથી સામાન્ય માણસનાં રોજિંદા જીવન પર કોઈ મોટી અસર પડવાની નથી. નાના પેમેન્ટ કરવાની રીત પહેલાં જેવી જ રહેશે.

એટલા માટે ન તો ગભરાવાની જરૂર છે અને ન તો પેમેન્ટ કરવાની પદ્ધતિ બદલવાની જરૂર છે. દુકાનદારો માટે પણ આ ચાર્જ એટલો વધારે નથી કે તેઓ રોકડ (કેશ) સાચવવાની અને છુટ્ટા પૈસાની ઝંઝટમાં ફરીથી ફસાય.

### મુસ્લિમ બહુમતી
પહેલા પાનાનું ચાલુ

છે. સ્થાનિક મીડિયા અનુસાર, ઓછામાં ઓછી બે શાળાઓમાં વિદ્યાર્થીઓએ વર્ગોનો બહિષ્કાર કર્યો.

સોશિયલ મીડિયા પર કેટલાક વીડિયો પણ સામે આવ્યા છે, જેમાં શાળામાં પ્રવેશથી રોકવામાં આવતાં વિદ્યાર્થિનીઓ પોતાની શિક્ષિકાઓને ભેટીને રડતી જોવા મળી રહી છે.

શિક્ષિકા જહરા હસાનોવાએ અલ જઝીરાને જણાવ્યું કે તેમને શાળામાં હિજાબ પહેરીને આવવાની મંજૂરી ન હોવાની જાણ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે હિજાબ પહેરવો વ્યક્તિગત નિર્ણય છે અને તેને પહેરવો કે ઉતારવો એ વ્યક્તિની પોતાની પસંદ હોવી જોઈએ.

### ફ્રાન્સમાં સાયબર
પહેલા પાનાનું ચાલુ

કરોડો યુરોનું નુકસાનફ્રાન્સની એક મોટી રિટેલ કંપની ઈન્ટરમાર્શેના ઝઈં થિયરી કોટિયારે જણાવ્યું કે એક જ દિવસમાં દેશભરમાં નુકસાન કરોડો યુરો સુધી પહોંચી શકે છે. સમગ્ર ઉદ્યોગના સ્તરે થયેલા નુકસાનનો હજુ સુધી કોઈ અંદાજ જાહેર કરવામાં આવ્યો નથી. ઈન્ટરમાર્શેએ એએફપીને જણાવ્યું કે અસરગ્રસ્ત સ્ટોર્સે તમામ તાજા અને ફ્રોઝન ઉત્પાદનો ફેંકી દેવા પડશે.

### ઈથિયોપિયન કાર્ગો
પહેલા પાનાનું ચાલુ

આ પછી પાઈલટને બદલી દેવામાં આવ્યો. નવા પાઈલટને ઈઝરાયલમાં ઉતરવાની મંજૂરી મળ્યા બાદ વિમાનને ફરીથી ત્યાં જવાનો માર્ગ મોકળો થયો.

આ ઘટના તે હુમલાના બે અઠવાડિયા બાદ બની છે, જેમાં દુબઈથી તેલ અવિવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટમાં ઓમાનના એક પાઈલટે પોતાના સહ-પાઈલટ પર ચાકુથી હુમલો કર્યો હતો. અહેવાલો મુજબ, હુમલાખોર વિમાનને ઈઝરાયલના બેન ગુરિયન એરપોર્ટ પર તોડી પાડવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

જોકે, અનેક મુસાફરોએ વચ્ચે આવીને તેને રોકી દીધો અને વિમાનનું સાઉદી અરેબિયાના તબુક એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું.

### અંકલેશ્વરની
પેજ-૨ પાનાનું ચાલુ

પટેલ સેવા સમાજ, સુરતના પ્રમુખ કાનજી ભાલાળા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળામાં અભ્યાસ કરતા બાળકોએ શક્તિના પ્રતીક સમાન તેમની માતાનું પૂજન કરી આશિર્વાદ ગ્રહણ કર્યા હતા.માતૃપૂજનના માધ્યમથી વિદ્યાર્થીઓએ પોતાની માતા પ્રત્યે પ્રેમ, આદર અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી.કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોમાં બાળપણથી જ માતૃઋણની ભાવના જાગૃત કરવાનો અને માતા-પિતાના સન્માન તથા ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનું જતન કરવાનો હતો.આ પ્રસંગે શાળાનાં સંકુલ નિયામક, આચાર્યા દીપ્તિ ત્રિવેદી, રૂપા નેવે તથા શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

### માતોશ્રી ચેરીટેબલ
પેજ-૨ પાનાનું ચાલુ

માતાજીની આરાધના સાથે શરૂ થયેલા આ મહોત્સવે નવરાત્રીના પ્રથમ દિવસે જ ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ જગાવ્યો હતો.આ મંગલમય પ્રસંગે માતોશ્રી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ સંદીપ પટેલ અને સભ્યો તેમજ , રોટરી ક્લબના પ્રમુખ સુનિલ નાડકર્ણી સહીતના હોદ્દેદારો અને ખેલૈયાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.કેકુ

# મહુવા અને અંબિકા તાલુકામાં વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરાયું

સુરત, તા.૧૩

ગ્રામીણ વિસ્તારોના સર્વાંગી વિકાસને વેગ આપવાના ઉદ્દેશથી ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના હસ્તે મહુવા અને અંબિકા તાલુકા મળી અંદાજીત રૂ.૧૬ કરોડથી વધુના ખર્ચે વિવિધ રસ્તાના વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું હતું. જેમાં મહુવા અને અંબિકા તાલુકાના કુકણા, ડુંગરી, વાંસકુઈ, ઉમરા, કુમકોતર, લસણપુર, ગાંગડીયા અને વહેવલ સહિતના વિસ્તારોના ૨૧ જેટલા રોડ રસ્તાઓના કાર્યોનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, આ વિકાસકીય પ્રોજેક્ટ્સથી સ્થાનિક ગ્રામીણ રસ્તાઓની કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે. આ માર્ગો બનવાથી સ્થાનિક ગ્રામજનો, વિદ્યાર્થીઓ તેમજ ખેડૂતોને પોતાના દૈનિક પરિવહનમાં ખૂબ જ સરળતા રહેશે અને વિસ્તારના આર્થિક તથા સામાજિક વિકાસને પણ બળ મળશે. આ પ્રસંગે અંબિકા તા.પંચાયત પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન પટેલ, મહુવા તા.પંચાયત પ્રમુખશ્રી દેવેન્દ્રભાઈ પટેલ તેમજ સુરત જિ.પંચાયત સદસ્ય શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રીમતી હિનાબેન પટેલ, શ્રીમતી રમિલાબેન પટેલ અને શ્રી હેમંતભાઈ પટેલ સહિતના સ્થાનિક પદાધિકારીઓ અને આગેવાનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 299-300/ Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
મંગળવાર, તા.૧૩ ઓક્ટોબર ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫






**યશ્વી નવરાત્રી મહોત્સવ :** વેસુ-ભરથાણા સ્થિત સી.બી. પટેલ સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ પર યશ્વી ગૃપ દ્વારા નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજનકરવામાં આવ્યું છે ગરબા મહોત્સવના આયજક પરેશ ખંડેવાલ દંપતિ દ્વારા માતાજીની આરતી રાસ ગરબાનો આરંભ કરાયા બાદ ગી-સંગી સાથે રાસ ગરબાની રમઝટમાં ખેલૈયાઓ મન ભરીને રંગત પાણી રહ્યા છે. પ્રખ્યાત ગાયિકા પૂર્વા મંત્રી દ્વારા ગઈકાલે બીજા નોરતે ગીત સંગીતના તાલે ઝૂલાવી મંત્રમુગ્ધ કરી દીધા હતા. (તસવીર : પ્રદીપ ગોહિલ)

# સરસાણા ખાતેના ઓજી નવરાત્રીમાં લઘુમતી બાઉન્સરોના મુદ્દે બજરંગ દળનો હોબાળો

## ચાર-પાંચ લઘુમતી સમાજના બાઉન્સરોને તાકીદે પોલીસને સોંપી દેવાયા

**સુરત,તા.૧૩**

સુરતના સરસાણા સ્થિત AC ડોમ ખાતે ચાલી રહેલા 'OG નવરાત્રિ' ગરબા મહોત્સવમાં મોડી રાત્રે બજરંગ દળના કાર્યકરો દ્વારા હોબાળો મચાવવામાં આવ્યો હતો. ગરબામાં સુરક્ષા વ્યવસ્થા માટે તહેનાત કરાયેલા બાઉન્સરો પૈકી લઘુમતી સમાજ બાઉન્સરો હોવાની માહિતી મળતાં જ સંગઠનના કાર્યકરો સ્થળ પર પહોંચી ગયા હતા અને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. ઘટનાની ગંભીરતાને જોતાં તાત્કાલિક સ્થાનિક અલથાણ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.




બજરંગ દળના કાર્યકરોને માહિતી મળી હતી કે, ગરબા પંડાલમાં સુરક્ષાનું કામ સંભાળી રહેલા બાઉન્સરો પૈકી પાંચથી છ જેટલા બાઉન્સરો (જેમાં મહિલા બાઉન્સર પણ સામેલ હતી) લઘુમતી સમાજના હતા. આ બાઉન્સરોએ પોતે OG નવરાત્રિમાં સિક્યુરિટી કરી રહ્યા હોવાનો વીડિયો પણ સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો હતો. આ બાબત સામે આવતાં જ બજરંગ દળના જિલ્લા અને સ્થાનિક કાર્યકરો તાત્કાલિક ડોમ પર પહોંચી ગયા હતા.

આ સમગ્ર મામલે બજરંગ દળના સહસંયોજક અભિષેક રાજપૂતે જણાવ્યું કે, અમારા કાર્યકરોને બાતમી મળી હતી કે સરસાણા ડોમ ખાતે બાઉન્સરો અન્ય ધર્મના છે. મેસેજ મળતાં જ કાર્યકરો ત્યાં પહોંચ્યા હતા અને પાંચ-છ જેટલા બાઉન્સરોને પકડી તાત્કાલિક પોલીસને સોંપી દેવામાં આવ્યા છે. અમે સ્પષ્ટ જણાવી દીધું છે કે, હિન્દુઓના પવિત્ર ગરબા મહોત્સવમાં આ પ્રકારની સિક્યુરિટી એજન્સી અમને મંજૂર નથી.

અભિષેક રાજપૂતે વધુમાં જણાવ્યું કે, અલથાણ પોલીસ દ્વારા સમગ્ર મામલે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે સમગ્ર વિવાદ અંગે ચર્ચા કરવા માટે આજે બજરંગ દળના આગેવાનો સાથે બેઠક બોલાવી છે.

# ગાંધીનગરની ચૂંટણીમાં ૪૪ બેઠકો પૈકી ૩૮ બેઠકો પર ભાજપનો ભવ્ય વિજય

## વોર્ડ ૬માં કોંગ્રેસની પેનલ જીતી, અપક્ષને ફાળે એક બેઠક

**ગાંધીનગર,તા.૧૩**

ગાંધીનગર મહાનગર પાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠક પરનું ચૂંટણી પરિણામનું સ્પષ્ટ થઈ ગયું છે. ભાજપની ૩૮, કોંગ્રેસની ૫ અને અપક્ષની ૧ બેઠક પર જીત થઈ છે. આ વખતની ચૂંટણીમાં સરેરાશ ૫૯.૨૫% મતદાન નોંધાયું, જેમાં કુલ ૨,૫૯,૯૮૫ નોંધાયેલા મતદારોમાંથી ૧,૫૪,૦૪૫ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

ચૂંટણીના પરિણામમાં ભાજપે મોટાભાગના વોર્ડમાં પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. વોર્ડ નંબર ૧, ૩, ૪, ૫, ૮, ૯, ૧૦ અને ૧૧ માં ભાજપે તમામ ૪-૪ બેઠકો પર જીત મેળવીને ક્લીન સ્વીપ કર્યું છે. વોર્ડ નંબર ૨માં ભાજપને ૩ બેઠકો મળી છે અને ૧ બેઠક પર અપક્ષ ઉમેદવારનો વિજય થયો છે. જ્યારે વોર્ડ નંબર ૭માં ભાજપને ૩ બેઠકો અને કોંગ્રેસને ૧ બેઠક મળી છે. આ પરિણામોમાં સૌથી મોટો ઉલટફેર વોર્ડ નંબર ૬માં જોવા મળ્યો છે, જ્યાં કોંગ્રેસે તમામ ૪ બેઠકો પર જીત મેળવીને ક્લીન સ્વીપ કર્યું છે અને ભાજપને એક પણ બેઠક મળી નથી.

વોર્ડ નંબર ૧૧નાં કોંગ્રેસનાં ઉમેદવાર જયોત્સનાબેન સોલંકીએ મહિલા અનામત બેઠક પર ચૂંટણી પ્રક્રિયા અંગે સવાલો ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યું કે, જનરલ કેટેગરીની મહિલા બેઠક પર તેમણે ટિકિટ મેળવી ચૂંટણી લડી હતી. મહિલાઓ પુરુષોની બેઠક પર ચૂંટણી લડી શકે છે, પરંતુ પુરુષો મહિલા અનામત બેઠક પર ચૂંટણી લડી શકે નહીં. મહિલાની બેઠક પર મહિલાને જ વિજેતા જાહેર કરવાની માગ સાથે તેમણે કલેક્ટરને રજૂઆત કરી હતી, પરંતુ હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હોવાનો આક્ષેપ કર્યો છે. ભાજપના ઉમેદવારને ૯ હજાર મત મળ્યાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

# નહેર પાસે માછલી વેચવાના ઝઘડામાં ત્રણને માર મરાયો

## ત્રણ પર હુમલો કરી ચાર યુવાનો ભાગી ગયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

ઓલપાડ તાલુકાના કારેલી ગામની સીમમાં નંદની ઈન્ડસ્ટ્રિયલ પાર્ક પાસે નહેર નજીક માછલી વેચવા બાબતે થયેલા ઝઘડામાં બે ભાઈ સહિત ત્રણ જણાને માર મારવામાં આવ્યો હતો. આ મામલે ઓલપાડ પોલીસે દીપક અને તેના દ્વારા બોલાવવામાં આવેલા ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો છે.

પોલીસ ફરિયાદ મુજબ, કારેલી ગામમાં રહેતા અને માછલી વેચવાનો વ્યવસાય કરતા જીતેન્દ્ર મહંતો તથા તેમના ભાઈ ગોવિંદ સાથે ગત ૧૦ ઓક્ટોબરે સાંજે સવા છ વાગ્યાના અરસામાં માછલી વેચવા બાબતે દીપક સાથે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ દીપકે ફોન કરીને ત્રણ અજાણ્યા શખ્સોને બોલાવ્યા હતા.

આ શખ્સોમાંથી એકે જીતેન્દ્રના ભાઈ સાહેબની ડાબી આંખની નીચે લાકડાનો ફટકો મારી ઈજા પહોંચાડી હતી, જ્યારે અન્ય એક શખ્સે ગોવિંદને ગડદાપાટુનો માર મારી નીચે પાડી દીધા હતા. આ દરમિયાન ગોવિંદને મોઢા અને માથાના ભાગે સામાન્ય ઈજાઓ થઈ હતી. ઝપાઝપીમાં જીતેન્દ્રને પણ માથાના ભાગે સામાન્ય ઈજા થઈ હતી. એક શખ્સે જીતેન્દ્ર તરફ છૂટી ઈંટ પણ ફેંકી હતી. તમામ શખ્સોએ ભેગા મળી જાહેરમાં ગાળાગાળી કરી અપમાનિત કર્યા હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે.

આ મામલે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કારખાનેદારને ધમકાવતા યુનિયન લીડર દુબે વિરૂદ્ધ ખાંડણીનો ગુનો

## આત્માનંદ ઈન્ડસ્ટ્રીઝના વેપારી દિપક શુકલને ધમકી આપી અજય દુબેએ રૂા.૧૦ હજાર પડાવી લીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૩**

સુરતઃ શહેરના ખટોદરા વિસ્તારમાં વેપારી પાસે રૂ. ૫૦ હજારની ખંડણી માગી રૂ. ૧૦ હજાર પડાવી લેવા અને વેપારી સહિત તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.પોલીસ ફરિયાદ મુજબ, અલથાણ વિસ્તારમાં સુમન ભાર્ગવ આવાસમાં રહેતા અને બમરોલી રોડ પર શ્રી આત્માનંદ સોસાયટી ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં દુકાન ધરાવતા વેપારી દીપક સુશીલકુમાર શુકલાએ અજય ધનસુખભાઈ દુબે અને તેના અજાણ્યા સાગરિતો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપીઓએ વેપારી પાસે રૂ. ૫૦ હજારની ખંડણી માગી હતી અને ધાકધમકી આપી રૂ. ૧૦ હજાર પડાવી લીધા હતા. આ ઉપરાંત વેપારી અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીઓએ વેપારીને બિભત્સ ગાળો આપી સમાજમાં તેની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હોવાનો પણ આક્ષેપ છે.

આ અંગે વેપારીએ પોતાના મિત્રો ક્રિષ્ણા મોર્યા અને જયપ્રકાશ સહિત અન્ય લોકો સાથે ખટોદરા પોલીસ મથકે પહોંચીને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજય દુબે અને તેના સાગરિતો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કતારગામના કાપડ વેપારી સાથે રૂપિયા ૨૯.૫૭ લાખની છેતરપિંડી

## સિલ્વર ટેક્ષના સંચાલકે ગ્રે કાપડનું પેમેન્ટ નહીં ચૂકવતાં વેપારીની ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

શહેરના કતારગામ વિસ્તારમાં ગ્રે કાપડના વેપાર દરમિયાન રૂ. ૨૯.૫૭ લાખનું પેમેન્ટ નહી ચૂકવવામાં આવતાં વેપારી સાથે વિશ્વાસઘાત થયાની ફરિયાદ નોંધાઈ છે. આ મામલે કતારગામ પોલીસે સિલ્વર ટેક્ષના પ્રોપરાઈટર એઝાઝ હનીફભાઈ તાઈ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૬(૫) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, ફરિયાદી જીજ્ઞેશ અશોકકુમાર ખાણીયા (ઉં.વ. ૪૦), રહે. અડાજણ, સુરત, વેપાર સાથે સંકળાયેલા છે. ફરિયાદી અને તેમના સંબંધીઓની ગ્રે કાપડ બનાવવાની ફેક્ટરી સાયણના દેલાડ પાટિયા સ્થિત પટેલ ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટમાં આવેલી છે, જ્યારે તેમની ઓફિસ કતારગામની જૂની જી.આઈ.ડી.સી.માં પ્લોટ નંબર ૧૭૬ ખાતે આવેલી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, તા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫થી તા. ૨ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન ફરિયાદી અને તેમના સંબંધીઓએ અલગ-અલગ પેઢીઓ મારફતે સિલ્વર ટેક્ષને કુલ રૂ. ૨૯,૫૭,૩૪૪ની કિંમતનો ગ્રે કાપડનો માલ મોકલાવ્યો હતો. જોકે, માલ મોકલ્યા બાદ નક્કી કરેલી શરતો મુજબનું પેમેન્ટ નહી ચૂકવાતાં વેપારી સાથે વિશ્વાસઘાત થયાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ અંગે ફરિયાદ નોંધાતાં કતારગામ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અડાજણના બે બુટલેગરોના જામીન મંજૂર કરતી અદાલત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

અડાજણ વિસ્તારમાં મહાદેવ નગર કોલોની ખાતેથી બિનઅધિકૃત વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપાવાના પ્રકરણમાં બે આરોપીના અદાલતે જામીન મંજૂર કર્યા હતા. આ કેસની વિગત મુજબ, અડાજણ પોલીસે ૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ દરોડો પાડીને કુલ રૂ. ૩,૧૨,૨૬૪ની મત્તાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો, જેમાં રૂ. ૩૫,૬૧૪ની કિંમતની ૧૦૦૮ વિદેશી દારૂની બોટલો અને બીયરના ટીન મળી આવ્યા હતા. આ મામલે પોલીસે પ્રોહિબિશનનો ગુનો દાખલ કરી આરોપી દીપક અમરસિંહ કોલી અને રૂત્વિક પ્રમોદભાઈ નાયકાની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા.આ બન્ને આરોપીઓએ કોર્ટમાં જામીન અરજી કરી હતી. પી.એસ. જાની દ્વારા દલીલ થઈ હતી કે ફરિયાદીએ ખોટી રીતે દ્વેશભાવ રાખી આરોપીઓનું નામ ફરિયાદમાં લખાવેલ છે. આરોપીઓ પોતે દારૂ ખરીદ કે વેચાણ કરતા માલુમ પડેલ હોય તેવુ નથી. આ ગુનાના મુદ્દામાલ સાથે અરોપીઓને કંઇ લેવાદેવા નથી તથા તેઓ પાસેથી કોઈ મુદ્દામાલ જમા કરવાનો બાકી રહેતો નથી. બન્ને પક્ષની દલીલો ધ્યાને લીધા બાદ કોર્ટે બન્નેને શરતી જામીન આપ્યા હતા.

# ડો. હર્ષ પંડ્યા આપઘાત કેસમાં વધુ એક ડો. મહેશ્વરીની ધરપકડ

**સુરત, તા.૧૩**

સુરત નવી સિવિલ હોસ્પિટલના ડોક્ટર હર્ષ પંડ્યા આપઘાત કેસમાં પોલીસે વધુ એક આરોપી ડોક્ટરની ધરપકડ કરી છે. આરોપી ડોક્ટર અનુજ મહેશ્વરીને પોલીસે દબોચી લીધો છે. આ ઉપરાંત કેસમાં સંડોવાયેલા અન્ય એક ડોક્ટર નિરાલીને ધરપકડ કરવા માટે પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. જ્યારે બે દિવસ પહેલા ખટોદરા પોલીસે ડોક્ટર દિક્ષીતા ઘેવરિયા અને ડોક્ટર હિના ભૂતની ધરપકડ કરી હતી.

ACP ઝેડ.આર. દેસાઈએ જણાવ્યું હતું કે, સુરત સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી હોસ્ટેલમાં ૮ ઓગસ્ટની મધ્યરાત્રિએ ડૉ. હર્ષ પંડ્યાએ આત્મહત્યા કરી હતી. આ મામલે ફેક્ટ-ફાઈન્ડિંગ અને મેડિકલ કમિટીના રિપોર્ટમાં પ્રાથમિક દ્રષ્ટિએ રેગિંગ થયું હોવાનું સામે આવ્યું હતું. તેના આધારે મૃતકના પિતાએ ૧૫ ઓગસ્ટના રોજ એટ્રોસિટી અને દુષ્પ્રેરણનો ગુનો નોંધાવ્યો હતો.

પોલીસે આ ગુનાની તપાસ હાથ ધરી કેસમાં સંડોવાયેલા કુલ ચાર આરોપી પૈકી બે મહિલા આરોપી દિક્ષિતા ઘેવરિયા અને હીના ભૂતની ધરપકડ બે દિવસ પહેલા જ કરી હતી. રેગિંગ કમિટીના અહેવાલ મુજબ બંનેનો ભોગ બનનારને ત્રાસ આપવામાં અને દુષ્પ્રેરણા કરવામાં સક્રિય રોલ હતો. આ બંને આરોપીઓને કાયદાકીય સમયમર્યાદામાં કોર્ટસમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

# ઘલા ગામની જમીનનો કબજો જમાવી મારી નાખવાની ધમકી

## જમીન માલિકના વારસદારે વટીવટદારને જમીન પર પ્રવેશ કરવા દેવાયો નહીં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

કામરેજ તાલુકાના ઘલા ગામની સીમમાં આવેલી જમીનના કબજાને લઈને વિવાદ સામે આવ્યો છે. જમીનના કાયદેસરના વારસદારો વતી કબજો મેળવવા પહોંચેલા ફરિયાદીને જમીનમાં પ્રવેશવા ન દઈ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતાં કામરેજ પોલીસ મથકમાં જમીન પચાવી પાડવા સંબંધિત કાયદા હેઠળ ગુનો નોંધાયો છે.

પોલીસ ફરિયાદ મુજબ, ઘલા ગામની સીમમાં બ્લોક નંબર ૬૬૭, સર્વે નંબર ૭૩૫, હિસ્સા નંબર ૧ની જમીન વર્ષ ૨૦૦૮માં સાબેરાબીબી ઐયુબખાન પઠાણ પાસેથી સકીનાબીબી વઝીરખાન પઠાણે ખરીદી હતી. આ વેચાણ દસ્તાવેજ ૨૮ માર્ચ, ૨૦૦૮ના રોજ સબ રજિસ્ટ્રાર કચેરીમાં નોંધાયો હતો. ત્યારબાદ જમીનની દેખરેખ માટે આરોપી હુઝૈફાખાન ઐયુબખાન પઠાણને જવાબદારી સોંપવામાં આવી હતી.

જોકે, ૮ સપ્ટેમ્બર, ૨૦૦૯ના રોજ સકીનાબીબીનું અવસાન થતાં તેમના વારસદારો જમીનના માલિક બન્યા હતા. વારસદારો હાલ દક્ષિણ આફ્રિકામાં રહેતા હોવાથી તેમણે જમીનનો વહીવટ કરવા અને કબજો મેળવવા માટે ઘલા ગામના વેપારી મોહસીનખાન ઈબ્રાહીમ પઠાણને પાવર ઓફ એટર્ની આપ્યો હતો.

ફરિયાદી જમીનનો કબજો લેવા પહોંચ્યા ત્યારે આરોપીએ જમીન તેની માતાની હોવાનું કહી પ્રવેશવા દીધા નહોતા. ઉપરાંત, જમીનમાં પ્રવેશ કરનારને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.આ મામલે કામરેજ પોલીસે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ, ૨૦૨૦ની કલમ ૩, ૪(૧), ૪(૩), ૫(ગ) તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫૧(૩) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


## પશ્ચિમ રેલવે

### પાર્સલ એસએલઆર/વીપીના લીઝિંગ કરાર માટે ઈ-હરાજી

મુંબઈ ડિવિઝનથી ઉપડતી ટ્રેનોમાં પાર્સલ એસએલઆર ભાડે આપવાના કરાર માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવી છે. કેટલોક આઈઆરઈપીએસ વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત થઈ ગયો છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે.

કરારનો પ્રકાર : પાર્સલ, શ્રેણીઃ પાર્સલ એસએલઆર, કરારનો સમયગાળો ૩ વર્ષ

| ૧. હરાજી સુચિ નંબર : MMCT-PLS-26-82 | |
|---|---|
| લોટ નં. | |
| 21901-SLR-F1-BDTS-BME-26-1 | 20943-SLR-F1-BDTS-BGKT-26-1 |
| 20163-SLR-F1-BDTS-JBP-26-1 | 22444-SLR-R1-BDTS-CNB-26-2 |
| 20163-SLR-F2-BDTS-JBP-26-1 | 19027-SLR-R1-BDTS-JAT-26-2 |
| 20163-SLR-R1-BDTS-JBP-26-1 | |

ઇ-હરાજીની તારીખ અને સમય : લોટ માટે ઈ-હરાજી ૧૩.૧૦.૨૦૨૬ના રોજ ૧૨.૦૦ કલાકે શરૂ થશે. પ્રારંભિક ઠંડકનો સમયગાળો ૩૦ મિનિટનો છે.

| ૨. હરાજી સુચિ નંબર : MMCT-PLS-26-83 | |
|---|---|
| લોટ નં. | |
| 22451-SLR-F1-BDTS-CDG-26-1 | 13426-SLR-R1-ST-MLDT-26-1 |
| 20961-SLR-R1-UDN-BNRS-26-1 | 22917-SLR-F1-BDTS-HW-26-2 |
| 13426-SLR-F1-ST-MLDT-26-1 | |

ઇ-હરાજીની તારીખ અને સમય : લોટ માટે ઈ-હરાજી ૧૪.૧૦.૨૦૨૬ના રોજ ૧૨.૦૦ કલાકે શરૂ થશે. પ્રારંભિક ઠંડકનો સમયગાળો ૩૦ મિનિટનો છે.

| ૩. હરાજી સુચિ નંબર : MMCT-PLS-26-84 | |
|---|---|
| લોટ નં. | |
| 09065-SLR-R1-ST-C PR-26-4 | 12936-SLR-F1-ST-BDTS-26-1 |
| | 12936-SLR-R1-ST-BDTS-26-1 |

કરારનો સમયગાળો : ૫ ટ્રિપ્સ, ઈ-ઓકશનની તારીખ અને સમય : લોટ માટે ઈ-ઓકશન ૧૫.૧૦.૨૦૨૬ના રોજ ૧૨.૦૦ કલાકે શરૂ થશે. પ્રારંભિક કુલિંગ સમયગાળો ૩૦ મિનિટનો છે.

| ૪. હરાજી સુચિ નંબર : MMCT-PLS-26-85 | |
|---|---|
| લોટ નં. | |
| 21901-SLR-R1-BDTS-BME-26-1 | 22971-SLR-F1-BDTS-PNBE-26-1 |
| 22909-SLR-F1-BL-PURI-26-1 | 12480-SLR-R1-BDTS-JU-26-1 |
| 22909-SLR-R1-BL-PURI-26-1 | 09085-SLR-R1-MMCT-INDB-26-2 |

કરારનો સમયગાળો : ૫ ટ્રિપ્સ, ઈ-ઓકશનની તારીખ અને સમય : લોટ માટે ઈ-ઓકશન ૨૨.૧૦.૨૦૨૬ના રોજ ૧૨.૦૦ કલાકે શરૂ થશે. પ્રારંભિક કુલિંગ સમયગાળો ૩૦ મિનિટનો છે.

| ૫. હરાજી સુચિ નંબર : MMCT-PLS-26-86 | |
|---|---|
| લોટ નં. | |
| 19003-SLR-F2-DDR-BSL-26-3 | 12247-SLR-R1-BDTS-NZM-26-1 |
| 22965-SLR-R1-BDTS-BGKT-26-1 | 22933-SLR-R1-BDTS-JP-26-1 |
| 14702-SLR-F1-BDTS-SGN R-26-4 | |

ઇ-હરાજીની તારીખ અને સમય : લોટ માટે ઈ-હરાજી ૨૩.૧૦.૨૦૨૬ના રોજ ૧૨.૦૦ કલાકે શરૂ થશે. પ્રારંભિક ઠંડકનો સમયગાળો ૩૦ મિનિટનો છે.

નોંધ : પાર્સલ એસએલઆર/વીપીએસના ઈ-હરાજીની વિગતો માટે કૃપા કરીને આ સાઈટની મુલાકાત લો. https://www.ireps.gov.in/ireps.html 0693

Like us on: facebook.com/WesternRly • Follow us on: X.com/WesternRly

## પશ્ચિમ રેલવે બાન્દ્રા ટર્મિનસ ⇌ ગોરખપુર અને ઉધના ⇌ જયનગર વચ્ચે અનારક્ષિત સ્પેશિયલ ટ્રેનો દોડાવશે

| ટ્રેન નં. | ક્યાંથી ક્યાં સુધી | સેવાની તારીખો | ઉપડશે | પહોંચશે |
|---|---|---|---|---|
| ૦૯૦૮૩ | બાન્દ્રા ટર્મિનસ-ગોરખપુર | ૧૮.૧૦.૨૦૨૬ અને ૨૫.૧૦.૨૦૨૬ | ૦૪.૩૦ કલાકે (રવિવાર) | ૧૯.૩૦ કલાકે (બીજા દિવસે) |
| ૦૯૦૮૪ | ગોરખપુર - બાન્દ્રા ટર્મિનસ | ૨૦.૧૦.૨૦૨૬ અને ૨૭.૧૦.૨૦૨૬ | ૨૨.૪૫ કલાકે (સોમવાર) | ૧૧.૧૫ કલાકે (બુધવાર) |

**રોકાણઃ** જતા આવતા આ ટ્રેન બોરીવલી, પાલઘર, વાપી, સુરત, વડોદરા, રતલામ, કોટા, સવાઈ માધોપુર, ઈદગાહ આગરા, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, ઐશબાગ, બારાબંકી, ગોંડા અને બસ્તી સ્ટેશનો પર થોભશે.

| ટ્રેન નં. | ક્યાંથી ક્યાં સુધી | સેવાની તારીખો | ઉપડશે | પહોંચશે |
|---|---|---|---|---|
| ૦૯૦૭૧ | ઉધના - જયનગર | ૧૮.૧૦.૨૦૨૬ અને ૨૫.૧૦.૨૦૨૬ | ૧૫.૪૫ કલાકે (રવિવાર) | ૧૧.૩૦ કલાકે (મંગળવાર) |
| ૦૯૦૭૨ | જયનગર - ઉધના | ૨૦.૧૦.૨૦૨૬ અને ૨૭.૧૦.૨૦૨૬ | ૧૩.૩૦ કલાકે (મંગળવાર) | ૦૮.૩૦ કલાકે (ગુરૂવાર) |

**રોકાણઃ** જતા આવતા આ ટ્રેન વડોદરા, રતલામ,નાગદા, ઉજ્જૈન, સંત હિરદારામ નગર,બીના, વિરાંગના લક્ષ્મીબાઈ, ગોવિંદપુરી, સુબેદારગંજ, પંડિત દિનદયાલ ઉપાધ્યાય, દાનાપુર, પાટલીપુત્ર, સોનપુર, હાજીપુર, મુઝફ્ફરપુર, સમસ્તીપુર, દરબંગા અને મધુબની સ્ટેશનો પર થોભશે.

| ટ્રેન નં. | ક્યાંથી ક્યાં સુધી | સેવાની તારીખો | ઉપડશે | પહોંચશે |
|---|---|---|---|---|
| ૦૯૦૭૩ | ઉધના - જયનગર | ૧૮.૧૦.૨૦૨૬ અને ૨૫.૧૦.૨૦૨૬ | ૦૯.૫૦ કલાકે (રવિવાર) | ૦૫.૩૦ કલાકે (મંગળવાર) |
| ૦૯૦૭૪ | જયનગર - ઉધના | ૨૦.૧૦.૨૦૨૬ અને ૨૭.૧૦.૨૦૨૬ | ૦૯.૦૦ કલાકે (મંગળવાર) | ૦૭.૩૦ કલાકે (ગુરૂવાર) |

**રોકાણઃ** જતા આવતા આ ટ્રેન વડોદરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, વિરાંગના લક્ષ્મીબાઈ, ગોવિંદપુરી, સુબેદારગંજ, પંડિત દિનદયાલ ઉપાધ્યાય, દાનાપુર, પાટલીપુત્ર, સોનપુર, હાજીપુર, મુઝફ્ફરપુર, સમસ્તીપુર, દરબંગા અને મધુબની સ્ટેશનો પર થોભશે.

**ઉપરની બધી ટ્રેનોનું બંધારણઃ** સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચિસ

ઉપરોક્ત ટ્રેન સ્પેશીયલ હોવાથી ભાડુ સ્પેશીયલ રહેશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

અમને લાઈક કરો facebook.com/WesternRly • અમને ફોલો કરો X.com/WesternRly